RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ અષાઢ સુદ -૯   ગુરૂવાર તા.૨૩-૦૭-૨૦૨૬   અંક : ૧૭૪ વર્ષ : ૨૧   jamnagar@aaspassaindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# યુવાનોના ભવિષ્ય સાથે રમત કરનારાઓને બક્ષવામાં નહીં આવે : મોદી

## દેશના યુવાનોનું ભવિષ્ય અને કલ્યાણ સરકારની પ્રાથમિકતા : પેપર લીકના તમામ આરોપીઓને કડક સજા આપવા ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવા પ્રધાનમંત્રીનો આદેશ

નવી દિલ્હી

નીટ પેપર લીક થયું તે પછી જંતર મંતર પર છેલ્લા કેટલાય દિવસોથી પ્રદર્શન ચાલી રહ્યું છે. આ દરમિયાન હિંસા થઈ હોવાની પણ તસવીરો પ્રકાશમાં આવી હતી. તેવામાં હવે પીએમ મોદીએ એક મોટી જાહેરાત કરી છે.



પેપર લીક મામલે જાહેરાત કરતા પીએમ મોદીએ આરોપીઓને કડકમાં કડક સજા આપવા માટે ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવાની જાહેરાત કરી દીધી છે. પીએમ મોદીએ એક્સ પર પોસ્ટ કરીને સત્તાવાર રીતે જાહેરાત કરી છે. આ સાથે પેપર લીક મામલે સંબંધિત વિભાગોને પણ કાર્યવાહી કરવા માટે પીએમ મોદીએ નિર્દેશ આપ્યો છે.

એક્સ પર પોસ્ટ કરતા પીએમ મોદીએ લખ્યું કે, યુવાનોના ભવિષ્ય સાથે રમત કરનાર કોઈપણને બક્ષવામાં આવશે નહીં. દેશના યુવાનોનું કલ્યાણ અને તેમનું ભવિષ્ય અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. પેપર લીકના તમામ કેસોમાં ગુનેગારોને વહેલી તકે કડકમાં કડક સજા થાય તે માટે કેસોના ઝડપી નિકાલ માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવામાં આવશે. આ અંગે સંબંધિત વિભાગોએ જરૂરી કાર્યવાહી સુનિશ્ચિત કરવાની સૂચના આપવામાં આવી છે. વિદ્યાર્થીઓના હિતોની સુરક્ષા માટે સરકાર દ્વારા લેવામાં આવી રહેલા નિર્ણયોની શ્રેણીમાં આ એક મહત્વપૂર્ણ પગલું છે.

પીએમ મોદીએ આ નિર્ણયને વિદ્યાર્થીઓના હિતમાં સરકાર દ્વારા લેવામાં આવી રહેલા શ્રેણીબદ્ધ પગલાંના ભાગ રૂપે વર્ણવ્યો છે. આ નિર્ણય વિદ્યાર્થીઓના હિતોનું રક્ષણ કરવા માટે સરકારના ચાલુ પ્રયાસોનો એક ભાગ છે. મૂળ વાત એ છે કે, યુવાનોના ભાવિ સાથે ખિલવાડ કરનારા તત્વોને પીએમ મોદીએ સાફ શબ્દોમાં ચેતવણી આપી છે કે, તેમને કોઈ પણ કાળે છોડવામાં આવશે નહી. એટલે હવે કાર્યવાહી કરવામાં આવશે તેવું લાગી રહ્યું છે.પેપર લીકના તમામ કેસોના ઝડપી નિકાલ અને દોષિતોને વહેલામાં વહેલી તકે કઠોરમાં કઠોર સજા સુનિશ્ચિત કરવા માટે સરકારે 'ફાસ્ટ ટ્રેક કોર્ટ'ની રચના કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. આ સંદર્ભે સંબંધિત વિભાગો અને અધિકારીઓને જરૂરી તમામ કાર્યવાહી ત્વરિત ધોરણે હાથ ધરવા માટે આદેશ આપી દેવામાં આવ્યા છે.વડાપ્રધાને ઉમેર્યું હતું કે, વિદ્યાર્થીઓના હિતોને સુરક્ષિત કરવા માટે સરકાર દ્વારા સતત લેવામાં આવી રહેલા નિર્ણયોની શ્રેણીમાં આ એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને સખત પગલું છે, જેનાથી ભવિષ્યમાં આવી ગડબડો અટકાવી શકાશે.



જમ્મુ અને કાશ્મીરમાં સતત વરસાદને કારણે અનેક રૂટ બંધ કરવા પડે એવી સ્થિતિ ઊભી થઈ છે. વરસાદના કારણે પૂંછ અને રાજૌરી જિલ્લામાં પૂરની સ્થિતિનું નિર્માણ થતા અનેક કાચા મકાન ઢળી પડ્યા છે. બડગામ જિલ્લામાં એક વિશાળ શોપિંગ કોમ્પ્લેક્સ પત્તાના મહેલની જેમ ઢળી પડતા સુરક્ષાને લઈને ચિંતાનો માહોલ જોવા મળ્યો છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દરેક સ્થિતિનું મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. જમ્મુ કાશ્મીરમાં સતત અને સખત વરસાદને કારણે ૨૩ લોકોના મૃત્યુ નીપજ્યા છે.

# પાકિસ્તાનમાં સરકારી હોસ્પિટલની બેદરકારીથી ૯૪ બાળકો એચઆઈવી વાયરસથી સંક્રમિત

## જીવલેણ વાયરસના કારણે છ નિર્દોષ બાળકોના મોત થયા હોવાનો રિપોર્ટ

કરાચી

પાકિસ્તાનના સૌથી મોટા શહેર કરાચીમાંથી સ્વાસ્થ્ય ક્ષેત્રે તબીબી બેદરકારીનો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શહેરના એક સરકારી હોસ્પિટલમાં આરોગ્ય સુરક્ષાના નિયમોના લીલેરીયા ઉડતા ૯૪ જેટલા નિર્દોષ બાળકો એચઆઈવી વાયરસથી સંક્રમિત થયા છે. અત્યાર સુધીમાં આ જીવલેણ વાયરસના કારણે ૬ બાળકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા હોવાનું પણ મીડિયા રિપોર્ટ્સ દ્વારા જાણવા મળ્યું છે.

સિંધ પ્રાંતના સ્વાસ્થ્ય સચિવ તાહિર હુસૈન સાંગીના જણાવ્યા પ્રમાણે પહેલો કેસ નવેમ્બર ૨૦૨૫માં કરાચી સ્થિત કુલસૂમ બાઈ વાલિકા હોસ્પિટલમાં નોંધાયો હતો. આ હોસ્પિટલનું સંચાલન 'સિંધ એમ્પ્લોઈઝ સોશિયલ સિક્યુરિટી ઈન્સ્ટિટ્યૂશન' દ્વારા કરવામાં આવે છે. આરોગ્ય મંત્રાલયની સૂચના બાદ કરવામાં આવેલી આંતરિક તપાસના રેકોર્ડ્સ દર્શાવે છે કે, નવેમ્બર ૨૦૨૫થી શરૂ થયેલા આ પ્રકોપમાં ચેપના કેસો સતત વધી રહ્યા છે. ચાલુ મહિને જ બાળકોમાં એચઆઈવીના નવા ૧૬ કેસની પુષ્ટિ થઈ છે, જેના કારણે સંક્રમિત બાળકોનો કુલ આંકડો વધીને ૯૪ પર પહોંચી ગયો છે.

# સંસદની અંદર અને બહાર એનડીએ અને ઈન્ડિયા બ્લોકના સાંસદો વચ્ચે ઘર્ષણ

## સંસદના ચોમાસુ સત્રના ચોથા દિવસે પણ કામકાજ ખોરવાયું : સંસદભવનના પ્રવેશ દ્વાર પાસે સામસામી દેખાવો

નવી દિલ્હી

સંસદનું ચોમાસું સત્ર શરૂઆતથી જ તોફાની બન્યું છે.શિક્ષણ મંત્રીના રાજીનામાની મગની અને અન્ય મુદ્દાઓને લઈને સંસદના બંને ગૃહની કાર્યવાહી સ્થગિત કરવામાં આવતા શાસક અને વિપક્ષના સભ્યોએ સંસદભવનમાં પ્રવેશ દ્વાર પાસે સામસામી દેખાવો કર્યા હતા.

ગુરુવારે, સંસદ સંકુલની અંદર એનડીએ અને ઈન્ડિયા બ્લોકના સાંસદો વચ્ચે ઝપાઝપી થઈ હતી. બંને પક્ષોએ મકર દ્વાર ખાતે વિવિધ મુદ્દાઓ પર એક સાથે વિરોધ પ્રદર્શનો કર્યા હતા.



વિપક્ષના સાંસદો કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન અને નીટ પેપર લીક વિવાદનો વિરોધ કરી રહ્યા હતા. દરમિયાન, એનડીએના સાંસદો સંસદમાં આ મુદ્દા પર ચર્ચા કરવાનો વિપક્ષના ઈનકાર અને ખોટા સમાચાર ફેલાવવાનો આરોપ લગાવીને વિરોધ કરી રહ્યા હતા.

સીપીઆઈ ( એમ )ના સાંસદ જોન બ્રિટાસને ભાજપ નેતા અરુણ સિંહના હાથમાંથી પોસ્ટર ખેંચતા જોવા મળ્યા ત્યારે તણાવ વધી ગયો. બંને પક્ષના સાંસદો એકબીજાની સામે આવ્યા, ત્યારબાદ સંસદના સુરક્ષા કર્મચારીઓએ બંને જૂથોને અલગ કરવા માટે માનવ સાંકળ બનાવી.આ ઘર્ષણ દરમિયાન, કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા અને ભાજપના નેતાઓ વચ્ચે સૂત્રોચ્ચાર થયા. ભાજપના સાંસદ સંબિત પાત્રાએ કોંગ્રેસ પર સંસદીય ચર્ચામાંથી "ભાગી જવા"નો આરોપ લગાવ્યો. તેમણે જણાવ્યું હતું કે તેમણે છેલ્લા ત્રણ દિવસમાં ભાજપના વરિષ્ઠ નેતાઓ, વિદ્યાર્થીઓ અને સામાજિક કાર્યકર સોનમ વાંગચુક સાથે ચર્ચા કરી છે.

રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં લખ્યું, "ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું જોઈએ.

# ઈરાન ઉપર અમેરિકાના મિસાઈલ હુમલા : બે લોકોના મોત

## અમેરિકા હવે ઈરાન સાથે વાતચીત નહીં ફક્ત હુમલા કરશે : સતત બાર દિવસથી ચાલતા યુદ્ધના કારણે પશ્ચિમ એશિયા પ્રભાવિત

વોશિંગ્ટન

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતા યુદ્ધના ૧૨મા દિવસે યુએસ સેનાએ ઈરાનના વિવિધ વિસ્તારો પર પ્રચંડ હવાઈ હુમલા ચાલુ રાખ્યા છે. બીજી તરફ, યમનના ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ રેડ સીમાં સાઉદી અરેબિયાના ઓઈલ ટેન્કરો પર મિસાઈલ હુમલા કર્યા છે. આ સાથે જ આ સંઘર્ષ હવે સમગ્ર પશ્ચિમ એશિયા અને વૈશ્વિક ઊર્જા માર્ગો પર ફેલાઈ ગયો છે.

અમેરિકન સેનાએ બુધવારે સતત ૧૨મી રાત્રે ઈરાન પર ભીષણ હવાઈ અને મિસાઈલ હુમલા કર્યા છે. દક્ષિણ ઈરાનના સિરિક ક્ષેત્રમાં ભયાનક વિસ્ફોટોના અવાજ સંભળાયા હતા. યુ.એસ. સેન્ટ્રલ કમાન્ડએ સ્પષ્ટ કર્યું છે કે ઈરાનના એરક્રાફ્ટ હેંગર્સ, ડ્રોન સ્ટોરેજ સાઈટ્સ, મિલિટરી ઓપરેશન સેન્ટર્સ અને મરીન લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવાયા છે. હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં કોમર્શિયલ જહાજો અને નાવિકો માટે ઈરાન તરફથી ઊભા થતા ખતરાને નાબૂદ કરવા અમેરિકાએ આ મિશન આગળ પણ ચાલુ રાખવાની જાહેરાત કરી છે.યુદ્ધના ૧૨મા દિવસે યુએસ સેનાએ ઈરાનના ખુઝેસ્તાન પ્રાંત અને ઈરાક વચ્ચે આવેલા મહત્ત્વના 'શલામચેહ બોર્ડર ક્રોસિંગ'ના પેસેન્જર ટર્મિનલ નજીક મિસાઈલ હુમલો કર્યો હતો. આ હુમલામાં ૨ લોકોના મોત થયા છે અને ૧૧ લોકો ગંભીર રીતે ઘવાયા છે. આ સિવાય અહવાઝ, રામશીર અને અંદીમેશ્ક શહેરો નજીક પણ બોમ્બમારો કરાયો હતો.

### રાતા સમુદ્રમાં હુથી બળવાખોરોનો સાઉદીના બે ઓઈલ ટેન્કરો પર મિસાઈલ હુમલો

હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે રેડ સી નવો અખાડો બની ગયો છે. યમનના હુથી બળવાખોરોએ સાઉદી અરેબિયા સામે ઘોષિત કરેલી નૌકાદળ નાકાબંધીનો ભંગ કરવા બદલ સાઉદીના બે ઓઈલ ટેન્કરો'એન્સેલિયા' અને 'લૈલા' પર બેલિસ્ટિક અને ક્રૂઝ મિસાઈલો વડે હુમલો કરવાનો દાવો કર્યો છે. સાઉદી અરેબિયાના અલ-શુકૈકથી આશરે ૭૦ નોટિકલ માઈલ દૂર 'એન્સેલિયા' ટેન્કર પર મિસાઈલ પડતા જ ભયાનક આગ લાગી ગઈ હતી, જેના વાઈરલ વીડિયો પણ સામે આવ્યા છે. જહાજે વીએચએફ મારફતે ડિસ્ટ્રેસ સિગ્નલ મોકલીને મદદ માંગી હતી. હુથી બળવાખોરોની આ ધમકી અને હુમલા બાદ પાંચથી વધુ ઓઈલ ટેન્કરોએ રેડ સીમાં પોતાનો રસ્તો બદલીને સ્વેજ કેનાલ તરફ ફંટાવું પડ્યું છે.

# વિરોધ પ્રદર્શન ભારતીય રાજકારણના ઈતિહાસમાં કાળો દિવસ: નીતિન નવીન

## આ અસંમતિ નથી, અરાજકતાનું રાજકારણ છે, ભાજપ પ્રમુખ નીતિન નવીનનો રાહુલ ગાંધી પર પ્રહાર

નવીદિલ્હી,

ભાજપે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાનની બહાર રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શન પર હુમલો કર્યો છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન રાહુલ ગાંધીની આકરી ટીકા કરી અને તેને નિંદનીય અને ભારતીય રાજકારણના ઈતિહાસમાં "કાળો દિવસ" ગણાવ્યો. નીતિન નવીનનો આરોપ છે કે ગાંધી અને કોંગ્રેસના નેતાઓએ અરાજકતા ફેલાવવા માટે વડા પ્રધાનના નિવાસસ્થાનની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમણે વિરોધ પ્રદર્શનમાં જોડાવા બદલ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની પણ ટીકા કરી.

પત્રકારો સાથે વાત કરતા ભાજપ પ્રમુખે કહ્યું, "રાહુલ ગાંધીએ આજે જે રીતે વર્તન કર્યું તે અયોગ્ય અને નિંદનીય હતું." તેમણે કહ્યું, "આ અસંમતિનું રાજકારણ નહોતું, પરંતુ અરાજકતાનું રાજકારણ હતું." ભાજપ પ્રમુખે ઉમેર્યું, "આ ચોક્કસપણે દુર્ભાગ્યપૂર્ણ અને ભારતીય રાજકારણના ઈતિહાસમાં કાળો દિવસ હતો."

# દક્ષિણ ગુજરાતમાં અવિરત મેઘવર્ષા : જનજીવન ખોરવાયું

## ગુજરાતમાં સવારના બે કલાકમાં ૧થી લઈ ૮ ઈંચ વરસાદ : દક્ષિણ ગુજરાતમાં સતત બે દિવસથી વરસી રહેલા અનરાધાર વરસાદથી ચારે તરફ પાણી જ પાણી

અમદાવાદ

દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા જોરદાર બેટિંગ કરી રહ્યા છે. જેના કારણે અનેક વિસ્તારોમાં પૂર અને જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. વલસાડ અને નવસારી સહિતના જિલ્લાઓમાં સતત વરસી રહેલા ભારે વરસાદને પગલે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. વલસાડ જિલ્લામાં સતત વરસી રહેલા ધોધમાર વરસાદના કારણે અનેક શહેર અને ગ્રામ્ય વિસ્તારો જળમગ્ન બન્યા છે. વાપીના પોશ ગણાતા વિસ્તારો જેવા કે અવધ ટુંકવાડા, પટેલવાડી અને ગુંજન વિસ્તારમાં વરસાદી પાણી ફરી વળતાં રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ ગયા છે.

વલસાડ જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદ અને સર્જાયેલી પૂર જેવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. શ્રમયોગીઓની સુરક્ષા અને જાહેર હિતને પ્રાધાન્ય આપતા જિલ્લાના તમામ કારખાનાઓ અને ઔદ્યોગિક એકમોને તા. ૨૩ જુલાઈના રોજ સમગ્ર દિવસ માટે કામગીરી બંધ રાખવાની સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગના લેટેસ્ટ આંકડા પ્રમાણે સવારના ૬ વાગ્યાથી ૮ વાગ્યાના સમયગાળા દરમિયાન જ વલસાડના ઉમરગામમાં ફરી ૭.૨૦ ઈંચ વરસાદ તો સુરતના ઉમરપાડામાં ૫.૧૨ ઈંચ જેટલો વરસાદ ખાબકી જતાં તમામ રોડ રસ્તા બેટમાં ફેરવાઈ ગયા હતા. જ્યારે નવસારીના ખેરગામમાં અઢી ઈંચ અને ભરુતમાં ૨.૨૮ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

### અમદાવાદ સહિત રાજ્યના ૨૦ જિલ્લામાં અતિ ભારે વરસાદની ચેતવણી

ગુજરાતમાં મેઘરાજાએ જળબંબાકારની સ્થિતિ સર્જી છે. ગઈકાલથી વલસાડ, સુરત અને તાપી તથા બે કેન્દ્ર શાસિત પ્રદેશો દીવ-દમણ અને દાદરા નગર હવેલીનો તો જાણે વારો જ પાડી દીધો હોય એ રીતે ભયંકર વરસાદ પડી રહ્યો છે. વલસાડના ઉમરગામમાં તો રીતસરનું આભ ફાટ્યું છે અને ૨૪ કલાકમાં જ ૩૫ ઈંચથી વધુ વરસાદ ખાબકી ચૂક્યો છે. ત્યારે આગામી ત્રણ કલાક માટે નાઉકાસ્ટ હેઠળ હવામાન વિભાગે વધુ ડરામણી આગાહી કરી છે. અમરેલી, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, અમદાવાદ, સુરત, વલસાડ, તાપી, ડાંગ, નવસારી, ખેડા, આણંદ, વડોદરા, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, ભરુચ અને બે કેન્દ્રશાસિત પ્રદેશો દીવ-દમણ અને દાદરા નગર હવેલીમાં અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે

# ઉમરગામમાં ૨૪ કલાકમાં ૩૬ ઈંચ વરસાદથી સમગ્ર શહેર પાણીમાં ગરકાવ

વલસાડના ઉમરગામમાં એક જ દિવસમાં ૩૬ ઈંચ વરસાદ ખાબકતાં સમગ્ર શહેર પાણીમાં ગરકાવ થઈ ગયું હતું. ધોધમાર વરસાદને કારણે જનજીવન પર અસર થઈ હતી. ઔરંગા નદીના પાણી વલસાડ શહેરમાં ઘૂસ્યા હતા. નદીના પાણી ઘૂસતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે.

૨૪ કલાકમાં વલસાડ જિલ્લામાં આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. ઉમરગામમાં ૩૫.૬૭ ઈંચ, કપરાડામાં ૨૮.૭૮, નાનાપોંઢામાં ૨૫.૩૧ ઈંચ, ધરમપુરમાં ૧૯.૬૫ ઈંચ, પારડીમાં ૧૭.૬૪ ઈંચ, વાપીમાં ૧૬.૨૬ ઈંચ, વલસાડમાં ૧૫.૮૭ ઈંચ વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં ૨૪ કલાકમાં ૧૫૯ ઈંચથી વધુ વરસાદ પડતાં નદીઓમાં પુર આવ્યા હતા.

ભારે વરસાદના કારણે સ્કૂલોમાં રજા જાહેર કરાઈ હતી.

વલસાડ જિલ્લામાં સતત વરસી રહેલા ધોધમાર વરસાદના કારણે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જનજીનવ પ્રભાવિત થવાની સાથે વાહનવ્યવહાર પણ થંભી ગયો છે. જિલ્લામાં ભારે વરસાદના કારણે અનેક જગ્યાએ વાહનો રસ્તા પર બંધ પડી ગયા હતા. ભારે વરસાદની અસર ને.હા.-૪૮ પર પણ જોવા મળી હતી. કુંડી ગામ નજીક હાઈવે પર પાણી ભરાતા વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી પડી હતી.

ઔરંગા નદીએ ભયજનક સપાટી વટાવતાં વલસાડ જિલ્લાનું વહીવટી તંત્ર દોડતું થયું હતું. નીચાણવાળા વિસ્તારોમાં ઔરંગા નદીના પાણી ઘૂસ્યાહતા. છીપવાડની દુકાનો, ઘરમાં પાણી ઘૂસતા લોકોને હાલાકી ભોગવવી પડી હતી. ભારે વરસાદને પગલે વહીવટી તંત્ર એલર્ટ મોડ પર છે અને એનડીઆરએફ તથા એસડીઆરએફનીએક-એક ટીમ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

વલસાડમાં ભારે વરસાદની સ્થિતિને પગલે જિલ્લાના તમામ કારખાનાઓ અને ઔદ્યોગિક એકમો આજે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શ્રમયોગીઓની સુરક્ષા અને જાહેર હિતને પ્રાધાન્ય; માત્ર આવશ્યક સેવાઓ માટે જ ન્યૂનતમ સ્ટાફ રાખવા સૂચના આપવામાં આવી છે.

# ડિજિટલ ફ્રોડ અટકાવવા બેંક અને પોલીસ વિભાગે કર્યું સંકલન

## ડિજિટલ ફ્રોડને અટકાવવા તેમજ નાગરિકોની મહેનતની કમાણીને સુરક્ષિત રાખવા માટે પરિણામલક્ષી પગલાં ભરવા અંગે બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરાઈ

ગાંધીનગર,

સાઈબર અપરાધીઓ સામે સમયસર પરિણામલક્ષી પગલાં ભરી નાગરિકોને ડિજિટલ ફ્રોડથી સંપૂર્ણ રક્ષણ આપી શકાય તે હેતુથી ગુજરાત સરકારે મહત્વનું પગલું ભર્યું છે. આ સંદર્ભે ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં વિવિધ અગ્રણી બેંકોના વડાઓ અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નાગરિકોને થતું નાણાકીય નુકસાન અટકાવવા માટે પોલીસ અને તમામ બેંકો વચ્ચેનું પરસ્પર સંકલન વધુ મજબૂત અને ઝડપી બનાવવા ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકનો મુખ્ય હેતુ સાઈબર ફ્રોડનો ભોગ બનતાં નાગરિકોની પરસેવાની કમાણી બચાવવાનો અને પોલીસ તથા બેંકિંગ સિસ્ટમ વચ્ચે સઘન સંકલન સ્થાપિત કરવાનો હતો. આ બેઠકમાં અત્યાર સુધી નોંધાયેલા તમામ સાઈબર ફ્રોડ અને સંબંધિત ડેટાનું એનાલિસિસ કરી ભવિષ્યના મોડસ ઓપરેન્ડી સામે આગોતરું કવચ તૈયાર કરવા શ્રી હર્ષ સંઘવીએ સૂચનાઓ આપી હતી. ફ્રોડ થયાના થોડા જ સમયમાં ફરિયાદીના નાણાં જે-તે બેંક એકાઉન્ટમાં તાત્કાલિક 'ફ્રીઝ' કરી ઝડપથી રિકવર કરી શકાય તે માટેની રિયલ-ટાઈમ મિકેનિઝમ તૈયાર કરવા ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રકારનું પરિણામલક્ષી 'ઈનિશિયેટિવ' લેનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી બનેલા સાયબર ફ્રોડના કિસ્સાઓ અને તેના ડેટાનું ઊંડાણપૂર્વક એનાલિસિસ કરી ફ્રોડની પેટર્ન સમજવા અને તેમાંથી નાગરિકોને અગાઉથી કેવી રીતે બચાવી શકાય તે દિશામાં નક્કર કામગીરી થવી જોઈએ.

શ્રી સંઘવીએ કહ્યું કે, એકાઉન્ટ ફ્રીઝ કરવામાં પોલીસ કે બેંક સ્તર પર થયેલો માત્ર બે મિનિટનો વિલંબ કોઈ પરિવારની આખી જિંદગીની કમાણી કે સામાજિક જીવન બરબાદ કરી શકે છે. આ માત્ર રૂટિન સરકારી પ્રોટોકોલ કે SOP નથી, પરંતુ નાગરિકોનો ડિજિટલ બેંકિંગ પરનો વિશ્વાસ ટકાવી રાખવાનો સંવેદનશીલ પ્રયાસ છે.

તેમણે કહ્યું હતું કે ડિજિટલ એરેસ્ટ અને અન્ય સાયબર ફ્રોડનો સૌથી વધુ ભોગ વૃદ્ધો/સીનિયર સીટીઝન્સ બનતા હોય છે. જ્યારે કોઈ સીનિયર સીટીઝન અસાધારણ રીતે મોટી રકમની ફ્લ્ડ તોડવા કે ઉપાડવા આવે ત્યારે બેંક સ્ટાફે સંવેદનશીલતા દાખવી નમ્રતાપૂર્વક ૨-૩ પ્રશ્નો પૂછી ખરાઈ કરવી. અમદાવાદની એક બેંકનું ઉદાહરણ આપતા તેમણે સ્ટાફની સતર્કતાથી નાગરિકના લાખો રૂપિયા બચ્યા હોવાની સરાહના કરી હતી. નવા ખાતા ખોલવાની રેસ કે ટાર્ગેટ કોમ્પિટિશનમાં ક્વોલિટી અને કાયદાકીય વેરિફિકેશન સાથે સમાધાન ન થવું જોઈએ.

ગૃહ વિભાગ અને સીનિયર પોલીસ અધિકારીઓ દરરોજ સાયબર ફ્રોડના કોલ્સ, શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન્સ અને ફ્રીઝ કરાયેલી રકમનો ડેટા એનાલાઈઝ કરે છે. તેવી જ રીતે બેંકો પાસે રહેલી પોતાની ઈન્ટેલિજન્સ વિંગ પણ પોલીસને રિયલ-ટાઈમ ઈનપુટ્સ આપે તો સાયબર ફ્રોડ અટકવાની દિશામાં વધુ સારી કામગીરી થઈ શકે છે.

# ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર સપ્ટેમ્બર મહિનાના બીજા સપ્તાહમાં યોજાય તેવી શક્યતા

## રાજ્ય સરકાર અને વિધાનસભા તંત્ર દ્વારા ચોમાસુ સત્રની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકાર અને વિધાનસભા તંત્ર દ્વારા ચોમાસુ સત્રની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર સપ્ટેમ્બર મહિનાના બીજા સપ્તાહમાં મળવાની શક્યતા છે. આ સત્ર ટૂંકા ગાળાનું હોવા છતાં અનેક મહત્વના મુદ્દાઓ અને વિધેયકોને લઈને ખાસ મહત્વનું માનવામાં આવી રહ્યું છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, ગુજરાત વિધાનસભાનું આ ચોમાસુ સત્ર ૨થી ૩ દિવસ સુધી ચાલે તેવી સંભાવના છે. સત્ર દરમિયાન સરકાર વિવિધ વિભાગોને લગતા મહત્વપૂર્ણ કાયદાકીય સુધારા વિધેયકો રજૂ કરવાની તૈયારીમાં છે. ટૂંકા સમયગાળાના સત્રમાં પણ સરકારનું ધ્યાન મહત્વના કાયદાકીય અને વહીવટી નિર્ણયો પર કેન્દ્રિત રહેશે. ચોમાસુ સત્રમાં સરકાર દ્વારા જમીન ટુકડા ધારામાં સુધારા સહિતના મહત્વના સુધારા વિધેયકો રજૂ કરવામાં આવશે. રાજ્યના વિકાસ, વહીવટી પ્રક્રિયા અને જમીન સંબંધિત નિયમોમાં જરૂરી ફેરફારોને ધ્યાનમાં રાખીને આ સુધારા લાવવામાં આવી રહ્યા હોવાનું માનવામાં આવે છે. આ ઉપરાંત અન્ય કેટલાક મહત્વના સુધારા વિધેયકો પણ સરકાર દ્વારા સત્ર દરમિયાન રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. વિધાનસભા તંત્ર દ્વારા સત્રને સફળતાપૂર્વક યોજવા માટે તમામ પ્રકારની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સભ્યોને લગતી પ્રક્રિયા, બેઠક વ્યવસ્થા, પ્રશ્નોત્તરી અને વિધેયકોની કામગીરીને લઈને આંતરિક આયોજન પણ શરૂ કરવામાં આવ્યું છે. સત્રની તારીખો અંગે ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવે તેવી પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# રાજ્યની ૩૪ જિલ્લા હૉસ્પિટલોમાં શરૂ થશે ૧૫ બેડના ડી-એડિક્શન સેન્ટર

## નશામુક્ત ગુજરાત માટે ગુજરાત સરકારનું મોટું પગલું

ગાંધીનગર,

રાજ્યમાં નશા-મુક્તિની લડતને વધુ મજબૂત બનાવતા ગુજરાત સરકારે તમામ ૩૪ જિલ્લા હૉસ્પિટલોમાં ૧૫ બેડ ક્ષમતાવાળા ડી-એડિક્શન સેન્ટરો (નશામુક્તિ કેન્દ્રો) શરૂ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આ માટે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૧૪.૯૦ કરોડના ખર્ચને વહીવટી મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયથી અત્યાર સુધી વિશેષ સારવાર માટે મોટા શહેરોનો સહારો લેતા નશાના વ્યસનથી અસરગ્રસ્ત લોકોને હવે પોતાના જિલ્લામાં જ સારવાર, કાઉન્સેલિંગ, માનસિક આરોગ્ય સેવાઓ અને પુનર્વસનની સુવિધા ઉપલબ્ધ થશે.

દરેક કેન્દ્રમાં નશાની લતમાંથી મુક્તિ માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી ડિટૉક્સ સારવાર, ડી-એડિક્શન થેરાપી, કાઉન્સેલિંગ, માનસિક આરોગ્ય સેવા, પરિવાર પરામર્શ અને પુનર્વસન જેવી સર્વગ્રાહી સુવિધાઓ ઉપલબ્ધ કરાશે. ઉપરાંત, ઈન-પેશન્ટ (IPD) અને આઉટ-પેશન્ટ (OPD) બંને પ્રકારની સેવાઓ પણ શરૂ કરવામાં આવશે.

દરેક કેન્દ્રમાં તબીબો, નર્સિંગ સ્ટાફ, કાઉન્સેલર, મનોવિજ્ઞાનીઓ અને અન્ય પ્રશિક્ષિત કર્મચારીઓની ટીમ કાર્યરત રહેશે, જેથી દર્દીને એક જ સ્થળે સર્વાંગી સારવાર મળી શકે.


નશો માત્ર વ્યક્તિ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજને અસર કરે છે. તેથી નવી વ્યવસ્થા હેઠળ દર્દીને વ્યસન-મુક્ત કરવાની સાથે તેને ફરી સામાન્ય અને સ્વાભિમાની જીવન જીવવા સક્ષમ બનાવવાનો પણ પ્રયાસ કરવામાં આવશે.

# રાજ્યનાં ૮૦ હજારથી વધુ ડ્રોપઆઉટ બાળકોને ફરી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડવામાં આવશે

## શાળા છોડી જનારા વિદ્યાર્થીઓને પુનઃ શાળા પ્રવેશ માટેના રાજ્યવ્યાપી મહાઅભિયાન 'સમરસ વિદ્યાસેતુ'નો અમદાવાદથી પ્રારંભ

અમદાવાદ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડ્રોપઆઉટ બાળકોને પુનઃ શાળાએ મોકલવાના રાજ્યવ્યાપી મહાઅભિયાન 'સમરસ વિદ્યાસેતુ'નો અમદાવાદ ખાતેથી પ્રારંભ કરાવતા કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાદાયી નેતૃત્વમાં ડ્રોપઆઉટ રેટ ઘટીને બે ટકા સુધી આવ્યો છે. હવે તેને 'ઝીરો ડ્રોપઆઉટ' કરવાના લક્ષ્ય સાથે રાજ્ય સરકારે શાળા છોડી ગયેલાં ૮૦ હજારથી વધુ બાળકોને શોધીને પુનઃ શિક્ષણની મુખ્યધારામાં લાવવાનું આયોજન કર્યું છે.



મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે આ માટે રાજ્યસ્તરે શાળા છોડી ગયેલા બાળકોની જિલ્લાવાઈઝ યાદી તૈયાર કરવામાં આવી છે. શિક્ષકો, સ્થાનિક જનપ્રતિનિધિઓ અને સામાજિક આગેવાનોએ સાથે મળીને વાલીઓનો સંપર્ક કરવાનો છે. દરેક બાળકને તેની ઉંમર મુજબ યોગ્ય ધોરણ(૧ થી ૧૨)માં પ્રવેશ અપાશે તથા અભ્યાસમાં પાછળ રહી ગયેલાં બાળકો માટે વિશેષ કાળજી અને પૂરક શિક્ષણની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

શિક્ષકો અને વાલીઓ વચ્ચેના સઘન સમન્વય પર ભાર મૂકતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે આજે ગુજરાત ધંધા-રોજગાર ક્ષેત્રે સમગ્ર દેશમાં પ્રથમ પસંદગીનું સ્થળ બન્યું છે. વૈશ્વિક સ્પર્ધાના આ યુગમાં રાજયના યુવાનોને રોજગારીનો મહત્તમ લાભ મળે તે માટે ઉચ્ચ શિક્ષણ અનિવાર્ય છે. વાલીઓએ પણ જાગૃત બની બાળક નિયમિત શાળાએ જાય તે સુનિશ્ચિત કરવું પડશે. આ સફળતા માત્ર સરકારી પ્રયાસોથી નહીં, પરંતુ 'સૌના પ્રયાસ'થી જ શક્ય બનશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે શિક્ષણ એ એવું ક્ષેત્ર છે, જેમાં કાર્ય કરવાની તક મળે ત્યારે આત્મસંતોષની અનુભૂતિ થાય છે. તેમણે કહ્યું કે શિક્ષકો આજે વિદ્યાર્થીઓના શિક્ષણ પ્રત્યે અત્યંત સંવેદનશીલ અને પ્રતિબદ્ધ બન્યા છે.

# ખેડા જિલ્લામાં નિયમો નેવે મૂકી ૫૧ જેટલા પ્રાથમિક શિક્ષકોએ મેળવ્યો એલટીસીનો લાભ

ખેડા,

ખેડા જિલ્લા શિક્ષણ વિભાગમાં વધુ એક મોટું કૌભાંડ બહાર આવતાં શિક્ષણ જગતમાં ભારે ચકચાર મચી ગઈ છે. નિયમોને સરેઆમ નેવે મૂકીને જિલ્લાના ૫૧ જેટલા પ્રાથમિક શિક્ષકોએ ગેરરીતિ આચરીને લીવ ટ્રાવેલ કન્સેસન (એલટીસી) નો બિનઅધિકૃત આર્થિક લાભ મેળવ્યો હોવાનું સામે આવ્યું છે. આ કૌભાંડ વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૩ અને વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૭ ના સમયગાળા દરમિયાન આચરવામાં આવ્યું હોવાની પ્રાથમિક માહિતી મળી છે, જેમાં હજારો રૂપિયાની ઉચાપત કરવામાં આવી હોવાની આશંકા છે.

આ ગેરરીતિમાં સામાન્ય શિક્ષકો જ નહીં, પરંતુ રાજય પ્રાથમિક શૈક્ષણિક સંઘના મોટા અને પ્રભાવશાળી હોદ્દેદારોએ પણ પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી આર્થિક લાભ મેળવ્યો હોવાનો ગંભીર આરોપ લાગ્યો છે. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે મામલતદારના અધિકૃત હુકમો કે મંજૂરી વિના જ સર્વિસ બુક માં ખોટી નોંધ કરીને આ લાભ મેળવવામાં આવ્યો છે.

આ ગંભીર મામલે જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા ત્વરિત પગલાં લેવામાં આવ્યા છે. સમગ્ર પ્રકરણની ઊંડાણપૂર્વક તપાસ માટે ઠાસરા અને કઠલાલના તાલુકા વિકાસ અધિકારીને જવાબદારી સોંપવામાં આવી છે. આ મામલે તાલુકા શિક્ષણ અધિકારી નિલેશભાઈ પટેલ દ્વારા પણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. તપાસ પૂર્ણ થયા બાદ આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય કર્મચારીઓ અને નેતાઓ પર કાયદાકીય ગાજ વરસે તેવી પૂરી શક્યતા છે.

# સુરત ડીસીપી રાજદીપસિંહ નકુમ કેસમાં હાઈકોર્ટે સુઓમોટો કાર્યવાહી શરૂ કરી

## પાંચ આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢી માર મારવાના મામલે ડેપ્યુટી પોલીસ કમિશનરની મુશ્કેલી વધી

સુરત,

સુરતમાં હત્યાના પ્રયાસના કેસમાં ઝડપાયેલા પાંચ આરોપીઓને જાહેરમાં સરઘસ કાઢી માર મારવાના મામલે ડેપ્યુટી પોલીસ કમિશનર રાજદીપસિંહ નકુમની મુશ્કેલી વધી છે. ગુજરાત હાઈકોર્ટે આ સમગ્ર ઘટનાને લઈને સુઓમોટો કાર્યવાહી શરૂ કરી છે. આ કાર્યવાહી વરિષ્ઠ વકીલ ઉત્કર્ષ દવે દ્વારા મુખ્ય ન્યાયાધીશ સમક્ષ કરવામાં આવેલી રજૂઆત બાદ શરૂ કરવામાં આવી છે.

હાઈકોર્ટ સમક્ષ રજૂઆતમાં દલીલ કરવામાં આવી હતી કે આરોપીઓને જાહેરમાં માર મારવાની ઘટના સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલી ગાઈડલાઈન્સ તેમજ બંધારણીય અધિકારોના ઉલ્લંઘન સમાન છે. રજૂઆત બાદ હાઈકોર્ટે મામલાની ગંભીરતા ધ્યાનમાં લઈ સ્વપ્રેરિત કાર્યવાહી હાથ ધરી છે.

૧૩ જુલાઈના રોજ સુરતના સલાબતપુરા વિસ્તારમાં હત્યાના પ્રયાસના કેસમાં ઝડપાયેલા પાંચ આરોપીઓને પોલીસ દ્વારા જાહેર રસ્તા પર ફેરવવામાં આવ્યા હતા. ઘટનાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા, જેમાં ડીસીપી રાજદીપસિંહ નકુમ આરોપીઓના વાળ પકડીને લાકડી અને લાફા મારતા દેખાતા હોવાના દાવા કરવામાં આવ્યા હતા. ઘટનાસ્થળે હાજર અન્ય પોલીસ કર્મચારીઓ પણ આરોપીઓ સાથે બળપ્રયોગ કરતા હોવાના આરોપો સામે આવ્યા હતા.

૧૫ જુલાઈએ વરિષ્ઠ વકીલ ઉત્કર્ષ દવેએ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને પત્ર લખી આ સમગ્ર મામલે સુઓમોટો કાર્યવાહી કરવાની માંગ કરી હતી. રજૂઆતમાં જણાવાયું હતું કે કોઈપણ પોલીસ અધિકારીને કોર્ટમાં ટ્રાયલ પૂર્ણ થાય તે પહેલાં આરોપીને જાહેરમાં સજા કરવાનો કે અપમાનિત કરવાનો અધિકાર નથી.પત્રમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે જો આક્ષેપો સાચા સાબિત થાય તો તે ભારતીય બંધારણની કલમ ૧૪ (સમાનતાનો અધિકાર) અને કલમ ૨૧ (જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર)ના ઉલ્લંઘન સમાન ગણાઈ શકે છે.

# સુરેન્દ્રનગરના ઉંટડી ગામમાં સરપંચના પતિ અને ઉપસરપંચ લાંચ લેતા રંગેહાથ ઝડપાયા

## ગામની નક્કી કરાયેલી જગ્યાએથી રેતી કાઢવા પ્રતિ ટ્રક ૧,૦૦૦ લાંચની માંગણી કરી હતી

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકામાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ સફળ ટ્રેપ ગોઠવી ઉંટડી ગ્રામ પંચાયત સાથે સંકળાયેલા બે વ્યક્તિઓને રૂ.૫ લાખની લાંચ સ્વીકારતા ઝડપી પાડ્યા છે. આરોપીઓમાં ગ્રામ પંચાયતના સરપંચના પતિ સંજયભાઈ પ્રતાપભાઈ કમેજળીયા અને ઉંટડી ગ્રામ પંચાયતના ઉપસરપંચ સુનીલભાઈ સુભાષભાઈ કટુડીયાનો સમાવેશ થાય છે.

એસીબીને મળેલી ફરિયાદ મુજબ, ફરિયાદી ઉંટડી ગામની નક્કી કરાયેલી જગ્યાએથી રેતી કાઢવા માંગતા હતા. આ માટે આરોપીઓએ પ્રતિ ટ્રક ૧,૦૦૦ લાંચની માંગણી કરી હતી. ફરિયાદીએ તેના બદલે ગામના ધર્માદામાં પ્રતિ ટ્રક રૂ.૧૦૦ આપવાની તૈયારી દર્શાવી હતી, પરંતુ આરોપીઓ લાંચની માંગણી પર અડગ રહ્યા હતા. બાદમાં આરોપી સંજયભાઈ કમેજળીયાએ કુલ રૂ.૬.૩૦ લાખની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી સાથેની રકઝક બાદ સોદો રૂ.૫ લાખમાં નક્કી થયો હતો. ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે સુરેન્દ્રનગર એસીબીનો સંપર્ક કર્યો અને સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે એસીબીએ ૨૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ લીંબડી હાઈવે ચાર રસ્તા નજીક આવેલા પ્રેમવતી ભોજનાલયના કમ્પાઉન્ડમાં ટ્રેપ ગોઠવ્યો હતો.

# દમણ ફરવા જવા માટે નવા કપડા અને બૂટ ખરીદવા સગીરે બે બકરાની ચોરી કરી વૃદ્ધની હત્યા કરી

## સાવલી તાલુકાના કરચીયા ગામની સીમમાં થયેલી વૃદ્ધની હત્યાનો ભેદ ઉકેલાયો

વડોદરા,

સાવલી તાલુકાના કરચીયા ગામની સીમમાં થયેલી ૬૬ વર્ષીય વૃદ્ધની નૃશંસ હત્યાનો વડોદરા જિલ્લા પોલીસે ભેદ ઉકેલી નાખ્યો છે. માત્ર દમણ ફરવા જવા, નવા કપડાં અને બૂટ ખરીદવાના શોખ પૂરા કરવા માટે એક ૧૭ વર્ષીય સગીરે બે બકરાંની ચોરી કરી વૃદ્ધની હત્યા કરી નાખી હતી. પોલીસે ગુનામાં વપરાયેલા હથિયાર અને ચોરીના પૈસાથી ખરીદેલી વસ્તુઓ જપ્ત કરી સગીર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગત ૧૭ જુલાઈના રોજ ગોધરા ગ્રામ્યના સાતરોડ પોલીસ સ્ટેશન હસ્તકના વિસ્તારમાંથી ઠાસરાના રહેવાસી ૬૬ વર્ષીય રમણ રાઠોડિયાનો લોહીલુહાણ મૃતદેહ મળી આવ્યો હતો. તેમના માથાના ભાગે તીક્ષ્ણ અને ભારે હથિયારના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા જોઈ વડોદરા જિલ્લા પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. સીન ઓફ ક્રાઈમની મુલાકાત દરમિયાન પોલીસને ઘટનાસ્થળેથી લોહીવાળી એક શંકાસ્પદ લાકડી મળી આવી હતી, જેણે પોલીસને આરોપી સુધી પહોંચાડવામાં મહત્વની કડી પૂરી પાડી હતી. જિલ્લા પોલીસ વડા સુશીલ અગ્રવાલે જણાવ્યું હતું કે અમને કરચીયા ગામની સીમમાંથી ૬૬ વર્ષીય વૃદ્ધની લાશ મળી આવી હતી. તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી લોહીવાળી લાકડી મળી હતી. ટેકનિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ કરતા ૧૭ વર્ષીય સગીરની સંડોવણી સામે આવી છે.

પોલીસ પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. ૧૭ વર્ષીય સગીરને દમણ ફરવા જવું હતું અને તેના માટે નવો સ્માર્ટફોન, બૂટ તથા નવા કપડાં ખરીદવા હતા. પરિવારે પૂરતા પૈસા ન આપતા તેણે ગુનાનો માર્ગ અપનાવ્યો. સીમમાં રમણભાઈને એકલા જોઈને સગીરે તેમના પર લાકડીથી હુમલો કરી તેમની હત્યા કરી દીધી અને તેમની પાસે રહેલા બે બકરાંની ચોરી કરી લીધી. આ ચોરાયેલા બકરાં તેણે એક વેપારીને ૯,૩૦૦ રૂપિયામાં વેચી દીધા હતા અને એ જ પૈસાથી નવા બૂટ-કપડાં ખરીદીને દમણની સફર પણ કરી આવ્યો હતો.

# બાળકો માત્ર આવતીકાલના નાગરિક નથી,પરંતુ ભારતની મૂલ્યવાન સંપત્તિ : ધર્મિષ્ઠાબેન ગજ્જર

## બાલ રક્ષા ભારત, લોટ્ટે ઈન્ડિયા અને શિક્ષણ વિભાગે 'લોટ્ટે સ્માર્ટ લર્ન સ્કૂલ' પ્રોજેક્ટ શરૂ કર્યો

અમદાવાદ,

બાલ રક્ષા ભારત, લોટ્ટે ઈન્ડિયા કોર્પોરેશન પ્રાઈવેટ લિમિટેડ અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ ખાતે 'લોટ્ટે સ્માર્ટ લર્ન સ્કૂલ પ્રોજેક્ટ' ના શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ શ્રીમતી ધર્મિષ્ઠાબેન વી. ગજ્જરે વિવિધ શાળાઓમાંથી આવેલા આચાર્યો, શિક્ષકો, ટ્રસ્ટીઓ અને સ્વૈચ્છીક સંસ્થાઓના પ્રતિનિધિઓને સંબોધિત કરતા જણાવ્યું હતું કે " બાળકો માત્ર આવતીકાલના નાગરિક નથી, પરંતુ ભારતની મૂલ્યવાન સંપત્તિ છે."

અધ્યક્ષશ્રીએ બાળ અધિકાર સંરક્ષણ આયોગની ભૂમિકા સ્પષ્ટ કરતાં જણાવ્યું કે,'' બાળ અધિકાર સંરક્ષણ આયોગનો ઉદ્દેશ માત્ર બાળકોના અધિકારોનું રક્ષણ કરવાનો જ નથી, પરંતુ એવું વાતાવરણ સુનિશ્ચિત કરવાનો પણ છે જ્યાં દરેક બાળક નિર્ભય બનીને શીખી શકે.''

બાલ રક્ષા ભારત, લોટ્ટે ઈન્ડિયા કોર્પોરેશન પ્રાઈવેટ લિમિટેડ અને શિક્ષણ વિભાગની આ પહેલની પ્રશંસા કરતા તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે 'લોટ્ટે સ્માર્ટ લર્ન સ્કૂલ પ્રોજેક્ટ' હજારો બાળકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાની સાથે તેમને આધુનિક શિક્ષણ અને ઉત્તમ તકો પ્રદાન કરશે.

કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે બાળકો દેશનું ભવિષ્ય છે અને વિકસિત ભારત-૨૦૪૭નું સપનું પૂરું કરવા માટે બાળકોને સારું શિક્ષણ, પોષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા મળે તે જરુરી છે.

લોટ્ટે ઈન્ડિયા કોર્પોરેશન પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર દેબબ્રત મુખર્જીએ જણાવ્યું હતું કે કંપનીની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી વ્યૂહરચનાનો ઉદ્દેશ માત્ર સામાજિક વિકાસ કાર્યક્રમો ચલાવવા પૂરતો નથી, પરંતુ સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસ લક્ષ્યાંકો અનુરૂપ શિક્ષણ, બાળ વિકાસ, મહિલા સશક્તિકરણ, આજીવિકા સંવર્ધન અને સામુદાયિક વિકાસના ક્ષેત્રોમાં કાયમી અને અસરકારક પરિવર્તન લાવવાનો છે. તેમણે ઉમેર્યું કે, ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં આ પ્રોજેક્ટ સરકારી શાળાઓમાં ડિજિટલ શિક્ષણના ક્ષેત્રમાં એક અસરકારક અને અનુકરણીય મોડેલ તરીકે સ્થાપિત થયો છે.

આ પ્રસંગે બોશ ઈન્ડિયા ફાઉન્ડેશન, ચેતના, સેવા અને અન્ય એનજીઓના પ્રતિનિધિઓ સહિત શૈક્ષણિક સંસ્થાઓના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# ૩૨૦ રાજ્ય વેરા નિરીક્ષકોને મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીના હસ્તે નિમણૂંક પત્ર એનાયત કરાયા

ગાંધીનગર,

ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, નાણામંત્રી કનુભાઈ દેસાઈ અને નાણા વિભાગના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિએ આ સમારોહની ગરિમા વધારી હતી.



કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ નવનિયુક્ત યુવા અધિકારીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે દરેક ક્ષેત્રમાં સતત શીખવાની વૃત્તિ હોવી જરૂરી છે. તેમણે સૂર્યનું ઉદાહરણ આપતા ખૂબ જ સુંદર વાત કરી કે, જેમ સૂર્ય પાણી ખેંચીને પાછું પૃથ્વીને ફળદ્રુપ બનાવવા માટે આપે છે.

તે જ રીતે રાજય વેરા વિભાગનું કાર્ય પણ પ્રજાના હિત અને રાજ્યના વિકાસ માટે સમર્પિત હોવું જોઈએ. તેમણે તમામ ઉમેદવારોને પ્રમાણિકતાથી સાચું અને સારું કામ કરવા માટે શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોતાના લાક્ષણિક અંદાજમાં ઉમેદવારો અને અધિકારીઓનું માર્ગદર્શન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આજે નિમણૂંક પત્ર મેળવતી વખતે ઉમેદવારો જોર-જોરથી તાલીઓ પાડી રહ્યા છે, પરંતુ ભવિષ્યમાં તમારું કામ અને વહીવટી કુશળતા એવી હોવી જોઈએ કે આખું ગુજરાત તમારા ઉત્કૃષ્ટ કાર્યોથી તાલીઓ પાડે.

સામાન્ય રીતે સરકારી ખાતાઓમાં ફાઈલો ઝડપથી આગળ વધતી હોય છે, પરંતુ નાણા વિભાગની ફાઈલોમાં વિશેષ કાળજી રાખવાની હોય છે જેથી નાણાકીય શિસ્ત જળવાઈ રહે. મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, આપણે વાઈબ્રન્ટ ગુજરાત હેઠળ રાજયમાં મોટા પાયે રોકાણો આકર્ષિત કરીએ છીએ, ત્યારે રોકાણકારોને કે ઉદ્યોગોને ક્યારેય પણ કોઈપણ વિભાગના કારણે અડચણ ઊભી ન થાય તેવી પારદર્શક અને ઝડપી વ્યવસ્થા ગોઠવવી અનિવાર્ય છે.

# રણુજા ચોકડી પાસે નડતર ૧૯ દબાણો પર બુલડોઝર ફરશે

જામનગર : કાલાવડ પંથકમાં ટ્રાફિક અને વાહનવ્યવહાર માટે સૌથી વધુ નડતરરૂપ બનેલા રણુજા ચોકડી વિસ્તારમાં આખરે નગરપાલિકાના તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરી છે. લાંબા સમયથી રસ્તા પર થયેલા દબાણો દૂર કરવા માટે મંગળવારથી વ્યાપક ડિમોલિશન અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.



નગરપાલિકા દ્વારા અગાઉથી જ આયોજનબદ્ધ રીતે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રણુજા ચોકડી આસપાસ આવેલા ૧૯ કોમર્શિયલ તેમજ રહેણાંક મકાનો અને દુકાનોના માલિકોને અંતિમ નોટિસ પાઠવવામાં આવી હતી. નોટિસ મળ્યા બાદ મિલકતધારકોએ પણ તંત્રને સહયોગ આપતા સ્વેચ્છાએ દબાણરૂપ ભાગો દૂર કરવાની કામગીરી શરૂ કરી દીધી હતી.

ગઈકાલે આખો દિવસ દુકાનદારો અને મકાનમાલિકો પોતાના વેપાર-ધંધાનો સામાન, ઘરવખરી અને અન્ય ચીજવસ્તુઓ સલામત સ્થળે ખસેડવામાં વ્યસ્ત રહ્યા હતા, જેથી ડિમોલિશન દરમિયાન નુકસાન ટાળી શકાય.

કાલાવડ નગરપાલિકાના ચીફ ઓફિસર નિકુંજ વોરાએ જણાવ્યું હતું કે, અગાઉ આપવામાં આવેલી નોટિસ બાદ લોકોએ સ્વેચ્છાએ સામાન ખસેડી લીધો છે અને હવે નગરપાલિકાની ટીમ દ્વારા નિયમ મુજબ ડિમોલિશનની કામગીરી શરૂ કરવામાં આવશે.

રણુજા ચોકડી શહેરનો અત્યંત વ્યસ્ત વિસ્તાર હોવાથી દબાણો દૂર થયા બાદ ટ્રાફિક વ્યવસ્થા વધુ સુગમ બનશે અને સ્થાનિક રહીશો તેમજ વાહનચાલકોને લાંબા સમયથી અનુભવાતી અવરજવર અને ટ્રાફિકની સમસ્યામાંથી રાહત મળશે.

# મેઘપર (પડાણા) પોલીસમાં આઈ.ટી. એક્ટના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

જામનગર : મેઘપર પડાણા પોલીસમાં નોંધાયેલા આઈ.ટી. એક્ટના ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપીને મેઘપર (પડાણા) પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



જામનગર જિલ્લાના પોલીસ અધિક્ષક ડૉ. રવિ મોહન સૈની ના માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવાની ઝુંબેશ ચાલી રહી છે. તે અંતર્ગત લાલપુર વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનના પીઆઈ પી.ટી. જયસ્વાલે સ્ટાફને સૂચનાઓ આપી હતી.

દરમિયાન પીએસઆઈ એ.જી. જાડેજા, એએસઆઈ મહિપાલસિંહ એલ. જાડેજા તથા સ્ટાફને મળેલી બાતમીના આધારે આઈ.ટી. એક્ટની કલમ ૬૬(ડી) અને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧((૨) હેઠળ નોંધાયેલા ગુનામાં લાંબા સમયથી ફરાર આરોપી રંજન વિશ્વનાથ બેનજી, મૂળ પશ્ચિમ બંગાળને ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી વ્યવસાયે ઈલેક્ટ્રિશિયન હોવાનું પોલીસે જણાવ્યું છે. પકડાયેલ આરોપી વિરુદ્ધ મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનના પીઆઈ પી.ટી. જયસ્વાલે ધોરણસરની આગળની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર કામગીરીમાં મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને સ્ટાફે મહત્વની ભૂમિકા ભજવી હતી.

# જામનગરમાં આઈસ્ક્રીમની રેકડીને વાહન ચાલકે હડફેટે લેતાં આધેડને ગંભીર ઈજા

જામનગર : જામનગર શહેરમાં હિટ એન્ડ રનનો વધુ એક બનાવ સામે આવ્યો છે. શહેરના ખોડિયાર કોલોની વિસ્તારમાં પાપા લુઈસ પિઝ્ઝા સામે રોડ પર આઈસ્ક્રીમની રેકડી ધકેલી જઈ રહેલા એક વેપારીને અજાણ્યા વાહનચાલકે અડફેટે લેતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત સર્જી વાહનચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

આ અંગે મળતી વિગતો શહેરના ખોડિયાર કોલોની પાસે નરેશભાઈ કરમચંદ જસવાણી (૫૬) પોતાની આઈસ્ક્રીમની રેકડી સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહનચાલકે બેફામ અને બેદરકારીપૂર્વક વાહન હંકારી તેમને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માતમાં નરેશભાઈને માથાના ભાગે ગંભીર હેમરેજની ઈજા ઉપરાંત આંખ અને શરીરના અન્ય ભાગોમાં પણ મૂંઢ ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ વાહનચાલક કોઈ મદદ કર્યા વિના સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.

આ બનાવ અંગે ઈજાગ્રસ્તના પુત્ર લલીતભાઈ નરેશભાઈ જસવાણી, રહે. સંત કબીર પ્રધાનમંત્રી આવાસ, એમ.પી. શાહ ઉદ્યોગનગર, દ્વારા ફરિયાદ નોંધાવતા સીટી 'સી' ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે. એચ. ચાવડા ચલાવી રહ્યા છે.

# જામજોધપુરના વસંતપુર ગામે જાહેરમાં જુગાર રમતાં ૬ શખ્સો ઝડપાયા

જામનગર : જામજોધપુર તાલુકાના વસંતપુર ગામેં દલિતવાસ વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતો હોવાની બાતમી પરથી પોલીસે સરોડો પડી ૬ શખ્સોને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રકમ સહિતનું સાહિત્ય કબ્જે કર્યુ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, જામજોધપુર તાલુકાના વસંતપુર ગામે દલિતવાસમાં અમુક શખ્સો તીનપતિ નામનો જુગાર રમી રહ્યા તેવી બાતમી પોલીસને મળતા સ્થળ પર જઈ દરોડો પાડતા જુગાર રમી રહેલ જયેશભાઈ મનસુખભાઈ ખાણીયા, રાકેશભાઈ મનસુખભાઈ ખાણીયા, મનસુખભાઈ કારાભાઈ ખાણીયા, દશરથભાઈ મેઘજીભાઈ સીગરખીયા, ચંદુભાઈ વીરાભાઈ મકવાણા અને નથુભાઈ સાજણભાઈ સાગઠીયાને ઝડપી પાડ્યા હતા અને તેઓ પાસેથી રોકડા રૂ. ૨,૧૮૦ કબજે કરવામાં આવ્યા છે. જ્યારે એક આરોપીને નોટિસ આપવામાં આવી હતી.

# જામજોધપુર પંથકમાં વધુ એક ઈંચ વરસાદ, ગ્રામ્ય વિસ્તારમાં ઝાપટા

જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા બે-ત્રણ દિવસથી વરસાદી વાતાવરણ બનેલું રહે છે, પરંતુ મેઘરાજા હાથ તાળી આપીને ચાલ્યા જાય છે, અને જામનગર જિલ્લાની જનતા કાગના ડોળે મેઘરાજાની રાહ જોઈ રહી છે. એકમાત્ર જામજોધપુરમાં મેઘરાજા મહેરબાન થયા છે, અને છેલ્લા ૨૪ કલાક દરમિયાન જામજોધપુર પંથકમાં વધુ ૨૫ મીમી વરસાદ નોંધાયો છે.

જામનગર જિલ્લામાં મેઘરાજાએ છૂટાછવાયા વિસ્તારોમાં હાજરી નોંધાવી હતી. છેલ્લા ૨૪ કલાક દરમિયાન જિલ્લામાં સૌથી વધુ જામજોધપુર તાલુકામાં ૨૫ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે જોડિયા તાલુકામાં ૫ મીમી વરસાદ નોંધાયો હતો. અન્ય તાલુકાઓમાં વરસાદ નોંધાયો ન હતો અથવા ખૂબ જ સામાન્ય વરસાદ વરસ્યો હતો.

ગ્રામ્ય વિસ્તારોમાં નોંધાયેલા વરસાદ મુજબ વાંસજાળીયા (૧૨ મીમી), પરડવા (૮ મીમી), જામવાડી (૬ મીમી), સમાણા (૫ મીમી), ભણગોર (૪ મીમી), મોટા વડાળા (૩ મીમી), ધુનડા (૨ મીમી) તથા પડાણા (૧ મીમી) વરસાદ નોંધાયો હતો. અન્ય તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદ નોંધાયો નહોતો.

જિલ્લામાં હવામાન ભેજયુક્ત રહ્યું હતું. બાજરા સંશોધન કેન્દ્ર, જામનગરના આંકડા મુજબ મહત્તમ તાપમાન ૩૩.૫ ડિગ્રી સેલ્સિયસ, લઘુત્તમ તાપમાન ૨૭.૫ ડિગ્રી સેલ્સિયસ, હવામાં ભેજનું પ્રમાણ ૮૨ ટકા અને પવનની સરેરાશ ગતિ ૧૪.૫ કિ.મી. પ્રતિ કલાક નોંધાઈ હતી.

# જામનગરના યુવકે ઈરાકમાં ભારતનો તિરંગો લહેરાવી આપ્યો દેશપ્રેમનો સંદેશ



જામનગર : ગુજરાતના જામનગર શહેરમાં રહેતા એક યુવાન સોયબ સબ્બીરભાઈ લાખાએ ઈરાકના પવિત્ર શહેર કરબલામાં આવેલી ઈમામ હુસૈનની મઝારે જિયારત દરમિયાન ભારતીય તિરંગો લહેરાવી દેશપ્રેમ અને રાષ્ટ્રીય ગૌરવનો અનોખો સંદેશ આપ્યો હતો. આ પવિત્ર જિયારત દરમિયાન તેમણે ભારતનો રાષ્ટ્રીય ધ્વજ પોતાના હાથમાં રાખીને દેશ પ્રત્યેનો પ્રેમ, સન્માન અને ગૌરવ વ્યક્ત કર્યો હતો.

આમ શ્રદ્ધા, દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાનાં પ્રતિક તરીકે ઊભરી રહેલી આ યુવકની તસવીર સોશિયલ મીડિયામાં ખૂબ જ પ્રશંસા પામી રહી છે તથા યુવકને આ સિદ્ધિ બદલ મિત્રો અને પરિવારજનો તરફથી ખૂબ જ અભિનંદન પાઠવવામાં આવી રહ્યાં છે. તેમજ લોકોનું કહેવું છે કે આ પ્રસંગ માત્ર એક તસ્વીર નહી પરંતુ દેશની તમામ જનતા માટે દેશપ્રેમ અને ધાર્મિક આસ્થાનો એક પ્રેરણાદાયક સંદેશ છે.

ખેડૂત નેતા સ્વ. વિઠલભાઈ રાદડીયાની પુણ્યતિથિ નિમિતે

# જામનગર શહેરમાં આવતીકાલે યોજાનાર મહા રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓને ઈનામો અપાશે

## લક્કી ડ્રોના માધ્યમથી સેમસંગ એ ૧૭ -ફાઈવ-જી ફોન અને હોન્ડા એક્ટિવા સ્કૂટર જીતવાની સુવર્ણ તક

જામનગર : સૌરાષ્ટ્રના કદાવર ખેડૂત નેતા સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયાની સાતમી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે જામનગર શહેરના આંગણે એક ભવ્ય અને ઐતિહાસિક સેવાકાર્યનું આયોજન કરવામાં આવ્યું છે. મધર્સ ફાઉન્ડેશન ટ્રસ્ટ, જામનગર દ્વારા આવતીકાલ શુક્રવાર, તા. ૨૪ના રોજ રણજીત સાગર રોડ પર આવેલ મારૂ કંસારા હોલ ખાતે એક 'મહા રક્તદાન કેમ્પ' યોજાવા જઈ રહ્યો છે. સવારે ૭ થી સાંજના ૭ વાગ્યા સુધી ચાલનારા આ મહારક્તદાન કેમ્પમાં રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે જામનગરના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત અનોખી પહેલ કરવામાં આવી છે. માનવ સેવાના આ મહાયજ્ઞમાં રક્તદાન થકી જીવનદાન આપનાર રક્તદાતાઓ માટે લાખો રૂપિયાના આકર્ષક ઈનામો સાથેના લક્કી ડ્રોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ રક્તદાન કેમ્પનું મુખ્ય આકર્ષણ તેમાં રખાયેલ 'લકી ડ્રો' છે, જે યુવાનો અને રક્તદાતાઓમાં ભારે ઉત્સાહ જગાવી રહ્યો છે. આયોજકો દ્વારા જાહેર કરાયેલી નિયમાવલી અનુસાર, પ્રત્યેક રક્તદાતાને રક્તદાન કર્યા બાદ એક વિશેષ કૂપન આપવામાં આવશે. આ કૂપનનો એક હિસ્સો રક્તદાતાને અપાશે જ્યારે બીજો હિસ્સો લકી ડ્રોના બોક્સમાં સુરક્ષિત રાખવામાં આવશે.

સાંજે ૭ વાગ્યે રક્તદાન કેમ્પ પૂર્ણ થયા બાદ તુરંત જ સ્થળ પર જ પારદર્શક રીતે લકી ડ્રો યોજાશે, જેમાં કુલ ૧૧ ભાગ્યશાળી રક્તદાતાઓને સ્થળ પર જ ઈનામ આપીને સન્માનિત કરવામાં આવશે. આ ઈનામોમાં પ્રથમ ૧૦ વિજેતાઓને સ્માર્ટ અને અત્યાધુનિક 'સેમસંગ એ ૧૭ (ફાઈવ-જી)' સ્માર્ટફોન આપવામાં આવશે, જ્યારે ૧૧માં ભાગ્યશાળી રક્તદાતાને બમ્પર ઈનામ સ્વરૂપે 'હોન્ડા એક્ટિવા' સ્કૂટર અર્પણ કરવામાં આવશે.

મધર્સ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સમાજમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ લાવવા અને મેડિકલ ક્ષેત્રે રક્તની અછતને દૂર કરવાના ઉમદા હેતુથી લેવાયેલું આ પગલું ખરેખર પ્રશંસનીય છે. આયોજકો દ્વારા જામનગરની જનતાને આ કાર્યમાં મોટા પ્રમાણમાં જોડાઈને રક્તદાન કરવા અને સાથે જ આકર્ષક ઈનામો જીતવા અનુરોધ કરવામાં આવ્યો છે. આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જામનગર લોહાણા કન્યા છાત્રાલયનું ગૌરવ



જામનગર : જામનગરની સ્વ. હીરજી વલ્લભદાસ પોપટ લોહાણા કન્યા છાત્રાલયમાં રહી અને અભ્યાસ કરતી કુ. સ્તુતિ અલ્પેશભાઈ દેવાણી (પોરબંદર) પ્રાઈમ સ્કૂલમાં ધો. ૧૨માં અભ્યાસ કરે છે. તેમણે સ્કૂલમાં યોજવામાં આવેલ રસ્સાખેંચ હરીફાઈમાં બીજો ક્રમાંક મેળવી લોહાણા કન્યા છાત્રાલયનું ગૌરવ વધારેલ છે.

# પી.આઈ. દ્વારા માતાની હાજરીમાં વૃદ્ધાશ્રમમાં સહાય



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : પંચકોશી એ ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટર શેખ પોતાની માતા સાથે અમન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલીત વૃદ્ધાશ્રમમાં વડીલો સાથે સંવાદ કરી આશીર્વાદ મેળવ્યા તેમજને નવા કપડાં જમવાનું તેમજ સહાય આપી આ સાથે પંચ એ ડિવિઝન સ્ટાફ મહીલા સી ટીમ હાજર રહી તેમજ વડીલોને સી ટીમ દ્વારા સાંત્વતના આપી ત્યારે ખુબ જ લાગણીસભર દશ્ય સર્જાયા હતા અને વડીલોની આંખમાં આંશુ આવી ગયા હતાં.

# જામનગરની વિવેકાનંદ સોસાયટીના ત્રણ ડિફોલ્ટર સભાસદોની અપીલ ફગાવાઈ

જામનગર : જામનગરની સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડના ત્રણ ડિફોલ્ટર સભાસદો દ્વારા દાખલ કરાયેલી અપીલ સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે ટ્રાયલ કોર્ટ દ્વારા ફરમાવવામાં આવેલી જેલસજા તથા ચેકની રકમ મુજબના દંડના હુકમને યથાવત રાખ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, સોસાયટીના સભાસદો જયદીપગર પ્રભાતગર ગોસાઈ, જયેશ વિઠ્ઠલભાઈ સોરઠીયા અને અજયસિંહ ઉદયસિંહ જાડેજાએ સોસાયટીમાંથી લોન મેળવી હતી. લોનની ભરપાઈ માટે તેમણે સોસાયટીને ચેક આપ્યા હતા. જોકે, સોસાયટી દ્વારા ચેક બેંકમાં રજૂ કરતાં તે પરત ફર્યા હતા. ત્યારબાદ સોસાયટીના વકીલ દ્વારા કાયદેસરની નોટિસો પાઠવવામાં આવી હતી, પરંતુ તેમ છતાં આરોપીઓએ ચેકની રકમની ચુકવણી ન કરતાં તેમની સામે નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૩૮ હેઠળ કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

કેસની સુનાવણી પૂર્ણ થયા બાદ ટ્રાયલ કોર્ટે ત્રણેય આરોપીઓને દોષિત ઠેરવી ચેકની રકમ મુજબ દંડ અને જેલસજાનો હુકમ કર્યો હતો. આ ચુકાદાને પડકારતી અપીલ આરોપીઓએ સેશન્સ કોર્ટમાં દાખલ કરી હતી.

સેશન્સ કોર્ટે ટ્રાયલ કોર્ટના રેકોર્ડ તથા સુપ્રીમ કોર્ટના સંબંધિત ચુકાદાઓનો અભ્યાસ કર્યા બાદ ટ્રાયલ કોર્ટનો નિર્ણય યથાવત રાખ્યો હતો. તે મુજબ, જયેશ વિઠ્ઠલભાઈ સોરઠીયાને એક કેસમાં રૂ. ૨,૪૯,૦૦૫નો દંડ અને ૬ માસની જેલસજા, જ્યારે બીજા કેસમાં રૂ. ૫૮,૫૫૨નો દંડ અને ૪ માસની જેલસજા યથાવત રાખવામાં આવી છે.

ધ્રોલ તાલુકાના ખારવા ગામના જયદીપગર પ્રભાતગર ગોસાઈને રૂ. ૪૧,૨૭૬નો દંડ અને ૬ માસની જેલસજા, જ્યારે નવાગામ ઘેડ વિસ્તારમાં રહેતા અજયસિંહ ઉદયસિંહ જાડેજાને રૂ. ૧,૧૬,૫૩૨નો દંડ તથા ૪ માસની જેલસજાનો ટ્રાયલ કોર્ટનો હુકમ પણ સેશન્સ કોર્ટે યથાવત રાખ્યો છે. આ સાથે ત્રણેય આરોપીઓની અપીલો સેશન્સ કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# ખંભાળિયાના ઠાકરશેરડી પાસે ટેન્કર ગોથું ખાઈ જતા ચાલકને ઈજા

## ઢોર આડૂ ઉતરતા ટેન્કર અન્ય ટ્રક સાથે અથડાતા ટ્રકમાં નુકસાની

ખંભાળિયા : ખંભાળિયા પંથકના ઠાકર શેરડી ગામના રોડ પર ઢોર આડૂ ઉતરતા અને ટેન્કર ગોથું ખાઈ જતા તેના ચાલકને શરીરે નાની - મોટી ઈજા પહોંચી હતી તેમજ અન્ય ટ્રક સાથે અથડાતા ટ્રકને નુકસાની પહોંચાડવા સબબ ટ્રક ચાલકે તેના સામે સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાવતા પોલીસે સ્થળપર દોડી જઈ આગળની કાર્યવાહી આરંભી હતી.

મળતી માહિતી પ્રમાણે ખંભાળિયા તાલુકાના ઠાકર શેરડી ગામના રોડ પરથી જી. જે. ૧૮. બી. ડબલ્યુ ૬૮૯૪ નંબરના ટેન્કર ચાલકે પોતાનું વાહન પૂરઝડપે, બેફિકરાયથી અને ગફલતભરી રીતે ચલાવી વચ્ચે ઢોર આડૂ ઉતરતા અને સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ટેન્કર ગોથું ખાઈ ગયુ હતુ. આ વેળાએ જી. જે. ૧૪. ઝેડ. ૮૧૫૫ નંબરના ટ્રક સાથે અથડાતા ટ્રકમાં નુકસાની પહોંચાડી તેમજ પોતાને શરીરે મુંઢ ઈજા પહોંચાડતા ટેન્કર ચાલક સામે જયમલજી ધીરુભા જાડેજાએ ખંભાળિયા પોલીસ દફતરે ફરિયાદ નોંધાવતા હે. કો. બી. એમ. ગોજીયા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# દ્વારકાના રૂપેણ બંદરમાં સામુ જોવાના પ્રશ્ને યુવાન પર ચાર શખ્સોનો હુમલો

દ્વારકા : દ્વારકાના રૂપેણબંદર ખાતે એકબીજા સામુ જોવાના પ્રશ્ને બે યુવાન વચ્ચે બોલાચાલી થયા બાદ એક યુવાનના પિતા અને કુટુંબીજનો આ મામલે સમજાવવા જતા અને ઠપકો આપતા ઉશ્કેરાયેલા અન્ય યુવાન સહિત ચાર શખ્સે ભેગા મળી હુમલો તેમજ મારકૂટ કરી ઈજા પહોંચાડી હોઈ જે બનાવની ફરિયાદના આધારે સ્થાનિક પોલીસે આગળની કાર્યવાહી આરંભી હતી.

મળતી માહિતી પ્રમાણે દ્વારકાના રૂપેણબંદર ખાતે નવી મસ્જિદ પાસે રહેતા અસ્લમ ફારુકભાઈ ઈસબાણી નામના ૨૨ વર્ષના યુવાન ઉપર એજાજ સલીમભાઈ લુચાણી, નિઝામ મુસાભાઈ લુચાણી, અજ્ઝલ સલીમભાઈ લુચાણી અને ઉંમર ઓસમાણભાઈ લુચાણી નામના ચારેય શખ્સે લાકડાના ધોકા વડે હુમલો કરી તેમજ ઢીકાપાટુનો મારમારી ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચારેય સામે યુવાને દ્વારકા પોલીસ દફતરે ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. એન. એસ. ગોહિલ આગળની તપાસ ચલાવી રહ્યા છે.

હુમલાનો ભોગ બનનાર અસ્લમ ઈસબાણી પોતાના સસરાના ઘરે જતો હતો દરમિયાન અત્રે અન્સારી દાતારી ચોકમાં ઠંડા પીણાની દુકાને ઉભો હોય ત્યારે અંસાર લુચાણીએ એકબીજા સામે જોવા બાબતે ડખ્ખો કર્યો હતો બાદ યુવાન અને તેના પિતા, કુટુંબી ભાઈઓ વિગેરે અંસારના પરિવારને ઠપકો આપવા માટે ગયા હતા આ વેળાએ ફરી મામલો બિચક્યો હતો અને યુવાન ઉપર હુમલો કરતા ઈજા પહોંચી હતી.

# લાલપુરમાં ખેડૂતો-માલધારીઓની વિશાળ આક્રોશ રેલી

## સૌની યોજનાનું પાણી તાત્કાલિક છોડવા અને રાહતદરે ઘાસચારો આપવા મુખ્યમંત્રીને આવેદનપત્ર

જામનગર : જામનગર જિલ્લામાં ચોમાસાની ઋતુ વચ્ચે પણ પૂરતો વરસાદ ન પડતા લાલપુર અને જામજોધપુર તાલુકાના ખેડૂતો તેમજ માલધારીઓની સ્થિતિ દિનપ્રતિદિન કફોડી બની રહી છે. ખેતરોમાં પાક સુકાવાની ભીતિ અને પશુઓ માટે ઘાસચારાની અછત વચ્ચે ખેડૂતો અને માલધારીઓએ સિંચાઈ માટે સૌની યોજનાનું પાણી તાત્કાલિક છોડવાની માંગ સાથે ગઈકાલે લાલપુરમાં વિશાળ 'ખેડૂત આક્રોશ રેલી' યોજી હતી.




આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હેમંત ખવાની અધ્યક્ષતામાં યોજાયેલી આ રેલીમાં લાલપુર અને જામજોધપુર પંથકના બહોળી સંખ્યામાં ખેડૂતો, માલધારીઓ અને સ્થાનિક આગેવાનો જોડાયા હતા. રેલી તાલુકા પંચાયત કચેરી સુધી પહોંચી હતી, જ્યાં જિલ્લા કલેક્ટરને સંબોધીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આવેદનપત્રમાં રાજ્ય સરકારને સૌની યોજના હેઠળ તાત્કાલિક સિંચાઈનું પાણી છોડવાની, પશુપાલકોને રાહતદરે ઘાસચારો ઉપલબ્ધ કરાવવાની તેમજ વરસાદની અછતને કારણે ઉભી થયેલી વિકટ પરિસ્થિતિમાં ખેડૂતો અને માલધારીઓને જરૂરી સહાય અને રાહતના પગલાં ભરવાની માંગ કરવામાં આવી હતી.

ધારાસભ્ય હેમંત ખવાએ જણાવ્યું હતું કે વરસાદ ખેંચાતા ખેડૂતોના ઉભા પાક જોખમમાં મુકાયા છે, જ્યારે પશુપાલકો માટે પશુઓને ચારો પૂરું પાડવો મુશ્કેલ બન્યો છે. સરકાર તાત્કાલિક નિર્ણય લઈ સૌની યોજનાનું પાણી છોડે અને ખેડૂતો-માલધારીઓને રાહત આપે તેવી તેમણે માંગ કરી હતી. રેલી દરમિયાન ખેડૂતો અને માલધારીઓએ સરકાર સમક્ષ પોતાની સમસ્યાઓને વાચા આપી તાત્કાલિક યોગ્ય નિર્ણય લેવા અપીલ કરી હતી.

જામનગર મહાનગર સેવા સદન
વોટર વર્કસ શાખા
* ઈ - ટેન્ડર નિવિદા *

૧૫માં નાણાપંચ ગ્રાન્ટ હેઠળ મ્યુ. કમિશ્નર જામનગર મહાનગરપાલિકા જામનગર દ્વારા વોટર વર્કસ શાખાના નીચે મુજબના કામ માટે રજીસ્ટર્ડ કોન્ટ્રાકટરો પાસેથી ઓનલાઇન ટેન્ડરથી ભાવો માંગવામાં આવે છે

| ક્રમ | કામની વિગત | અંદાજીત રકમ રૂા. લાખમાં (જી.એસ.ટી.વગર) |
|---|---|---|
| ૧ | ડીમોલીશન ઓફ ઓલ્ડ ડીલાપીડેટેડ એકઝીસટીંગ સમ્પ વિથ ૭૨ લાખ લીટર કેપેસીટી એન્ડ કમ્પાઉન્ડ વોલ એન્ડ ડીઝાઇન, કન્સ્ટ્રકશન ઓફ ન્યુ સમ્પ ૭૫ લાખ લીટર કેપેસીટી વિથ પમ્પ હાઉસ એન્ડ ન્યુ આર.સી.સી. કમ્પાઉન્ડ વોલ, સી. સી. રોડ વિથ ઓલ એલાઇડ વર્કસ એન્ડ પર્મ્પીગ મશીનરી, પેનલ ઇન્કલુડીન્ગ ઇલેકટ્રીકલ વર્કસ એટ શંકર ટેકરી હેડ વર્કસ, જામનગર | ૬૮૧.૪૫ |

ઇ.એમ.ડી. તથા ડોકયુમેન્ટ ફી મ્યુનિસિપલ કમિશ્નર જામનગર મહાનગરપાલિકાની તરફેણમા ભરવાની રહેશે. સદરહું કામની ટેન્ડર નિવિદા, ડોકયુમેન્ટસ તથા ટેન્ડરને લગત વધુ માહિતી માટે જામનગર મહાનગરપાલિકાની વેબ સાઇટ https://jmctender.nprocure.com પરથી મેળવી શકાશે. ટેન્ડર ઇલેકટ્રોનીક ફોરમેટમાં વેબ સાઇટ https://jmctender.nprocure.com પર ડીજીટલ સહી સાથે ઓનલાઇન સબમિટ કરવાનું રહેશે. ઉપરોકત ટેન્ડર તારીખ : ૨૪-૦૭-૨૦૨૬ થી ઓન લાઇન જોઇ શકાશે.

કાર્યપાલક ઇજનેર
જામનગર મહાનગરપાલિકા

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

નં. જેએમસી/વો.વ./૦૨૧/૫૯/૨૦૨૬-૨૭
તા. ૨૧-૦૭-૨૦૨૬ ૨૯

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## પૂર નિયંત્રણ માટેની વર્તમાન વ્યવસ્થા તેની મૂળ સમસ્યા અને તેનું સમાધાન

ભારતમાં પૂર એ દર વર્ષે આવતી કુદરતી આપત્તિ છે, પરંતુ તેને માત્ર કુદરતી ઘટના કહેવી એ અધૂરી વાત છે. હાલમાં ભારતમાં પૂર નિયંત્રણ માટે મુખ્યત્વે ત્રણ પ્રકારની મિકેનિઝમ એટલે કે વ્યવસ્થાતંત્રો કામ કરે છે. પહેલી છે સ્ટ્રક્ચરલ મેઝર્સ એટલે કે બાંધકામ આધારિત ઉપાયો, જેમાં બંધ, તટબંધ એટલે કે નદી કિનારે બનાવેલી દીવાલો, ડેમ અને નદીઓને એકબીજા સાથે જોડવાની યોજનાઓનો સમાવેશ થાય છે. બીજી છે નોન-સ્ટ્રક્ચરલ મેઝર્સ એટલે કે બાંધકામ વગરના ઉપાયો, જેમાં પૂરની આગાહી, પૂરગ્રસ્ત વિસ્તારનું નકશા દ્વારા ઝોનિંગ એટલે કે વિસ્તારોનું વર્ગીકરણ અને લોકોને સમયસર ચેતવણી આપવાની સિસ્ટમનો સમાવેશ થાય છે. ત્રીજી છે ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ, જેમાં નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી, સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને સેન્ટ્રલ વોટર કમિશન જેવી સંસ્થાઓ રાહત અને બચાવનું કામ કરે છે.

આટલી બધી વ્યવસ્થાઓ હોવા છતાં દર ચોમાસે ભારે નુકસાન કેમ થાય છે, તેની પાછળ કેટલીક મૂળભૂત સમસ્યાઓ જવાબદાર છે. સૌથી મોટી સમસ્યા છે વોટરશેડ ડિગ્રેડેશન એટલે કે જળગ્રહણ ક્ષેત્રનું અધોગતિ. જળગ્રહણ ક્ષેત્ર એટલે એવો વિસ્તાર જ્યાં વરસાદનું પાણી એકઠું થઈને નદીમાં જાય છે. હિમાલય અને પશ્ચિમ ઘાટના વિસ્તારોમાં અંધાધૂંધ વૃક્ષો કાપવાને કારણે જમીન પાણીને શોષી શકતી નથી, જેના કારણે થોડા જ કલાકોના ભારે વરસાદમાં પણ પાણી સીધું નદીમાં વહી જાય છે અને પૂર આવે છે. બીજી મોટી સમસ્યા છે સિલ્ટેશન એટલે કે કાંપ ભરાવો. નદીઓ પોતાની સાથે પહાડોમાંથી કાંપ એટલે કે માટી અને રેતી લાવે છે, જે ધીમે ધીમે નદીના પટમાં અને ડેમના જળાશયમાં જમા થાય છે. આના કારણે નદીની પાણી સંગ્રહ કરવાની ક્ષમતા ઘટી જાય છે. ઘણી જગ્યાએ તટબંધો જૂના થઈ ગયા છે અને તેની યોગ્ય જાળવણી થતી નથી, જેથી પૂરના દબાણથી તે તૂટી જાય છે. ત્રીજી સમસ્યા છે અનિયોજિત શહેરીકરણ. શહેરોમાં કુદરતી રીતે પાણીના નિકાલ માટેના તળાવો, તળાવડીઓ અને વેટલેન્ડ્સ એટલે કે ભેજવાળી જમીનને પૂરીને તેના પર બાંધકામ કરી દેવામાં આવ્યું છે. પરિણામે વરસાદનું પાણી જમીનમાં ઉતરવાને બદલે રસ્તા પર ભરાઈ રહે છે, જેને અર્બન ફ્લડિંગ એટલે કે શહેરી પૂર કહેવાય છે. ચોથી અને સૌથી અગત્યની સમસ્યા છે ડેટા ફ્રેગમેન્ટેશન એટલે કે માહિતીનું છૂટુંછવાયું હોવું. હવામાન વિભાગ વરસાદનો ડેટા રાખે છે, સેન્ટ્રલ વોટર કમિશન નદીના જળસ્તરનો ડેટા રાખે છે અને રાજ્ય સરકારો પાસે જમીનના ઉપયોગનો ડેટા હોય છે. આ બધી માહિતી એક જ પ્લેટફોર્મ પર રિયલ ટાઈમ એટલે કે તાત્કાલિક ધોરણે ભેગી થતી નથી, જેથી સચોટ આગાહી કરવામાં વિલંબ થાય છે. આ સમસ્યાઓના નિવારણ માટે આપણે ઈન્ટિગ્રેટેડ ફ્લડ મેનેજમેન્ટ એટલે કે સંકલિત પૂર વ્યવસ્થાપન અપનાવવું પડશે. આનો અર્થ એ છે કે માત્ર નદીને કાબૂમાં લેવાને બદલે સમગ્ર જળગ્રહણ ક્ષેત્રથી લઈને સમુદ્ર સુધીના વિસ્તારને એક એકમ તરીકે જોવો. આ માટે સૌથી પહેલું પગલું છે કેચમેન્ટ એરિયા ટ્રીટમેન્ટ એટલે કે જળગ્રહણ ક્ષેત્રની સારવાર. પહાડી વિસ્તારોમાં મોટા પાયે વનીકરણ અને ચેક ડેમ જેવા નાના બંધો બનાવવાથી પાણીના વેગને ધીમો કરી શકાય છે. બીજું પગલું છે ફ્લડ પ્લેન ઝોનિંગ એટલે કે પૂરના મેદાનોનું નિયમન. નદી કિનારાના જે વિસ્તારોમાં દર વર્ષે પૂર આવે છે, ત્યાં કાયમી બાંધકામ પર પ્રતિબંધ મૂકવો જોઈએ અને તેને ખેતી અથવા પાર્ક તરીકે વિકસાવવા જોઈએ, જેથી પાણીને ફેલાવા માટે કુદરતી જગ્યા મળે. ત્રીજો ઉપાય છે નદીઓના કુદરતી પ્રવાહને પુનઃસ્થાપિત કરવો. ડિસિલ્ટિંગ એટલે કે કાંપ દૂર કરવાની કામગીરી અને વેટલેન્ડ્સના પુનર્જીવનથી નદીની વહનક્ષમતા વધે છે.

# એઆઈના સર્વરનું વિરાટ વિશ્વ

પ્રાંસગિક
સુરેશ ભટ્ટ

AI એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, જેનો સીધો અર્થ થાય છે માનવ જેવી વિચારવાની અને શીખવાની ક્ષમતા મશીનમાં નાખવી. આપણે માણસો અનુભવમાંથી શીખીએ છીએ, ભૂલ સુધારીએ છીએ અને નવા સંજોગોમાં નિર્ણય લઈએ છીએ, એ જ કામ કોમ્પ્યુટરને શીખવવાનો પ્રયાસ એટલે AI. તે કામ કરે છે ડેટા એટલે કે માહિતીના વિશાળ જથ્થા ઉપર. જ્યારે આપણે કોઈ બાળકને બિલાડી અને કૂતરા વચ્ચેનો તફાવત સમજાવીએ ત્યારે આપણે સેંકડો ચિત્રો બતાવીએ છીએ, AI ને પણ આવી જ રીતે લાખો ઉદાહરણો આપવામાં આવે છે. આ શીખવાની પ્રક્રિયાને મશીન લર્નિંગ એટલે કે મશીનને જાતે શીખવાની પદ્ધતિ કહેવાય છે અને તેની અંદરની વધુ ઊંડી પદ્ધતિને ડીપ લર્નિંગ એટલે કે મગજના ચેતાકોષો જેવા સ્તરો બનાવીને શીખવાની પદ્ધતિ કહેવાય છે. તમે જ્યારે ચેટબોટને પ્રશ્ન પૂછો છો ત્યારે તે ઈન્ટરનેટ પર સર્ચ કરીને જવાબ નથી આપતું, પણ તેણે પહેલાથી શીખેલા અબજો શબ્દોના સંબંધોના આધારે આગળ કયો શબ્દ આવવો જોઈએ તેનું અનુમાન કરે છે.

આ બધી શીખવાની અને અનુમાન કરવાની પ્રક્રિયા કોઈ નાના લેપટોપમાં નથી થતી, તેના માટે ખાસ પ્રકારની ઈમારતો હોય છે જેને AI સર્વર અથવા ડેટા સેન્ટર એટલે કે માહિતીનો સંગ્રહ અને ગણતરી કરવાનું કેન્દ્ર કહેવાય છે. AI સર્વરની રચનાને સાદી ભાષામાં સમજીએ તો તે એક મોટું વેરહાઉસ છે જેમાં હજારો લોખંડના કબાટ હોય છે, જેને રેક એટલે કે સર્વર ગોઠવવાના ઘોડા કહેવાય છે. દરેક રેકમાં સામાન્ય કોમ્પ્યુટરના CPU એટલે કે સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ જે સામાન્ય ગણતરીઓ કરે છે તેના બદલે GPU એટલે કે ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ લાગેલા હોય છે. GPU એ એવી ચીપ છે જે એક સાથે હજારો નાની ગણતરીઓ કરી શકે છે, જે AI ને તાલીમ આપવા માટે ખૂબ જરૂરી છે. આ રેક્સને ચોવીસ કલાક વીજળી મળે તે માટે નીચે મોટા UPS એટલે કે અવિરત વીજ પુરવઠાની બેટરીઓ અને ડીઝલ જનરેટર હોય છે. સાથે જ ફાઈબર ઓપ્ટિક કેબલ એટલે કે કાચના તારથી બનેલું અત્યંત ઝડપી ઈન્ટરનેટ નેટવર્ક હોય છે જે બધા સર્વરોને એકબીજા સાથે જોડી રાખે છે. આખા કેન્દ્રને એક કંટ્રોલ રૂમમાંથી જોવામાં આવે છે જ્યાં દરેક રેકનું તાપમાન, વીજ વપરાશ અને સુરક્ષા કેમેરા છૈં આધારિત સોફ્ટવેરથી મોનિટર થાય છે.

હવે તમારા બીજા પ્રશ્ન તરફ આવીએ, જે કુદરતી સરોવરો વિશે છે. દુનિયાનું સૌથી મોટું સરોવર કેસ્પિયન સમુદ્ર છે, જેનું ક્ષેત્રફળ લગભગ ત્રણ લાખ એકાણું હજાર ચોરસ કિલોમીટર છે. ભલે તેને સમુદ્ર કહેવાય છે પણ તે ચારેબાજુ જમીનથી ઘેરાયેલું હોવાથી તે ભૂગોળની દ્રષ્ટિએ સરોવર જ ગણાય છે અને તે ખારું છે. આ સરોવર પાંચ દેશોની સરહદને અડે છે, જેમાં કઝાકિસ્તાન, તુર્કમેનિસ્તાન, અઝરબૈજાન, રશિયા અને ઈરાન સામેલ છે. જો મીઠા પાણીના સરોવરની વાત કરીએ તો દુનિયાનું સૌથી મોટું મીઠા પાણીનું સરોવર સુપીરિયર સરોવર છે જે અમેરિકા અને કેનેડા બંને દેશો વચ્ચે આવેલું છે અને તેનું ક્ષેત્રફળ બ્યાસી હજાર ચોરસ કિલોમીટરથી વધુ છે. તે પછી વિક્ટોરિયા સરોવર આવે છે જે આફ્રિકામાં તાન્ઝાનિયા, યુગાન્ડા અને કેન્યા દેશોમાં ફેલાયેલું છે. આ ઉપરાંત રશિયાનું બૈકલ સરોવર દુનિયાનું સૌથી ઊંડું અને સૌથી વધુ પાણીનો જથ્થો ધરાવતું મીઠા પાણીનું સરોવર છે. આ કુદરતી સરોવરો કરોડો વર્ષોમાં બન્યા છે, જ્યારે AI સર્વર માનવસર્જિત ગરમીના સરોવર જેવા છે જેને સતત ઠંડા કરવા પડે છે. c4d3 નામના

AI સર્વરમાં પાણીની જરૂરિયાત એ તેનો સૌથી અઘરો અને ઓછો ચર્ચાતો મુદ્દો છે. સર્વરો દિવસ રાત કામ કરે ત્યારે અતિશય ગરમી પેદા કરે છે અને જો આ ગરમી કાઢવામાં ન આવે તો ચીપો બળી જાય છે. આ ગરમીને કાઢવા માટે મોટા ભાગના ડેટા સેન્ટરો બાષ્પીભવન આધારિત ઠંડક પ્રણાલી એટલે કે પાણીને વરાળ બનાવીને ગરમી ઉડાવી દેવાની પદ્ધતિ વાપરે છે. એક અંદાજ મુજબ એક સામાન્ય સો મેગાવોટ ક્ષમતા ધરાવતું હાઈપરસ્કેલ ડેટા સેન્ટર એટલે કે વિશાળ કદનું કેન્દ્ર એક દિવસમાં લગભગ વીસ લાખ લિટર પાણી વાપરે છે. બીજા એક અહેવાલ મુજબ એક મોટું AI ડેટા સેન્ટર દરરોજ પચાસ લાખ ગેલન એટલે કે લગભગ એક કરોડ નવ્વાણું લાખ લિટર પાણી સુધી વાપરી શકે છે. ગૂગલ કંપનીએ એકલાએ જ વર્ષ બે હજાર ચોવીસમાં તેના તમામ ડેટા સેન્ટરોમાં લગભગ એકત્રીસ અબજ લિટર પાણી વાપર્યું હોવાનું નોંધાયું છે. મોર્ગન સ્ટેનલીના એક રિપોર્ટ મુજબ છૈં ને કારણે ઠંડક અને વીજળી ઉત્પાદન માટે પાણીનો વપરાશ બે હજાર અઠ્ઠાવીસ સુધીમાં અગિયાર ગણો વધીને એક હજાર અડસઠ અબજ લિટર પ્રતિ વર્ષ સુધી પહોંચી શકે છે. આ પાણીનો વપરાશ ત્રણ સ્તરે થાય છે, પહેલું સીધું સ્તર જેને સ્કોપ વન કહેવાય છે તેમાં સર્વરને ઠંડુ કરવા, બીજું પરોક્ષ સ્તર સ્કોપ ટુ જેમાં વીજળી બનાવવા માટે પાવર પ્લાન્ટમાં પાણી વપરાય છે, અને ત્રીજું સ્કોપ થ્રી જેમાં ચીપ બનાવવા માટે અતિ શુદ્ધ પાણી વપરાય છે. એક ચેટજીપીટીના એક પ્રશ્ન પાછળ લગભગ એક ચમચીના પાંચમા ભાગ જેટલું પાણી વરાળ થઈ જાય છે તેવું પણ કહેવાય છે, અને જ્યારે દરરોજ અબજો પ્રશ્નો પૂછાય ત્યારે આ નાનો આંકડો ખૂબ મોટો બની જાય છે.

ભારતમાં પણ હવે AI સર્વરનું નેટવર્ક ખૂબ ઝડપથી બની રહ્યું છે. અત્યારે ભારત પાસે લગભગ એક દશાંશ છ ગીગાવોટ કાર્યરત ક્ષમતા છે અને ત્રણ દશાંશ એક ગીગાવોટ બાંધકામ હેઠળ છે, જે એશિયા પેસિફિકમાં બીજા ક્રમનું સૌથી મોટું બજાર છે. મુંબઈ દેશની લગભગ સુડતાલીસ ટકા ક્ષમતા ધરાવે છે કારણ કે ત્યાં સમુદ્રના કેબલ એટલે કે સબસી કેબલ જે દુનિયાને ઈન્ટરનેટથી જોડે છે તેનો લેન્ડિંગ પોઈન્ટ છે. મુંબઈમાં નવી મુંબઈ સ્થિત યોટા દ્રસ૧ ડેટા સેન્ટર ભારતનું સૌથી મોટું AI માટે તૈયાર કેન્દ્ર છે જેમાં સાત હજાર બસ્સો રેક અને બસ્સો દસ મેગાવોટ ક્ષમતા છે. ચેન્નાઈ બીજું મોટું કેન્દ્ર છે જ્યાં સિપકોટ પાર્કમાં સિફી, કેપિટાલેન્ડ અને L&T વ્યોમા જેવી કંપનીઓએ ત્રીસ મેગાવોટના AI ફેક્ટરીઓ બનાવી છે જેમાં એનવીડિયા H100 અને બ્લેકવેલ GPU વપરાય છે. હૈદરાબાદમાં કંટ્રોલજી અને STT GDC એ AI અને હાઈ પરફોર્મન્સ કમ્પ્યુટિંગ એટલે કે ઉચ્ચ ક્ષમતાની ગણતરી માટે ક્લસ્ટર ઉભા કર્યા છે. નોઈડા ગ્રેટર નોઈડામાં યોટાનું D1 કેન્દ્ર પણ ચાલીસ મેગાવોટથી શરૂ કરી બસ્સો પચાસ મેગાવોટ સુધી વિસ્તરે તેવું છે. નવી ઘોષણાઓમાં સૌથી મોટી જાહેરાત વિશાખાપટ્ટનમમાં ગૂગલ, અદાણી અને એરટેલ દ્વારા પંદર અબજ ડોલરના રોકાણથી બનનારું એક

### આપ જ્યારે ચેટ જીટીપીમાં “આપનો આભાર”એટલું જ લખો છો ત્યારે અંદાજે ૫૦ લીટર પાણી વપરાઈ જાય છે!

ગીગાવોટનું AI હબ છે જે સીધા અમેરિકા અને ઓસ્ટ્રેલિયા સાથે સબસી કેબલથી જોડાશે. આ ઉપરાંત રિલાયન્સ જામનગર અને વિશાખાપટ્ટનમમાં એક એક ગીગાવોટના બે મોટા AI કેમ્પસ બનાવી રહ્યું છે. ગુજરાતમાં પણ સરકારે ધોલેરાને દુનિયાનું સૌથી મોટું ડેટા સેન્ટર શહેર બનાવવાની નીતિ બહાર પાડી છે જેમાં સાત દશાંશ પાંચ ગીગાવોટની ક્ષમતાનું લક્ષ્ય છે અને રિન્યુએબલ એનર્જી એટલે કે સૌર અને પવન ઉર્જાથી ચાલતા કેન્દ્રોને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. ટીસીએસએ પણ તાજેતરમાં વિશાખાપટ્ટનમ અને પુણેમાં ઓપનAI માટે જમીન લીધી હોવાના અહેવાલ છે.

આમ જોતાં છૈં એ માત્ર સોફ્ટવેર નથી, તેની પાછળ લોખંડ, વીજળી અને પાણીની વિશાળ ભૌતિક દુનિયા છે. જેમ કુદરતી સરોવરો પૃથ્વીના હવામાનને સમતોલ રાખે છે, તેમ છૈં સર્વરોને સમતોલ રાખવા માટે પણ પાણી અનિવાર્ય બન્યું છે, અને ભવિષ્યમાં લિક્વિડ કૂલિંગ એટલે કે સીધા ચીપ ઉપર પ્રવાહી ફેરવીને ઠંડુ કરવાની પદ્ધતિ અને ક્લોઝ્ડ લૂપ સિસ્ટમ એટલે કે પાણીને વારંવાર ફેરવતી બંધ પ્રણાલીથી પાણીનો વપરાશ ઘટાડવાના પ્રયાસો થઈ રહ્યા છે.

હવે એક સમય એવો આવશે કે માનવી જેટલા પાણીનો ઉપયોગ કરે છે તેના કરતાં વધારે પાણીની જરૂરિયાત સર્વરની કૂલિંગ સિસ્ટમ વાપરી નાખશે?

આટલા મોટા પ્રમાણમાં પાણી ક્યાંથી લાવશો એ પ્રશ્ન આજે દરેક દેશને મુંઝવે છે. ગુજરાતમાં ખાતે જામનગર ખાતે મોટું એઆઈ સર્વર બની રહ્યું છે સાણંદ અને ધોલેરામાં મોટી મોટી કંપનીઓ માઈક્રોચિપ સેમિકન્ડક્ટર ના પ્લાન્ટ નાખે છે તેના માટે પાણીની જરૂરિયાત સૌથી વધુ છે આ પાણી માટે કલ્પસર સિવાય બીજો કોઈ વિકલ્પ નથી માટે થાય તેમજ વીજળીની જરૂરિયાત માટે સરકારે કોલ્ડ ફ્રીજમાં નાખેલો મીઠી વીરડી અણું ઉર્જા મથકના લોકેશન ફેરવીને તળાજા પંથકમાં કાર્યરત કરવામાં આવે તે જરૂરી છે તો ૬૦૦૦ મેગા વોટ વીજળી પ્રાપ્ત થઈ શકે

# દયા દબાવી રાખવાથી સંવેદના સુકાઈ જશે

વિશેષ

દરેક ક્ષણોને સંવેદનશીલ બની જીવી જવાય તો એ જીવનની શ્રેષ્ઠ ઉપલબ્ધિ બને છે. ઈશ્વરે માણસમાં જ નહિ આખી જીવસૃષ્ટિમાં લાગણીના બીજ રોપેલાં છે

એકવાર શિવજી અને પાર્વતીજી વિહાર કરી રહ્યા હતા. ત્યાં પાર્વતીજીએ શ્રીરામને વિરહાવસ્થામાં જોયા. તે સીતાજીની શોધ કરી રહ્યા હતા. શિવજીએ કહ્યું તે મારા આરાધ્યદેવ છે. વ્યાકુળતાથી અત્યારે લીલા કરી રહ્યા છે. પણ પાર્વતીજીને તેમની વાત ગળે ના ઉતરી. તે શ્રીરામની પરીક્ષા કરવા ગયાં. સીતાજીનું રૂપ ધારણ કરી શ્રીરામની સામે જઈ ઊભા રહ્યાં. શ્રીરામે તેમને જોયાં. 'દેવી જગદંબા ! આપ અહીં એકલાં ? શિવજી ક્યાં છે ? તે પ્રસન્ન તો છે ને ?' ત્યારબાદ શિવજીએ પોતાના આરાધ્યદેવની પત્નીનું રૂપ ધારણ કરનાર પાર્વતીજીને માતા સમાન પૂજ્ય ગણી પત્ની તરીકે તેમનો ત્યાગ કર્યો. પાર્વતીજીને ખૂબ પસ્તાવો થયો. તેમણે શિવજીને પુનઃ પ્રાપ્ત કરવા દેહત્યાગ કરી બીજો જન્મ લીધો. અને અખંડ તપ શરૂ કર્યું. તપ કરતાં કરતાં વર્ષો વીતી ગયાં. એકવાર તે આશ્રમના પ્રાંગણમાં બેઠાં હતાં ત્યારે દૂરથી બચાવોપ બચાવોપની બૂમ સાંભળી. પાર્વતીજી સફાળા દોડીને નજીકના સરોવર કિનારે પહોંચ્યા. એક મોટા મગરે નાના બાળકને મજબૂત પકડયો હતો. બાળકનો જીવ જોખમમાં હતો. પાર્વતીજીએ મગરને વિનંતી કરી કે તે તેને છોડી દે. પણ ભૂખ્યો મગર તેને છોડવા તૈયાર નહોતો. પાર્વતીજીએ ખૂબ આજીજી કરી. છેવટે કહ્યું. 'મગરરાજ, આ નાજુક બાળકને છોડી દો. હું અત્યાર સુધી કરેલા તપનુ ફળ તમને અર્પણ કરું છું. મહેરબાની કરી રિબાતા, તરફડતા જીવને છોડી દો !!' તેમનું ફળ મળતાં જ મગરનું શરીર તેજસ્વી થઈ ગયું. તેણે બાળકને છોડી દીધો. 'દેવી, તમે આ શું કર્યું ? આવા નાના બાળક માટે જીવનભરના તપનું ફળ અર્પણ કરી દીધું !! તમારી આ માતૃતુલ્ય મમતા જોઈ હું પ્રસન્ન છું.' આટલું કહેતાં જ મગર અંતર્ધાન થઈ ગયો અને શિવજી પ્રગટ થયા. 'પાર્વતીજી, તમારો ત્યાગ અને દયા અનુપમ છે. હવે તમારે તપ કરવાની જરૂર નથી. તમારી આરાધના પુરી થઈ. 'ત્યારબાદ શિવજીએ સતી પાર્વતીજીનો પત્ની તરીકે સ્વીકાર કર્યો. બીજાઓમાં પોતાની જાત દેખાય ત્યારે અનુકંપા જાગે છે.

ક્યારેક વહેતી નદી સુકાઈ જાય તો પણ એકાદ ફૂટનો ખાડો ખોદવાથી જળની ભીનાશ અનુભવાય છે. થોડું વધારે ઊંડે જવાય તો નિર્મળ જળ મળી આવે છે. માણસના હૃદય ઉપર ભલે દુનિયાદારીના પડ જામી ગયાં હોય પણ જો એ પડ એક પછી એક હટાવાય તો ભીતર રહેલી સંવેદનાની હાજરી દરેકને દેખાય છે. જીવાતી દરેક ક્ષણોને સંવેદનશીલ બની જીવી જવાય તો એ જીવનની શ્રેષ્ઠ ઉપલબ્ધિ બને છે. ઈશ્વરે માણસમાં જ નહિ આખી જીવસૃષ્ટિમાં લાગણીના બીજ રોપેલાં છે.

જાપાનના અમુક વિસ્તારમાં ભૂકંપથી બચવા લાકડાના મકાનો બનાવાય છે. ત્યાં દિવાલના બે પડ વચ્ચે ખાલી જગ્યા રખાય છે. એક માણસે બે વરસ બાદ પોતાના ઘરનું રિનોવેશન કરવા દિવાલ તોડાવી. દિવાલ તોડતાં તેણે જોયું કે ખાલી જગ્યામાં એક ગરોળી ચોંટી ગઈ હતી. ક્યારેક તેણે દિવાલમાં ખીલી લગાવી હશે ત્યારે એ ખીલી ગરોળીના પગમાં ઘૂસીગઈ હતી. ગરોળીને જીવતી જોઈને તેને સુખદ આશ્ચર્ય થયું. તેણે તરત કામ અટકાવ્યું. પછી બારીકાઈથી નિરીક્ષણ કર્યું. થોડા સમય પછી એક બીજી ગરોળી ત્યાં આવી. તે મોઢામાં ખાવાનું લઈને આવી હતી. તેણે ચોંટી ગયેલી ગરોળીને ખાવાનું ખવડાવ્યું. આ ભાવાત્મક દ્રશ્ય જોઈ તે માણસ ગદ્ગદ્ થઈ ગયો. હરખની એક લહેર તેના રૂંવેરૂંવે વ્યાપી ગઈ. પ્રતિકૂળ પરિસ્થિતિમાં એક અબોલ જીવ બીજા જીવની કેટલી કાળજી રાખે છે. એ જોઈ તે લાગણીશીલ થઈ ગયો. તેણે અતિ કોમળતાથી પગમાં ફસાયેલી ખીલી કાઢી, ગરોળીને મુક્ત કરી. એ રાતે જાણે અજાણ્યે તે ગરોળીની પીડા માટે નિમિત્ત બન્યો તેની ઈશ્વર પાસે માફી માગી અને ગરોળી વહેલી તકે વેદના મુક્ત થાય એવી પ્રાર્થના કરી.

જ્યારે એક વ્યક્તિ ભૂખ્યાને ભોજન પીરસે છે ત્યારે દેવી અન્નપૂર્ણા પણ સ્વર્ગ છોડી પીરસાયેલાં ભોજનમાં સ્વાદ બની હાજર રહે છે. આપણા જીવનમાં સહાનુભૂતિ દર્શાવવાની તક મળે અને આપણે આંખ આડા કાન કરી ત્યાંથી પસાર થઈ જઈએ તો આપણે ઈશ્વરે આપેલા મનુષ્યત્વનું અપમાન કરીએ છીએ. 'બીકમીંગ ધ અધર' એટલે પોતાની જાત ભૂલીને બીજું બની જવું. બીજામાં પોતાની જાત દેખાય ત્યારે જ અનુકંપા જાગે છે.

# ગુજરાત રાજ્યને વધું સમૃદ્ધ બનાવતી રાજકીય રણનીતિ

## અષાઢી બીજે અમદાવાદમાં રણનીતિનો શંખનાદ, ૨૦૨૭ માં ૧૬૦ બેઠકોના વિજય સંકલ્પ સાથે ભાજપનું નવું અભિયાન

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

વર્ષ ૨૦૨૭ ના અંતે યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા ૧૮૨ માંથી ૧૬૦ બેઠકો જીતવાનો જે મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, તે માત્ર એક રાજકીય આંકડો નથી, પરંતુ ગુજરાતના જનમાનસમાં છેલ્લા ત્રણ દાયકાથી અવિરતપણે રહેલા વિશ્વાસનો પડઘો છે. આ લક્ષ્યાંક પાછળ સત્તા પ્રાપ્તિ કરતા વિશેષ વિકાસની રાજનીતિને વધુ મજબૂત બનાવવાની ભાવના રહેલી છે.

આ લક્ષ્યાંકને ચરિતાર્થ કરવાની દિશામાં સૌથી મહત્વનું પગલું અષાઢી બીજના પાવન દિવસે અમદાવાદમાં જોવા મળ્યું. જ્યારે સમગ્ર અમદાવાદ જગન્નાથજીની ભવ્ય રથયાત્રાના ભક્તિમય માહોલમાં હતું, તે જ સમયે ભાજપના કેન્દ્રીય નેતૃત્વએ સંગઠનને વધુ ગતિશીલ બનાવવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કર્યું. પ્રાપ્ત માહિતી અનુસાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત ચોથી જુલાઈએ અમદાવાદ એરપોર્ટ પર મુખ્યમંત્રી સહિત મંત્રીપરિષદના ૨૬ માંથી ૨૪ સભ્યો અને પ્રદેશના મુખ્ય હોદ્દેદારો સાથે પોણા કલાક સુધી ખાસ ક્લાસ લીધો હતો અને સુશાસન તથા સરકાર સંચાલન અંગે માર્ગદર્શન અને લેશન સોંપ્યું હતું. આ ક્લાસના બારમા જ દિવસે અષાઢી બીજના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના શ્રી કમલમ ખાતે આવેલા પ્રદેશ ભાજપ કાર્યાલયમાં બંધ બારણે લગભગ બે કલાક સુધી ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના પાંચ જેટલા વરિષ્ઠ મંત્રીઓ, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી સહિત પાંચ પદાધિકારીઓ અને મહામંત્રીઓ હાજર રહ્યા હતા. સાત મોવડીઓ સાથેની આ બે કલાકની મેરેથોન બેઠકમાં ૧૮૨ માંથી ૧૬૦ બેઠકો જીતવાના લક્ષ્યાંકને કેવી રીતે સિદ્ધ કરવો તેની સૂક્ષ્મ રણનીતિ પર મંથન થયું હતું. રથયાત્રાના વ્યસ્ત કાર્યક્રમ વચ્ચે પણ સંગઠન માટે સમય કાઢીને યોજાયેલી આ બેઠકે કાર્યકર્તાઓમાં જબરદસ્ત ઉત્સાહ અને નવી ઉર્જાનો સંચાર કર્યો છે.

આ રણનીતિનો પાયો બે મજબૂત સ્તંભો પર રચાયેલો છે. પ્રથમ સ્તંભ છે સંગઠન અને બીજો છે જનસંપર્ક. ભાજપનું પેજ સમિતિ સુધીનું માળખું, દરેક બુથ પર કાર્યકર્તાની હાજરી અને મતદાર યાદીના સૂક્ષ્મ મેનેજમેન્ટની જે પદ્ધતિ છે, તે અન્ય કોઈ પક્ષ પાસે નથી. ૧૬૦ બેઠકોના લક્ષ્યને સાકાર કરવા માટે હવે માઈક્રો મેનેજમેન્ટને વધુ ધારદાર બનાવવામાં આવશે, જ્યાં દરેક મતક્ષેત્રમાં જીતનું અંતર વધારવા અને નબળા મનાતા વિસ્તારોમાં સતત સંપર્ક દ્વારા જનઆધાર વધુ મજબૂત કરવાનું કામ થશે. આ કોઈ હવાઈ રણનીતિ નથી, પરંતુ જમીન પરના કાર્યકર્તાના પરસેવા પર આધારિત ગણતરી છે.

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના શાસનની સફળતા એ માત્ર ચૂંટણીની જીતનો ઈતિહાસ નથી, પરંતુ સતત વિકાસ અને સુશાસનનું જીવંત ઉદાહરણ છે. ૧૯૯૫ થી શરૂ થયેલી આ વિકાસયાત્રાએ ગુજરાતને દેશના સૌથી પ્રગતિશીલ રાજ્ય તરીકે સ્થાપિત કર્યું છે. ભાજપ શાસનની સૌથી મોટી સફળતા સ્થિરતા અને સુરક્ષા છે. એક સમયે અવારનવાર કર્ફ્યુ અને અશાંતિથી પીડાતું ગુજરાત આજે કાયદો અને વ્યવસ્થાનું મોડેલ બન્યું છે, જેના કારણે મોટા પાયે મૂડીરોકાણ આવ્યું છે.




બીજી મોટી સફળતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે છે. નર્મદા ડેમથી ખેતર સુધી પાણી પહોંચાડવું, જ્યોતિગ્રામ યોજનાથી ગામડે ગામડે ૨૪ કલાક વીજળી, વિશ્વ સ્તરીય રોડ નેટવર્ક, બ્રિસ્ટ સિટી ગિફ્ટ સિટી, ધોલેરા જૈંઈ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા પ્રોજેક્ટ્સએ ગુજરાતની તસવીર બદલી નાખી છે. ઔદ્યોગિક વિકાસમાં વાયબ્રન્ટ ગુજરાત સમિટ દ્વારા ગુજરાતને વૈશ્વિક રોકાણનું હબ બનાવવામાં આવ્યું છે. ખેડૂતો માટે કૃષિ મહોત્સવ, સોઈલ હેલ્થ કાર્ડ, ખેતીવાડીમાં ટેકનોલોજીના ઉપયોગથી કૃષિ વિકાસ દર બે આંકડામાં પહોંચ્યો છે. સામાજિક ક્ષેત્રે પણ શિક્ષણમાં કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવ, આરોગ્યમાં ૧૦૮ સેવા, માં અમૃતમ કાર્ડ જેવી યોજનાઓએ છેવાડાના માનવીને લાભ આપ્યો છે. ટૂંકમાં, ભાજપનું શાસન એટલે નિર્ણયોમાં ઝડપ, નીતિઓમાં સ્પષ્ટતા અને અમલીકરણમાં ચોકસાઈ. જેના કારણે ગુજરાત આજે વિકાસનું રોલ મોડેલ બન્યું છે. બીજી તરફ આ રણનીતિનો આત્મા વિકાસ જ છે. ગુજરાતની જનતાએ હંમેશા સ્થિરતા, સુરક્ષા અને સમૃદ્ધિને મત આપ્યો છે. ડબલ એન્જિન સરકારના કારણે કેન્દ્રની યોજનાઓનું અમલીકરણ ગુજરાતમાં સૌથી ઝડપી થયું છે. જ્યારે લક્ષ્યાંક ૧૬૦ નો હોય ત્યારે સરકારે વધુ વિનમ્ર બનીને, વધુ લોકાભિમુખ બનીને કામ કરવું પડે છે, અને ભાજપની આ જ કાર્યપદ્ધતિએ તેને અજેય બનાવ્યો છે. તેથી આ ૧૬૦ નો આંકડો ઘમંડ નથી, પરંતુ ગુજરાતની પ્રજા પ્રત્યેની જવાબદારીનો સ્વીકાર છે.

# અફઘાનિસ્તાનને ફટકો : હશમતુલ્લાહ શાહિદીનો વન-ડે કેપ્ટન પદ છોડવાનો નિર્ણય

નવીદિલ્હી,

૨૦૨૭ વનડે વર્લ્ડ કપની તૈયારીઓ પહેલા અફઘાનિસ્તાનને મોટો ફટકો પડ્યો છે, જેમાં ૨૦૨૨ થી ટીમની કેપ્ટનશીપ કરી રહેલા હશમતુલ્લાહ શાહિદીએ તાત્કાલિક અસરથી પદ છોડવાનો નિર્ણય લીધો છે. જાન્યુઆરી ૨૦૨૨ માં હશમતુલ્લાહ શાહિદીએ વનડેમાં અફઘાનિસ્તાનનું નેતૃત્વ સંભાળ્યું, ત્યારબાદ તેમણે ૫૫ વનડેમાં તેમનું નેતૃત્વ કર્યું, જેમાંથી છેલ્લી જૂનની શરૂઆતમાં ભારતના પ્રવાસ દરમિયાન રમાયેલી ત્રણ મેચની વનડે શ્રેણી હતી.

હશમતુલ્લાહ શાહિદીની કેપ્ટનશીપ હેઠળ, અફઘાનિસ્તાને છેલ્લા કેટલાક વર્ષોમાં વનડે ફોર્મેટમાં પ્રભાવશાળી પ્રદર્શન જોયું છે, જેમાં ૨૦૨૩ માં એશિયા કપ અને વનડે વર્લ્ડ કપ તેમજ ૨૦૨૫ માં ચેમ્પિયન્સ ટ્રોફીનો સમાવેશ થાય છે. શાહિદીની કેપ્ટનશીપ હેઠળ, અફઘાનિસ્તાને કુલ ૫૫ વનડે મેચ રમી છે, જેમાંથી ૨૭ જીતી છે, જેમાં ૨૦૨૩ ના વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ, પાકિસ્તાન, શ્રીલંકા અને નેધરલેન્ડ સામેની જીતનો સમાવેશ થાય છે. અફઘાનિસ્તાન ૨૦૨૩ વનડે વર્લ્ડ કપના સેમિફાઈનલમાં સ્થાન મેળવવાની ખૂબ નજીક હતું, પરંતુ ઓસ્ટ્રેલિયા સામે એક મહત્વપૂર્ણ મેચ હારી ગયું, જેના કારણે તે આ સિદ્ધિ મેળવી શક્યું નહીં. અફઘાનિસ્તાને ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફીમાં ટુર્નામેન્ટમાં છઠ્ઠા સ્થાને રહીને પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું, ફાઈનલમાં ઈંગ્લેન્ડને હરાવ્યું.

હશમતુલ્લાહ શાહિદીનું ઓડીઆઈ ફોર્મેટમાં કેપ્ટન તરીકે બેટિંગ પ્રદર્શન ખૂબ સારું હતું, તેણે ૩૩.૭૯ ની સરેરાશ અને ૭૦.૭૭ ના સ્ટ્રાઈક રેટથી સ્કોર કર્યો. તેણે પોતાની કારકિર્દીની એકમાત્ર સદી પણ ફટકારી, જે ભારત સામેની ત્રણ મેચની ઓડીઆઈ શ્રેણીમાં આવી હતી. હશમતુલ્લાહ શાહિદીની કેપ્ટનશીપ હેઠળ, અફઘાનિસ્તાને દ્વિપક્ષીય શ્રેણીમાં બાંગ્લાદેશને ત્રણ વખત, ઝિમ્બાબ્વેને બે વખત અને દક્ષિણ આફ્રિકા અને આયર્લેન્ડને એક-એક વખત હરાવ્યું.



# ઝિમ્બાબ્વે ખૂબ જ સારી ટીમ છે અને તે ઉત્તમ ક્રિકેટ રમી રહી છે : ઉપ સુકાની તિલક વર્મા

નવીદિલ્હી,

છેલ્લો મહિનો આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારતીય ટીમ માટે અપેક્ષા મુજબ રહ્યો નથી, તેમને ટી ૨૦ આંતરરાષ્ટ્રીય અને વનડે બંને ફોર્મેટમાં શ્રેણી હારનો સામનો કરવો પડ્યો છે. નવા કેપ્ટન શ્રેયસ ઐયરના નેતૃત્વ હેઠળ ટીમ ઈન્ડિયાનું ટી ૨૦ અભિયાન એક દુઃસ્વપ્નથી ઓછું રહ્યું નથી, ટીમ અત્યાર સુધી બે શ્રેણીમાં એક પણ મેચ જીતી શકી નથી. ભારતીય ટીમ હવે ૨૩ જુલાઈથી શરૂ થતી ત્રણ મેચની ટી ૨૦ શ્રેણી માટે ઝિમ્બાબ્વેનો પ્રવાસ કરી રહી છે, અને ટીમ ઈન્ડિયા યજમાન ટીમને હળવાશથી લેવાનું પોસાય તેમ નથી. આ ફોર્મેટમાં ભારતીય ટીમના વર્તમાન ઉપ-કપ્તાન તિલક વર્માના આવા જ નિવેદનમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે ઝિમ્બાબ્વે ખૂબ જ સારી ટીમ છે અને તે ઉત્તમ ક્રિકેટ રમી રહી છે, ગયા વર્ષે શ્રેણીમાં તેમની સામે પહેલી મેચ જીતી હતી.



ઝિમ્બાબ્વે સામે ત્રણ મેચની ટી ૨૦ શ્રેણી શરૂ થાય તે પહેલાં ૨૧ જુલાઈના રોજ પ્રેક્ટિસ સેશન પછી એક પ્રેસ કોન્ફરન્સમાં બોલતા, તિલક વર્માએ કહ્યું કે ઝિમ્બાબ્વે ઘરઆંગણે ખૂબ જ મજબૂત ટીમ છે અને તેણે છેલ્લા એક વર્ષમાં ઉત્તમ પ્રદર્શન કર્યું છે. આવી સ્થિતિમાં, અમને સંપૂર્ણ આશા છે કે તેઓ આ શ્રેણીમાં અમને સખત લડાઈ આપશે. જ્યારે તિલકે ત્યાંની સ્થિતિ વિશે પૂછ્યું ત્યારે તેણે કહ્યું, "ગઈ વખતે વિકેટ સારી હતી, તેથી હું વૈભવ સૂર્યવંશી સાથે વાત કરી રહ્યો હતો કારણ કે જ્યારે અમે ગયા વર્ષે ઝિમ્બાબ્વેમાં રમ્યા હતા, ત્યારે અમારી જુનિયર ટીમ આવી હતી. તે ટીમના ઘણા ખેલાડીઓ હજુ પણ અહીં છે. હું વૈભવને કહી રહ્યો હતો કે વિકેટ કેવી રીતે વર્તશે. જો તમે મેદાન જુઓ તો, તે ખૂબ મોટા છે, પવન છે અને હવામાન ઠંડુ છે."


શ્રેયસ ઐયરને સતત બે ટી ૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણી હાર્યા બાદ કેપ્ટન તરીકે ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો છે. ઝિમ્બાબ્વે સામે શ્રેણી શરૂ થતાં પહેલાં તિલક શ્રેયસ ઐયરનો બચાવ કરતા કહે છે કે તે હજુ પણ એક સફળ ટીમનું નેતૃત્વ કરી રહ્યો છે. જો તમે છેલ્લા બે વર્ષમાં અમારા શેડ્યૂલ પર નજર નાખો, તો અમે અમારી મોટાભાગની શ્રેણી એશિયામાં રમી છે.

# વૈભવ સૂર્યવંશી યોગ્ય માર્ગદર્શનથી આગામી પેઢીનો મહાન ક્રિકેટર બની શકે : ઝિમ્બાબ્વે કેપ્ટન સિકંદર રઝા

નવીદિલ્હી,

ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન બેટ ભલે શાંત રહ્યો હોય, પરંતુ ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશીની પ્રતિભા પર વિશ્વનો વિશ્વાસ હજુ પણ ઓછો થયો નથી. ઝિમ્બાબ્વેના કેપ્ટન સિકંદર રઝાએ યુવા ભારતીય બેટ્સમેનની પ્રશંસા કરતા કહ્યું છે કે જો તેને યોગ્ય રીતે માર્ગદર્શન આપવામાં આવે તો તે આગામી વર્ષોમાં ક્રિકેટમાં પેઢી બદલનાર ખેલાડી સાબિત થઈ શકે છે.

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે ૨૩ જુલાઈથી શરૂ થતી ત્રણ મેચની ટી ૨૦ શ્રેણી પહેલા, રઝાએ કહ્યું કે આટલી નાની ઉંમરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવું એ એક મોટી સિદ્ધિ છે, અને ફક્ત બે કે ત્રણ મેચના આધારે



ખેલાડીની ટીકા કરવી અન્યાયી છે.

જિયોસ્ટાર સાથે વાત કરતા રઝાએ કહ્યું કે વૈભવ ખૂબ જ પ્રતિભાશાળી ક્રિકેટર છે. જો ૧૫ વર્ષનો ખેલાડી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી રહ્યો હોય, તો ફક્ત બે કે ત્રણ મેચ પછી તેની ટીકા કરવી અન્યાયી છે. તેની આસપાસ ઘણા અનુભવી ખેલાડીઓ છે. જો તેને યોગ્ય રીતે માર્ગદર્શન અને વ્યવસ્થાપિત કરવામાં આવે, તો તે આગામી પેઢીનો મહાન ક્રિકેટર બની શકે છે.

ઈંગ્લેન્ડ પ્રવાસ પર વૈભવ સૂર્યવંશીનું પ્રદર્શન અપેક્ષા મુજબ નહોતું. તેણે ત્રણ ટી ૨૦માં ૧૪, ૧૩ અને ૧૫ રન બનાવ્યા. તે બે વાર ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરના શોર્ટ બોલમાં કેચ પકડાયો હતો. આ પ્રવાસમાં ભારતને પણ નિરાશાનો સામનો કરવો પડ્યો હતો, જેમાં ઈંગ્લેન્ડ સામેની ટી ૨૦ શ્રેણી ૦-૪થી હારી ગઈ હતી.


ઈંગ્લેન્ડમાં નિષ્ફળતા બાદ, વૈભવ એવા સ્થળે પાછો ફરી રહ્યો છે જ્યાં તેણે થોડા મહિના પહેલા પોતાની બેટિંગથી વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું.

# રિયાલિટી શો લોકઅપ-૨ માં અપૂર્વ માખીજાની વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી

મુંબઈ,

ફરાહ ખાન અને રિતેશ દેશમુખ દ્વારા હોસ્ટ કરાયેલ રિયાલિટી શો "લોકઅપ ૨" આજકાલ દર્શકોનું મનોરંજન કરી રહ્યો છે. લોકઅપ ૨ દરરોજ નવા નાટકો જોઈ રહ્યો છે. દરેક નવા એપિસોડ સાથે, શો વધુને વધુ અણધારી બની રહ્યો છે. તાજેતરમાં, યોગેશ રાવત, જેમને આ સીઝનની ટ્રોફીના સૌથી મોટા દાવેદાર માનવામાં આવતા હતા, તેમને શોમાંથી બહાર કરવામાં આવ્યા.

ધીરજ ધૂપરના નિર્ણયને કારણે, યોગેશને બહાર કરવામાં આવ્યો, જેના કારણે સુફી મોતીવાલા સુરક્ષિત રહ્યા. દરમિયાન, શિલ્પા શિંદેની એન્ટ્રીથી શોમાં ઘણો તણાવ પેદા થયો છે, જે હવે નવી વાઈલ્ડ કાર્ડ એન્ટ્રીના આગમન સાથે વધવાની શક્યતા છે. બળવાખોર કિડ, અપૂર્વ માખીજા, વાઈલ્ડ કાર્ડ તરીકે શોમાં પ્રવેશ કરી રહી છે, જેની પુષ્ટિ ખુદ અપૂર્વ માખીજાએ કરી છે. જ્યારથી નવી વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી વિશે ચર્ચા શરૂ થઈ છે, ત્યારથી અપૂર્વ માખીજાનું નામ પણ ચર્ચામાં આવ્યું છે. તાજેતરમાં, નિર્માતાઓએ વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી માટે એક પ્રોમો શેર કર્યો છે, પરંતુ સ્પર્ધકનો ચહેરો જાહેર કર્યો નથી. પરંતુ હવે, અપૂર્વ માખીજાએ પોતે એક વીડિયો શેર કરીને શોમાં તેની એન્ટ્રીની પુષ્ટિ કરી છે. તેણીએ સંપૂર્ણ પ્રોમો વિડિઓ શેર કર્યો છે, જેમાં તે શોમાં પ્રવેશ કરતી જોવા મળે છે, અને બધા ઘરના સભ્યો તેને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા છે. આ વીડિયો દ્વારા, અપૂર્વાએ એવો પણ સંકેત આપ્યો છે કે તે લોકઅપ ૨ માં ખૂબ જ હંગામો મચાવશે.



એ નોંધનીય છે કે અપૂર્વ માખીજા અગાઉ રિયાલિટી શોમાં ભાગ લઈ ચૂકી છે. તે "ધ ટ્રેટર્સ" માં દેખાઈ હતી અને તેના અભિનય માટે ખૂબ પ્રશંસા મળી હતી. હવે જ્યારે તે લોકઅપ ૨" માં સ્પર્ધક તરીકે પ્રવેશ કરી રહી છે, ત્યારે ચાહકોની અપેક્ષાઓ વધુ વધી ગઈ છે. દર્શકો અપૂર્વાને શોમાં જોવા માટે ઉત્સુક છે, કારણ કે તે વાસ્તવિક જીવનમાં તેના બોલ્ડ અને સીધા વ્યક્તિત્વ માટે જાણીતી છે. તેની સામે કોઈ પણ હોય, અપૂર્વ ક્યારેય પ્રતિક્રિયા આપવામાં અચકાતી નથી. અપૂર્વના ચાહકોનો દાવો છે કે તેની એન્ટ્રી ચોક્કસપણે શોમાં હલચલ મચાવશે.

લોકઅપ ૨ વિશે વાત કરીએ તો, આ શો હાલમાં ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ રહ્યો છે, અને ફરાહ ખાન અને રિતેશ દેશમુખ આ સીઝનને હોસ્ટ કરી રહ્યા છે. કંગના રનૌતે આ રિયાલિટી શોની પહેલી સીઝન હોસ્ટ કરી હતી. શિલ્પા શિંદે અને શિવાંગી જોશી વચ્ચેનો તણાવ આ સીઝનમાં સતત ચર્ચાનો વિષય રહ્યો છે. ખાસ કરીને, શિલ્પા શિંદે સતત શિવાંગી જોશી પર ટિપ્પણી કરતી રહી છે.

તાજેતરમાં, તે તેના અંગત જીવન પર ટિપ્પણી કરતી જોવા મળી હતી, જેના કારણે પાછળથી હોસ્ટ ફરાહ ખાન અને રિતેશ દેશમુખે તેને ઠપકો આપ્યો હતો. હવે જોવાનું એ રહે છે કે અપૂર્વ માખીજાની એન્ટ્રી પછી સ્પર્ધકોના સમીકરણો કેટલા બદલાય છે.

# ગોડઝિલા ટ કોંગ ફેમ અભિનેત્રી કાયલી હોટલનું માર્ગ અકસ્માતમાં અવસાન

મુંબઈ,

અભિનેત્રી કાયલી હોટલનું અવસાન થયું છે. કેલીનું માર્ગ અકસ્માતમાં અવસાન થયું. તે ૧૮ વર્ષની હતી. આ અભિનેત્રીએ ૨૦૨૧ માં આવેલી ફિલ્મ "ગોડઝિલા ટ કોંગ" અને તેની સિક્વલ, "ગોડઝિલા ટ કોંગ - ધ ન્યૂ એમ્પાયર" માં અભિનય કર્યો હતો, જે ૨૦૨૪ માં રિલીઝ થઈ હતી. કેલીના મૃત્યુની પુષ્ટિ તેના પિતાએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા કરી હતી.

અમેરિકન અભિનેત્રી કેલી હોટલનું મેરીલેન્ડ, યુએસએમાં એક માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું. કેલીના પિતા, જોશુઆ હોટલે, અમેરિકન સાઈન લેંગ્વેજમાં ફેસબુક લાઈવ દ્વારા કેલીના મૃત્યુના દુઃખદ સમાચાર શેર કર્યા. તેમણે બાદમાં ટીએમઝેડને આ સમાચારની પુષ્ટિ કરી. કેલી હોટલે "ગોડઝિલા વર્સિસ કોંગ" અને "ગોડઝિલા ટ કોંગ - ધ ન્યૂ એમ્પાયર" માં



જિયાની ભૂમિકા ભજવી હતી.

ટેક્સાસ સ્કૂલ ફોર ધ ડેફ દ્વારા પણ સોશિયલ મીડિયા પર એક નિવેદનમાં તેના મૃત્યુની પુષ્ટિ કરવામાં આવી હતી. કેલી હોટલ ત્યાં એક સિનિયર વિદ્યાર્થી હતી. શાળાએ એક નિવેદનમાં કહ્યું, "ગૌર દુઃખ સાથે અમે અમારી જીદ્દ સિનિયર વિદ્યાર્થી, કેલી હોટલનું ગઈકાલે ફ્રેડરિક, મેરીલેન્ડમાં કાર અકસ્માતમાં દુઃખદ અવસાન જાહેર કરીએ છીએ." તેમાં ઉમેર્યું હતું કે, "અમારી સંવેદનાઓ કેલીના પરિવાર, મિત્રો, સહપાઠીઓ અને આ અવિશ્વસનીય મુશ્કેલ સમયમાં તેને જાણતા અને પ્રેમ કરતા બધા લોકો સાથે છે. આ સમયે અમારી પાસે ખૂબ જ મર્યાદિત માહિતી છે, અને અમે દરેકને કેલીના પરિવારની ગોપનીયતાનો આદર કરવા વિનંતી કરીએ છીએ. કૃપા કરીને અકસ્માતની આસપાસના સંજોગો શેર કરવાનું કે અનુમાન કરવાનું ટાળો."

# વર્લ્ડ કપ ફાઈનલમાં હાર બાદ મેસ્સી આર્જેન્ટિના પરત ફર્યો : મેસ્સી કોઈને મળ્યા વિના જતો રહેતા ચાહકો નિરાશ

આર્જેન્ટિના,

ફિફા કપ ૨૦૨૬ ફાઈનલમાં સ્પેન સામે હાર્યા બાદ આર્જેન્ટિનાના કેપ્ટન લિયોનેલ મેસ્સી ૨૧ જુલાઈના રોજ ઘરે પરત ફર્યા હતા. ટુર્નામેન્ટના વ્યસ્ત સમયપત્રક પછી, મેસ્સી હવે થોડા દિવસો તેના પરિવાર સાથે આરામ કરશે. જોકે મોટી સંખ્યામાં ચાહકો તેમના મનપસંદ ખેલાડીની એક ઝલક જોવા માટે વહેલી સવારે એરપોર્ટ પર પહોંચ્યા હતા, પરંતુ મેસ્સી કોઈને મળ્યા વિના તેના ઘરે જતા રહેતા તેઓ નિરાશ થયા હતા.

મેસ્સીનું ખાનગી વિમાન આર્જેન્ટિનાના રોઝારિયો નજીક, ફોર્ટ લોડરડેલ, અમેરિકાના ફ્લોરિડાથી ઉતર્યું. આર્જેન્ટિનાના



ધ્વજ સાથે ચાહકો ઘણા કલાકો પહેલા એરપોર્ટ પર હાજર હતા. કેટલાક સવારે ૩:૩૦ વાગ્યે આવી પહોંચ્યા હતા, પરંતુ મેસ્સી કોઈને મળ્યો ન હતો. ચાહકોએ ફક્ત મેસ્સી, તેની પત્ની એન્ટોનેલા રોકુઝો અને તેમના ત્રણ બાળકોને લઈને જતી એસયુવી જોઈ, જે રોઝારિયો નજીકના ખાનગી વિસ્તાર ફ્યુનેસ માટે રવાના થઈ રહી હતી.મેસ્સી એરપોર્ટથી પોતાના ઘરે જવા રવાના થયો હોવા છતાં, આર્જેન્ટિનાની ૨૬ સભ્યોની વર્લ્ડ કપ ટીમના ૧૫ ખેલાડીઓ અને મુખ્ય કોચ લિયોનેલ સ્કેલોની સોમવારે ચાર્ટર્ડ પ્લેનમાં બ્યુનોસ એરેસ પહોંચી ગયા હતા. ત્યારબાદ તેઓ એરપોર્ટથી આર્જેન્ટિના ફૂટબોલ એસોસિએશનના મુખ્યાલય સુધી બસ દ્વારા મુસાફરી કરી. આ સમય દરમિયાન, લાખો ચાહકો તેમના મનપસંદ ખેલાડીઓની એક ઝલક જોવા માટે ઉત્સુક હતા.

રવિવારે ન્યૂ જર્સીના ઈસ્ટ રૂથરફોર્ડમાં રમાયેલા વર્લ્ડ કપ ફાઈનલમાં, સ્પેને વધારાના સમયમાં આર્જેન્ટિનાને ૧-૦ થી હરાવ્યું. ફેરન ટોરેસે સ્પેન માટે નિર્ણાયક ગોલ કર્યો. મેસ્સીના કારકિર્દીનો આ ત્રીજો વર્લ્ડ કપ ફાઈનલ હતો. તે અગાઉ ૨૦૧૪ અને ૨૦૨૨ માં ફાઈનલ રમી ચૂક્યો છે. મેસ્સીએ ટુર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું, આઠ ગોલ કર્યા અને ગોલ્ડન બૂટની રેસમાં બીજા સ્થાને રહ્યો.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તી | ધ | બ | મા | ત | ફ | ભા | તી | ગ | ળ | કા | મ |
| તુ | કા | રા | ધ | સ | શ | ર | આ | વા | અ | બા | ર |
| ક | ર | બ | બિ | બિ | મ | વા | જ | મ | દ | આ | અ: |
| ળ | જ્ઞા | ર | દ | વિ | મ | ર | પ્રા | બા | ભ | દ | મ |
| તુ | ર | તુ | ઐ | ચા | આ | ભ | કી | મા | આ | વ | ધ |
| જી | ળો | ગ | મા | અં | ગી | ડો | ળ | જ | ણિ | ભ | ર |
| ઇ | આ | પ્ર | સા | દ | ર | રા | દ | સા | મ | ક | કા |
| પ્ર | લી | એ | ધ | અ: | સા | ગી | ક્ષ | રો | કા | બિ | બા |
| લ | મા | બા | પ્રા | પ્ર | ધ | આ | મ | ધ | લ | અ | સ |
| તુ | ફુ | દ | મા | શિ | ધ | બા | હિ | ડો | ધ | ર | ભો |
| સ | ઉ | પ્ર | ઔ | બા | શિ | ક્ષ | મા | ખ | વિ | ર | રી |
| બ | ર | ણે | ર | ધ | મ | ણા | શ | શ | લ | દ | એ |

શબ્દ શોધો

**પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# ગુરુ પૂર્ણિમા પહેલા અનુષ્કા અને વિરાટ વૃંદાવન પહોંચ્યા : પ્રેમાનંદ મહારાજના આશીર્વાદ મેળવ્યા

વૃંદાવન,

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર વિરાટ કોહલી અને અભિનેત્રી અનુષ્કા શર્મા ફરી એકવાર આધ્યાત્મિક નગરી વૃંદાવન પહોંચ્યા છે, જેના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. ૨૯ જુલાઈના રોજ ગુરુ પૂર્ણિમા પહેલા, વિરાટ અને અનુષ્કા તેમના ગુરુ પ્રેમાનંદ મહારાજના આશીર્વાદ લેવા વૃંદાવન ગયા હતા. તેઓએ સંત પ્રેમાનંદ મહારાજના આશીર્વાદ મેળવવા માટે શ્રી હિત રાધા કેલી કુંજ આશ્રમની મુલાકાત લીધી હતી અને તેમની સાદગીએ બધાના દિલ જીતી લીધા હતા. ગુરુ પૂર્ણિમા પહેલા વૃંદાવન પહોંચેલા અનુષ્કા અને વિરાટનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ



રહ્યો છે, જેમાં તેઓ ખુલ્લા પગે કાદવમાં ચાલતા દેખાય છે. આ સાદગી સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની છે.

સંત પ્રેમાનંદ મહારાજ હાલમાં યમુના નદીની પેલે પાર બેલવનમાં તાજેતરમાં બંધાયેલા યમુના કુંજ આશ્રમમાં એકાંતમાં છે. જો કે, ૨૯ જુલાઈના રોજ ગુરુ પૂર્ણિમા નિમિત્તે દીક્ષિત શિષ્યોને દર્શન આપવા માટે આશ્રમમાં તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. શિષ્યો આવવાનું શરૂ થઈ ગયું છે. અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી, જે પ્રેમાનંદ મહારાજના દીક્ષિત શિષ્યો પણ છે, તેમણે બુધવારે સવારે યમુના નદીની પેલે પાર બેલવનમાં સંત પ્રેમાનંદ મહારાજની મુલાકાત લીધી હતી. વિરાટ અને અનુષ્કાએ આ મુલાકાત સંપૂર્ણપણે ગુપ્ત રાખી હોવા છતાં, ચાહકોએ તેમને ઓળખી લીધા અને તેમને કેમેરામાં કેદ કર્યા.

વૃંદાવનથી આવતા અનુષ્કા અને વિરાટના એક વીડિયોમાં, અનુષ્કા અને વિરાટ કડક સુરક્ષા વચ્ચે વૃંદાવનમાં સંત પ્રેમાનંદ મહારાજના આશ્રમમાં પહોંચ્યા. બંનેએ પોતાની ઓળખ છુપાવવા માટે માસ્ક પહેર્યા હતા, પરંતુ ચાહકોએ તરત જ તેમને ઓળખી લીધા. દર્શન પછી વિરાટ અને અનુષ્કા બહાર નીકળતા જ, તેમણે ચાહકોનું "રાધે-રાધે" થી સ્વાગત કર્યું. તેમના આ વર્તને વૃંદાવનના રહેવાસીઓના દિલ જીતી લીધા. ચાહકો સ્ટાર કપલના નમ્ર વર્તનની પ્રશંસા કરી રહ્યા છે.

# ફેમા કેસમાં રાહત મળ્યા બાદ આઈપીએલના સ્થાપક અને ભૂતપૂર્વ ચેરમેન લલિત મોદી ૧૬ વર્ષ પછી ભારત પરત ફરશે

નવીદિલ્હી,

આઈપીએલના સ્થાપક અને પ્રથમ ચેરમેન લલિત મોદી અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. લલિત મોદીને ૨૧ જુલાઈના રોજ કોર્ટમાંથી ક્લીનચીટ મળી હતી. આ પછી, લલિત મોદીએ એક મોટું નિવેદન બહાર પાડ્યું છે. તેમણે ભારત પાછા ફરવાની જાહેરાત કરી છે.

લલિત મોદીએ કહ્યું કે તેઓ ગઈકાલના ચુકાદાથી ખૂબ ખુશ છે. "ખરેખર, આ એક મહાન દિવસ રહ્યો છે." તેમણે ૧૬ વર્ષ સુધી લડાઈ લડી, અને તેમણે મીડિયા અને બીજા બધાને જે કહ્યું તે બધું આખરે સાચું સાબિત થયું. તેઓ ખૂબ જ ખુશ છે કે ટ્રિબ્યુનલે તેમના પક્ષમાં ચુકાદો આપ્યો છે. તેમને ફક્ત આઈપીએલના કલ્યાણની ચિંતા હતી, બીજું કંઈ નહીં. તેમના માટે એ જ સૌથી મહત્વપૂર્ણ છે. હવે તે પ્રકરણ પાછળ રહી ગયું છે, તેઓ તેમના જીવન સાથે આગળ વધશે.

લલિત મોદીએ વધુમાં જણાવ્યું કે તેઓ ભારત પાછા ફરવાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તેમણે કહ્યું કે તેઓ કદાચ આ વર્ષના અંતમાં અથવા આવતા વર્ષની શરૂઆતમાં પાછા ફરશે. તેમની પુત્રી ઓક્ટોબરમાં પુત્રની અપેક્ષા રાખી રહી છે, અને તેમને આશા છે કે બધું બરાબર થઈ જશે અને તેઓ ભારત પાછા ફરશે.નોંધનીય છે કે લલિત મોદી છેલ્લા ઘણા વર્ષોથી ઈંગ્લેન્ડમાં રહેતા હતા. કરચોરી, મની લોન્ડરિંગ અને પ્રસારણ સોદાઓમાં હેરાફેરીનો આરોપ લાગ્યા બાદ તેમણે ૨૦10 માં ભારત છોડી દીધું હતું.

# રણજીતપુરમાં ખાનગી કંપનીમાંથી થયેલ વાયર ચોરીનો ભેદ ઉકેલાયો

## ત્રણ શખ્સની રૂ. ૨.૧૮ લાખના મુદામાલ સાથે અટકાયત : અન્ય ત્રણની શોધખોળ



તસવીર: નિરજ દત્તાણી

ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના રણજીતપુર ગામની સીમમાં ખાનગી કંપનીમાંથી થયેલ કોપર વાયર ચોરીના બનાવનો દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે ભેદ ઉકેલી ટોળકીના ત્રણ શખ્સને દબોચી લઈ રૂ. ૨.૧૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને ઝડપાયેલા શખ્સોને આગળની કાર્યવાહી માટે સ્થાનિક પોલીસ દફતરે સોંપી દીધા હતા જ્યારે અન્ય ત્રણ શખ્સ સામેલ હોઈ પોલીસે તેઓને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ રણજીતપુર ગામે આવેલ ઓપેરા સોલાર પ્લાન્ટમાંથી અજાણ્યા તસ્કરો ત્રાટકી કોપર વાયર સહિતની સામગ્રી ચોરી કરી લઈ ગયાની કર્મચારી દ્વારા કલ્યાણપુર પોલીસમાં ફરિયાદ નોંધાવતા જિલ્લાની એલસીબી પોલીસે તપાસમાં ઝંપલાવી આખરે ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સથી ચોરીના આ બનાવનો ભેદ ઉકેલી એક ટોળકીના રાજુ અસગર પઠાણ, આમદ ઉર્ફે બુધીયો હારુન જેડા અને બસિર હનીફભાઈ ચૌહાણ નામના ત્રણ શખ્સને પકડી પાડી તેઓ પાસેથી રૂ. ૧.૭૮ લાખનો બળી ગયેલ કોપર વાયર તેમજ રૂ. ૨૦૫૮૦ ની કિંમતનો રબર સહિતનો વાયર અને રૂ. ૨૦ હજારની કિંમતના બે નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૨.૧૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે અસલમ ઈસા તાયાણી, આરીફ ઈસા તાયાણી અને અસલમના ફુવા વિગેરે અન્ય ત્રણ શખ્સની સંડોવણી ખુલતા ઝડપી લેવા અને કસી છે.

ઝડપાયેલ શખ્સો અમુક જગ્યાએ સોલાર પેનલ લગાડેલ હોઈ ત્યાં રાત્રીના સમયે રેકી કરી ભાડેથી ઈકો લઈને જતા અને કટર વડે કેબલ વાયર કાપી ચોરી કરી લઈ ગયા બાદ ભંગારના વાળામાં વેંચી નાખતા હોવાનું પોલીસની પૂછપરછ દરમિયાન ખુલવા પામ્યું છે.

# જામનગરમાં દારૂના ૨૩૯ ચપલા સાથે બાઈક ચાલક ઝડપાયો

## દારૂ મંગાવનાર મહિલા તેમજ સપ્લાયરની શોધખોળ, રૂ. ૭૯ હજારનો મુદામાલ કબ્જે કરાયો



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના ખોડીયાર કોલોની વિસ્તારમાંથી પસાર થતા બાઈક ચાલકને અટકાવી પોલીસે તલાસી લેતા તેના પાસેથી ઈંગ્લિશ દારૂના ચપલાનો જથ્થો મળી આવતા રૂ. પોણો લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે એક મહિલા સહિત અન્ય બેની સંડોવણી ખુલતા તેઓને ફરાર જાહેર કરી તમામ સામે ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર જામનગરના સાધના કોલોની ખાતે, જડેશ્વર પાર્ક શેરી નં. ૧ માં રહેતો ધીરેન ઈન્દ્રજીતભાઈ ચંદન નામનો શખ્સ પોતાનું જી. જે. ૧૦. ઈ. જે. ૭૨૩૩ નંબરનું જ્યુપિટર બાઈક ચલાવી ખોડીયાર કોલોની વિસ્તારમાં રાજ ચેમ્બર પાસેથી પસાર થતો હોય આ વેળાએ ચોક્કસ બાતમીના આધારે એલસીબી પોલીસે અટકાવી તલાસી લેતા બાઈકમાંથી ઈંગ્લિશ દારૂના રૂ. ૨૩૯૦૦ ની કિંમતના ૨૩૯ નંગ ચપલા મળી આવતા તેની ધરપકડ કરી ઈંગ્લિશ દારૂ, બાઈક અને મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૭૯ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જ્યારે દારૂનો જથ્થો સપ્લાય કરનાર નાઘેડી ગામના રામ જીવાભાઈ મોઢવાડિયા અને દારૂ મંગાવનાર ખોડીયાર કોલોની વિસ્તારમાં રહેતા રીટાબા હિતેન્દ્રસિંહ જાડેજા નામની મહિલા સહિત બેને ફરાર જાહેર કરી ત્રણેય સામે દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# જામનગરમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો




જામનગર : જામનગરમાં માનવસેવાના ઉત્કૃષ્ટ ઉદાહરણરૂપે, ગત તા. ૦૪/૦૭/૨૦૨૬ના રોજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની જામનગર શાખાના ઉપક્રમે ખાવડી સ્થિત રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સંકુલમાં કાર્યરત એલ.એન.ટી. કંપની ખાતે એક ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રક્તદાતાઓના અભૂતપૂર્વ ઉત્સાહ અને જાગૃતિ વચ્ચે કુલ ૧૭૫ જેટલા કિંમતી રક્ત યુનિટ્સ એકત્રિત કરી જીવનરક્ષા તરફ એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવવામાં આવ્યું છે.

આ માનવ સેવાકાર્યમાં ઈન્ડિયન રેડક્રોસ રાજકોટ શાખાની બ્લડ બેંકનો વિશેષ સહયોગ સાંપડ્યો હતો, જેમાં તેમની નિષ્ણાત મેડિકલ ટીમ વતી ડો. જયદીપભાઈ ગોજીયા, મનીષભાઈ મકવાણા, બિનીત પલાશ, રમેશસિંહ નેગી, અરવિંદ કાલિયા અને આશીષ સોઢાએ નિષ્ઠાપૂર્વક સેવાઓ પ્રદાન કરી હતી. આ કાર્યક્રમની સફળતા માટે એલ.એન.ટી. કંપનીના અગ્રણીઓ ગીરીશકુમાર વાધવા, અલ્પેશભાઈ ગોહીલ અને જયેશભાઈ પટેલ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે જામનગર રેડક્રોસ શાખાના ચેરમેન ડો. અવિનાશભાઈ ભટ્ટ, સેક્રેટરી ડો. વિહારીભાઈ છાટબાર, ખજાનચી કીરીટભાઈ શાહ, ભાવનાબેન રાણા અને અજીતસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિતિએ રક્તદાતાઓનો જુસ્સો વધાર્યો હતો અને પારસ્પરિક સંકલનથી સમગ્ર આયોજનને એક ઐતિહાસિક સફળતા અપાવી હતી.

# ઓખા મરીન ટાસ્ક ફોર્સ દ્વારા ફીશરમેન અવેરનેસ કાર્યક્રમ યોજાયો

દ્વારકા : દેશનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતા અને સંવેદનશીલ વિસ્તારો ધરાવતા ગુજરાત રાજયના વિશાળ દરિયાકિનારાની સુરક્ષાને વધુ મજબુત અને અભેદ્ય બનાવવાના ઉમદા હેતુ સાથે મરીન ટાસ્ક ફોર્સ ઓખા દ્વારા સીરાજી જેટી ખાતે વિશેષ ફીશરમેન અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

દરિયાઈ સરહદ પરસતત નજર રાખતા માછીમારોને સુરક્ષાના ફર્સ્ટ લેયર ઓફ ડિફેન્સ તરીકે સજજ કરવા આ કાર્યક્રમ યોજાયો હતો. માછીમારી દરમ્યાન દરિયામાં કોઈપણ અજાણી બોટ, શંકાસ્પદ વ્યકિત કે પ્રવૃત્તિ જણાય તો તાત્કાલીક સુરક્ષા એજન્સીઓને જાણ કરવા અપીલ કરવામાં આવી હતી. ડ્રગ્ઝની હેરાફેરી ગંભીર ગુન્હો હોય તેમાં અજાણતા પણ ન ફસાવા માછીમારોને ખાસ તાકીદ કરવામાં આવી હતી. મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક રૂત્વિક ટંડેલ દ્વારા



ઓનલાઈન રજીસ્ટ્રેશન, ટ્રાન્સપોન્ડર અને બોટ મુવમેન્ટ અંગે માહિતી અપાઈ હતી. એ.ટી.એસ.ના અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્મા, મરીન ટાસ્ક ફોર્સના નાયબ પોલીસ મહાનિરીક્ષક એ.એમ. મુનિયા અને હજીરાના પોલીસ અધિક્ષક એસ.જે. પરમારના માર્ગદર્શન હેઠળ અને ડી.વાય.એસ.પી. કે.પી.પારેખના વડપણમાં યોજાયેલ અવેરનેસ કાર્યક્રમમાં કોસ્ટગાર્ડ, નેવી, મરીન પોલીસ, એન.ડી.આર.એફ. અને ફીશરીઝ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

મરીન પોલીસના પી.એસ.આઈ. કે.એમ. જાડેજાએ આઈ.એમ.બી.એલ. ક્રોસ ન કરવા તથા નેવીના અધિકારીઓએ બંદરમાં બોટ પાર્કિંગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. એન.ડી.આર. એફ.ના પી.આઈ. બલેન્દ્ર સાહુ દ્વારા દરિયાઈ આપત્તિ સમયે પ્રાથમિક સારવાર અંગે માછીમારોને તાલીમ આપવામાં આવી હતી.

# રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ની કોન્સોલિડેટેડ રેવન્યુ Y-o-Y ધોરણે ૨૪.૫% વધીને રુ. ૩૪૦,૨૫૭ કરોડ

મુંબઈ : પરિણામો અંગે ટિપ્પણી કરતા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ ડી. અંબાણીએ જણાવ્યું હતું કે "રિલાયન્સે FY27ની શરૂઆત સ્થિરતાથી કરી છે, જેમાં તમામ બિઝનેસીસે મજબૂત ઓપરેટિંગ પર્ફોર્મન્સ આપ્યું છે. ભૌગોલિક-રાજકીય તણાવ અને કોમોડિટી માર્કેટની અસ્થિરતા વચ્ચે પણ અમારા વૈવિધ્યસભર બિઝનેસ પોર્ટફોલિયોએ આ ક્વાર્ટરમાં ફરી એકવાર પોતાની મક્કમતા સાબિત કરી બતાવી છે.

ડિજિટલ સર્વિસીસના બિઝનેસે ક્વાર્ટર દરમિયાન પોતાની વૃદ્ધિની ગતિ જાળવી રાખી છે. મોબિલિટી, હોમ બ્રોડબેન્ડ અને એન્ટરપ્રાઈઝ સર્વિસીઝમાં જિયોનું પ્રદર્શન મજબૂત રહ્યું છે, જેના કારણે Y-o-Y ૧૫%ની તંદુરસ્ત નફાકારક વૃદ્ધિ નોંધાઈ છે. આ ક્વાર્ટર દરમિયાન જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડે સેબી સમક્ષ તેનું DRHP ફાઈલ કર્યું છે, જે તેના પબ્લિક લિસ્ટિંગ તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. આગામી સમયમાં આવી રહેલો આ IPO જિયોની સફરમાં એક મહત્વનું સીમાચિન્હ સાબિત થશે અને રોકાણકારોને ભારતની ડિજિટલ ગ્રોથ સ્ટોરીમાં ભાગીદાર બનવાની તક આપશે.

રિલાયન્સ રિટેલે આ ત્રિમાસિક ગાળામાં તમામ કન્ઝમ્પશન ફોર્મેટ્સ અને ચેનલોમાં સ્થિર પ્રદર્શન સાથે મજબૂત વૃદ્ધિ નોંધાવી છે. આપણું ઓમની ચેનલ નેટવર્ક કરોડો ભારતીય ગ્રાહકોને સતત સેવા આપી રહ્યું છે અને મને પૂરો વિશ્વાસ છે કે ભારતની લાંબા ગાળાની વપરાશ વૃદ્ધિનો લાભ મેળવવા માટે આ બિઝનેસ શ્રેષ્ઠ સ્થિતિમાં છે.

કન્ઝ્યુમર પ્રોડક્ટ્સનો બિઝનેસ પણ ઝડપથી આગળ વધી રહ્યો છે, જેમાં FMCG બ્રાન્ડ્સનો પોર્ટફોલિયો ભારતીય ગ્રાહકોમાં ભારે લોકપ્રિયતા મેળવી રહ્યો છે. RCPLએ ગયા વર્ષની સરખામણીમાં તેની આવક બમણા કરતાં પણ વધુ કરી દીધી છે.

O2C બિઝનેસે સપ્લાય ચેઈનમાં અવરોધો ધરાવતા પડકારજનક વૈશ્વિક ઊર્જા બજારની સ્થિતિ હોવા છતાં આ ક્વાર્ટર દરમિયાન મજબૂત પ્રદર્શન કર્યું છે, જેને ઓલ-ટાઈમ હાઈ મિડલ ડિસ્ટિલેટ ક્રેક્સ અને બહેતર ડાઉનસ્ટ્રીમ પેટ્રોકેમિકલ ડેલ્ટાનો ટેકો મળ્યો હતો. અમારી ટીમોએ કાર્યપદ્ધતિની ચપળતા સાથે આ મુશ્કેલ વાતાવરણનો સામનો કર્યો અને સ્થાનિક બજારોમાં આવશ્યક ઈંધણ તથા સામગ્રીની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી હતી.

આ ક્વાર્ટર દરમિયાન મૂડીઝ રેટિંગ્સે આપણા ફોરેન કરન્સી ડેટ ઈશ્યુઅન્સના રેટિંગને અપગ્રેડ કરીને "Baa1" કર્યું છે, જે આપણા રોકડ પ્રવાહ અને નાણાકીય સ્થિતિની આંતરિક મજબૂતાઈને પ્રતિબિંબિત કરે છે. મને આપણા બિઝનેસીસની આંતરિક ક્ષમતા અને આપણા કર્મચારીઓની પ્રતિભા તથા પ્રતિબદ્ધતા પર સંપૂર્ણ વિશ્વાસ છે. FY27ની આ શરૂઆત મને આ વર્ષ માટે આશાવાદી બનવાનું કારણ આપે છે કારણ કે આપણે ન્યૂ એનર્જી પ્રોજેક્ટ્સના તબક્કાવાર કમિશનિંગ સાથે આગળ વધી રહ્યા છીએ અને જિયોના આઈપીઓ દ્વારા મૂલ્ય સર્જનની તકો ખોલવા જઈ રહ્યા છીએ."

# દડિયા ગામે મકાનના ડિમોલિશન દરમિયાન મહિલાએ ફિનાઈલ પીધું



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર તાલુકાના દડિયા ગામે મકાનના ડિમોલિશનની કાર્યવાહી દરમિયાન એક મહિલાએ ફિનાઈલ પી આત્મહત્યાનો પ્રયાસ કરતાં દોડધામ મચી ગઈ હતી. જ્યારે મહિલાને સારવાર માટે તત્કાલિક જી.જી. હોસ્પિટલમાં ખસેડાઇ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, જામનગર નજીક દડીયા ગામે બાબાસાહેબ આંબેડકર હોલની બાજુમાં રહેતા મંજુબેન ભરતભાઈ દનેચાના મકાન તોડવાની કાર્યવાહી ચાલતી હતી દરમિયાન તેણીએ ફિનાઈલ પી લીધું હતું. ઘટનાની જાણ થતાં પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી.

જેથી તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા મહિલાને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ તેમની સારવાર ચાલી રહી છે. ઘટનાને પગલે વિસ્તારમાં ભારે ચકચાર મચી હતી. બનાવ અંગે પોલીસને જાણ થતાં હોસ્પિટલ દોડી જઈ સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# ખંભાળિયામાં લુડો ગેમ્સ ઉપર જુગાર રમતા ચારની અટકાયત

ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં જાહેરમાં લુડો ગેમ્સ ઉપર મોબાઈલ ફોનમાં જુગાર રમતા ચાર શખ્સને પોલીસે દરોડા દરમિયાન ઝડપી લઈ રૂ. ૧૧ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા શહેરમાં પટેલ બેટરી સામે જાહેરમાં મોબાઈલ ફોનમા લુડો ગેમ્સ ઉપર જુગાર રમતા દાઉદભાઈ સબીરભાઈ શેખ, વિશ્વદીપસિંહ નરેન્દ્રસિંહ જાડેજા, ગોપાલભાઈ હરદાસભાઈ મસુરા અને એજાજ ઉમરભાઈ ધાવડા નામના ચાર શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૧૧૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# ધ્રોલ હોમગાર્ડ્ઝ દ્વારા કાર્ય મેઘરાજાને રીઝવવા શ્વાન અને ગાયોને લાડુ ખવડાવાયા



જામનગર : સમાજસેવા અને નિષ્કામ સેવાકીય પ્રવૃત્તિઓમાં સતત અગ્રેસર રહેતી જિલ્લા હોમગાર્ડ્ઝની ધ્રોલ યુનિટ દ્વારા વધુ એક અનોખું સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લા કમાન્ડન્ટ ગીરીશ સરવૈયાના માર્ગદર્શન હેઠળ તેમજ ઓફિસર કમાન્ડિંગ જે. કે. પરમાર અને ઈન્ચાર્જ એ. એચ. ખીમસુરીયાના નેજા હેઠળ ધ્રોલ હોમગાર્ડ્ઝ યુનિટ દ્વારા મેઘરાજાને રીઝવવાની લોકપરંપરાને અનુસરી શ્વાન અને ગાયો માટે અંદાજે ૧૦ મણના મેઘલાડુ તૈયાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ધ્રોલ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી આ મેઘલાડુ અબોલ પશુઓને ખવડાવવામાં આવ્યા હતા. ધ્રોલ હોમગાર્ડ્ઝની આ સેવાકીય અને જીવદયાની પ્રવૃત્તિને સ્થાનિક લોકો દ્વારા પણ આવકારી પ્રશંસા કરવામાં આવી હતી.

# રસ્તા પર ભટકતી પીડિત મહિલાનું પિયરના પરિવાર સાથે મિલન

જામનગર : ઘરેલુ હિંસા, માનસિક ત્રાસ અને વિષમ પરિસ્થિતિઓમાં સપડાયેલી મહિલાઓની વહારે આવીને '૧૮૧ અભયમ હેલ્પલાઈન' સતત સરાહનીય અને સંવેદનશીલ કામગીરી કરી રહી છે. તાજેતરમાં જામનગર અભયમ ટીમ દ્વારા આવી જ એક પીડિત મહિલાને સમયસર મદદ પહોંચાડી, તેનું કાઉન્સેલિંગ કરી સુરક્ષિત આશરો અને નવું જીવન આપવામાં આવ્યું છે.

ઘટનાની વિગત મુજબ, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રહેતી એક પરણિત મહિલાને તેનો પતિ નશાની હાલતમાં અવારનવાર નિર્દયતાથી શારીરિક અને માનસિક ત્રાસ આપતો હતો. પતિના અતિશય મારકૂટ અને સતત વધતા જતા ત્રાસથી કંટાળીને આ મહિલા આખરે પોતાનું ઘર છોડી દેવા મજબૂર બની હતી.

આશ્રય વિહોણી બનેલી મહિલા સતત ત્રણ દિવસ સુધી એકલવાયું જીવન ગાળી રસ્તાઓ પર ભટકતી રહી હતી. આ દરમિયાન તેણે એક



આશ્રમમાં પણ આશરો લીધો હતો.

આશ્રમમાં એક દિવસ વિતાવ્યા બાદ મહિલા પુનઃ રસ્તા પર આવી ગઈ હતી. રસ્તા પર ભટકતી અને અસહાય અવસ્થામાં રહેલી આ મહિલા પર એક જાગૃત નાગરિકની નજર પડતાં, તેમણે સામાજિક જવાબદારી નિભાવી તાત્કાલિક '૧૮૧ મહિલા હેલ્પલાઈન'નો સંપર્ક કરીને સમગ્ર ઘટના અંગે વાકેફ કર્યા હતા.

માહિતી મળતાની સાથે જ જામનગર ૧૮૧ અભયમ ટીમના મહિલા કાઉન્સિલર મનિષા વઢવાણા, પોલીસ કોન્સ્ટેબલ ઈલાબા ઝાલા અને પાયલોટ રામજીભાઈ શિયાર સત્વરે ઘટનાસ્થળે દોડી ગયા હતા. ટીમે સૌપ્રથમ પીડિત મહિલાને સાંત્વના આપી, તેનો ગુમાવેલો આત્મવિશ્વાસ પુનઃ જગાડ્યો હતો અને સહાનુભૂતિપૂર્વક જરૂરી કાઉન્સેલિંગ કર્યું હતું. અભયમ ટીમ દ્વારા મહિલાના પતિ સાથે પણ સંપર્ક સાધીને વાતચીત કરવામાં આવી હતી, પરંતુ મહિલા તેના પતિના અમાનુષી વર્તનને કારણે તેની સાથે જવા બિલકુલ તૈયાર ન હતી.

આથી, મહિલાની સુરક્ષા અને માનસિક સ્થિતિને સર્વોચ્ચ અગ્રતા આપીને, અભયમ ટીમે તાત્કાલિક તેના માતા-પિતાનો સંપર્ક સાધ્યો હતો. અંતે, કાયદાકીય અને સામાજિક સુરક્ષાના માપદંડો સાથે મહિલાને સહી-સલામત રીતે તેના પિયર (માતા-પિતાના ઘરે) મોકલી આપી આખી ટીમ દ્વારા એક સંવેદનશીલ સંકટમોચકની ભૂમિકા ભજવવામાં આવી હતી. ભરચક મુશ્કેલીના સમયે અણધારી અને ત્વરિત મદદ મળતા પીડિત મહિલા તેમજ તેના લાચાર પરિવારે ૧૮૧ અભયમ ટીમની આ કામગીરીને બિરદાવી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# માળી ગામનો શખ્સ દારૂની ૬ બાટલી સાથે ઝડપાયો

ખંભાળિયા : ખંભાળિયા પંથકના એક શખ્સને પોલીસે ઈંગ્લિશ દારૂની છ નંગ બાટલી સાથે પકડી પાડી તેના વિરુદ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા તાલુકાના મોવાણથી માળી ગામના પાટીયા તરફ જતા રોડ પરથી રામદે ઉર્ફે રામલો મૈસુરભાઈ જામ નામના શખ્સને પોલીસે ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂની છ નંગ બાટલી સાથે ઝડપી લઈ રૂ. ૩૩૯૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# મોખાણા ગામે દીપડાએ બકરી પર હુમલા કર્યાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ



જામનગર : જામનગર તાલુકાના મોખાણા ગામમાં દીપડાની અવરજવરનો વધુ એક બનાવ સામે આવ્યો છે. આજે સવારે દીપડાએ એક બકરી પર હુમલો કરી તેને પકડી ને ઈજાગ્રસ્ત બનાવ્યા પછીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોખાણા ગામની સીમમાં એક માલધારી પોતાના બકરાં ચરાવી રહ્યો હતો. તે દરમિયાન ઝાડીમાંથી અચાનક દીપડો બહાર આવી એક બકરીને પકડી પાડતો હોવાનું જાણવા મળ્યું હતું. બકરા એ બુમ બુમ કરી મુકતા માલધારીઓ લાકડી પછાડતા દોડ્યા હતા જેથી દીપડો બકરીને છોડીને નાસી છૂટ્યો હતો, અને બકરીનો માલધારી સાથેનો વિડીયો કોઈએ બનાવ્યો હતો. જે સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેના પગલે ગ્રામજનોમાં ચિંતા વ્યાપી છે.

ઘટનાની જાણ થતાં જામનગર વન વિભાગ દ્વારા વાયરલ વીડિયો અને સમગ્ર ઘટનાની માહિતી મેળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વન વિભાગના અધિકારીઓ દ્વારા ઘટનાની હકીકતની તપાસ કરવામાં આવી રહી છે તેમજ જરૂરિયાત મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# ધ્રોલના રાજપૂત છાત્રાલય ખાતે વિવિધ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે 'સ્મૃતિ રક્તદાન કેમ્પ' યોજાશે

ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : "રક્તદાન એ જ સાચી શ્રદ્ધાંજલિ"ના ઉમદા આશય સાથે આગામી રવિવાર, તા. ૨૬ જુલાઈ ૨૦૨૬ના રોજ ધ્રોલ મુકામે એક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વ. જાડેજા ભાગ્યપાલસિંહ હેમંતસિંહ તથા સ્વ. જાડેજા નિર્મળસિંહ નારૂભાની પવિત્ર સ્મૃતિમાં યોજાનારા આ કેમ્પમાં એકત્રિત થયેલું લોહી જામનગરની જી.જી. હોસ્પિટલના થેલેસેમિયા પીડિત બાળકો અને ગરીબ વર્ગના દર્દીઓની સારવાર માટે અર્પણ કરવામાં આવશે. આ સેવાયજ્ઞ ધ્રોલ સ્થિત ' દીપસિંહજી રાજપૂત છાત્રાલય' ખાતે સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી ખુલ્લો રહેશે. આ કેમ્પનું આયોજન ભાગ્યપાલસિંહ મિત્ર વર્તુળ, ડૉ. ઉષાકાંત શુક્લ ટ્રસ્ટ (ધ્રોલ), સ્વ. માધવસિંહજી પરિવાર (જાબીડા), હરધ્રોલ માજી સૈનિક સેવા ફાઉન્ડેશન (ધ્રોલ) તેમજ અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ (ધ્રોલ) દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે. ધ્રોલ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના પ્રબુદ્ધ નાગરિકો અને યુવાનોને મોટી સંખ્યામાં રક્તદાન કરી માનવતાના આ કાર્યમાં સહભાગી થવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો સાથે મુલાકાત કરી

## જયશંકરે મનીલામાં માર્કો રુબિયો સાથે વેપાર, ટેરિફ, ઊર્જા, સંરક્ષણ અને AI સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી

મનીલા,
ભારત ના વિદેશ મંત્રી એસ જયશંકરે બુધવારે મનીલામાં યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો સાથે મુલાકાત કરી અને ભારત-યુએસ કોમ્પ્રિહેન્સિવ ગ્લોબલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપના મુખ્ય ક્ષેત્રો પર ચર્ચા કરી કારણ કે ક્વાડ ફોરેન મિનિસ્ટર્સ મીટિંગ (FMM) ASEAN-સંબંધિત બેઠકોની બાજુમાં ફરી મળી. મીટિંગની વિગતો શેર કરતા, જયશંકરે ઠ પર એક પોસ્ટમાં કહ્યું, "મનીલામાં અહીં યુએસએ સેક્રેટરી રૂબિયોને મળીને આનંદ થયો. અમારી મીટિંગ ભારત-યુએસ કોમ્પ્રિહેન્સિવ ગ્લોબલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ માટે પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રો પર કેન્દ્રિત હતી, જેમાં વેપાર અને ટેરિફ, ઉર્જા, સંરક્ષણ અને સુરક્ષા, મહત્વપૂર્ણ ખનિજો અને કૃત્રિમ બુદ્ધિનો સમાવેશ થાય છે."

બંને નેતાઓએ પ્રાદેશિક, વૈશ્વિક મુદ્દાઓ પર મંતવ્યોનું આદાન-પ્રદાન કર્યું

જયશંકરે ઉમેર્યું કે, બંને નેતાઓએ પરસ્પર હિતના પ્રાદેશિક, વૈશ્વિક અને બહુપક્ષીય મુદ્દાઓ પર પણ મંતવ્યોનું આદાન-પ્રદાન કર્યું. "પરસ્પર હિતના પ્રાદેશિક, વૈશ્વિક અને બહુપક્ષીય મુદ્દાઓ પર ઝડપી દ્રષ્ટિકોણનું પણ આદાન-પ્રદાન કર્યું," વિદેશ મંત્રીએ જણાવ્યું.

તેમની વાતચીતમાં, જયશંકર અને રુબિયોએ વેપાર, ટેરિફ, ઉર્જા, સંરક્ષણ, મહત્વપૂર્ણ ખનિજો અને AI સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી. આ બેઠક ત્યારે થઈ જ્યારે ભારત, યુનાઈટેડ સ્ટેટ્સ, ઓસ્ટ્રેલિયા અને જાપાનના ક્વાડ જૂથે ASEAN વિદેશ પ્રધાનોની બેઠકોની બાજુમાં મનીલામાં ચર્ચા કરી.

માર્કો રુબિયો કહે છે કે Quad ASEAN કેન્દ્રીયતાને ટેકો આપવાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ કહ્યું કે Quad બેઠકે ASEAN કેન્દ્રીયતાને ટેકો આપવા અને મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિકને પ્રોત્સાહન આપવાની જૂથની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે. "આ સંદેશ પર ભાર મૂકવા માટે ASEAN વિદેશ પ્રધાનોની બેઠકમાં ક્વાડનું પુનઃઉપયોગ કરીને આનંદ થયોઃ આ ક્ષેત્રમાં ASEANની પોતાની પ્રાથમિકતા અને કેન્દ્રિયતાને ટેકો આપવા માટે મજબૂત સહયોગ મહત્વપૂર્ણ છે," રુબિયોએ ઠ પર પોસ્ટ કર્યું."

યુનાઈટેડ સ્ટેટ્સ, ભારત, ઓસ્ટ્રેલિયા અને જાપાન કાયદાના શાસન, સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા પર આધારિત મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિકનું વિઝન શેર કરે છે. ક્વાડ એક પ્રાથમિકતા રહે છે, અને અમે આ વર્ષના અંતમાં ફરી મળીશું," તેમણે ઉમેર્યું.

જયશંકર ASEAN માળખા હેઠળ અનેક વિદેશ મંત્રી-સ્તરની બેઠકોમાં ભાગ લેવા માટે બે દિવસની મુલાકાત માટે મનીલામાં છે, જેમાં ASEAN-ભારત વિદેશ મંત્રીઓની બેઠક, પૂર્વ એશિયા સમિટ (EAS) વિદેશ મંત્રીઓની બેઠક અને ASEAN પ્રાદેશિક મંચ (ARF) બેઠકોનો સમાવેશ થાય છે.

# દિલ્હી હાઈકોર્ટે પ્રદર્શનકારીઓ સામે હિંસાના આરોપો પર કેન્દ્ર અને પોલીસને નોટિસ ફટકારી

## દિલ્હી હાઈકોર્ટે સીસીટીવી , બોડીકેમ ફૂટેજ અને અન્ય રેકોર્ડ સાચવવાનો નિર્દેશ આપ્યો

નવીદિલ્હી,
દિલ્હી હાઈકોર્ટે પ્રદર્શનકારીઓ સામે ક્રૂર હિંસાના કેસોમાં જવાબ માંગવા માટે દિલ્હી પોલીસ અને કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી છે. દિલ્હી હાઈકોર્ટે સીસીટીવી , બોડીકેમ ફૂટેજ અને અન્ય રેકોર્ડ સાચવવાનો નિર્દેશ આપ્યો છે.

દિલ્હી હાઈકોર્ટે ભારત સરકારના કાનૂની અધિકારી, એડિશનલ સોલિસિટર જનરલ (એએસજી) રાજુને પૂછ્યું, "તમે કેવી રીતે કહી શકો છો કે આ અરજી પ્રચાર માટે દાખલ કરવામાં આવી છે? જ્યારે સુપ્રીમ કોર્ટનો નિર્ણય ઉપલબ્ધ છે અને આટલી મોટી સંખ્યામાં લોકો સામેલ છે, તો તમે કેવી રીતે કહી શકો છો કે લોકોએ અલગ અલગ એફઆઈઆર દાખલ કરવી જોઈએ?"

સરકારે હાઈકોર્ટને કહ્યું, "કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)નો વિરોધ શાંતિપૂર્ણ નહોતો. કેટલાક વિરોધીઓએ હિંસાનો આશરો લીધો હતો. આ અરજીઓ પ્રસિદ્ધિ મેળવવા માટે દાખલ કરવામાં આવી છે." એએસજીએ હાઈકોર્ટને કહ્યું, "હુમલાનો આરોપીઓએ કોઈ એફઆઈઆર કે અરજી દાખલ કરી નથી."

દિલ્હી હાઈકોર્ટે ચાર અઠવાડિયામાં નોટિસનો જવાબ માંગ્યો છે. ત્યારબાદ, હાઈકોર્ટે અરજદારને પોતાનો જવાબ દાખલ કરવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો છે. આ કેસમાં આગામી સુનાવણી ૧૧ સપ્ટેમ્બરે થશે.

દિલ્હી હાઈકોર્ટે આ કેસમાં દાખલ કરાયેલી જાહેર હિતની અરજી પર નોટિસ જારી કરી છે અને કેન્દ્ર સરકાર અને દિલ્હી પોલીસ બંનેને નોટિસ જારી કરી છે.

# વિદ્યાર્થીઓનો ઉપયોગ રાજકીય હથિયાર તરીકે થઈ રહ્યો છે, સંસદમાં આ મુદ્દા પર ચર્ચા કરો : રાજનાથ સિંહ

## સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા



નવીદિલ્હી,
સંસદના ચોમાસા સત્ર દરમિયાન યુવાનો અને વિદ્યાર્થીઓના મુદ્દાઓ પર ચાલી રહેલા રાજકીય ઉથલપાથલ વચ્ચે, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે કેટલાક લોકો દેશના વિદ્યાર્થીઓ અને યુવાનોનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરી રહ્યા છે. તેમણે તેને વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરવાનો નિષ્ફળ પ્રયાસ ગણાવ્યો. રાજનાથ સિંહે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારતના બુદ્ધિશાળી યુવાનો આ બધા પ્રયાસોને સારી રીતે સમજે છે અને વિકાસ અને રાષ્ટ્રનિર્માણનો માર્ગ પસંદ કરશે.

સંરક્ષણ મંત્રીએ કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર વિદ્યાર્થીઓ અને યુવાનોની આકાંક્ષાઓ પૂર્ણ કરવા અને તેમના કલ્યાણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. સરકાર યુવાનો પ્રત્યે સંવેદનશીલ છે અને ખાતરી કરશે કે કોઈની સાથે, ખાસ કરીને વિદ્યાર્થીઓ સાથે અન્યાય ન થાય. તેમણે આરોપ લગાવ્યો કે કેટલાક વિપક્ષી નેતાઓ જનતામાં કૃત્રિમ ગુસ્સો પેદા કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# દક્ષિણપૂર્વ એશિયન રાષ્ટ્રોના સંગઠનની કેન્દ્રીય ભૂમિકાને માન્યતા આપવી એ ભારતની પ્રાથમિકતા

## ભારતે મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર પ્રત્યે પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો

મનીલા,
ભારતે ફરી એકવાર મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. મનીલામાં ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠક દરમિયાન, વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું કે આ ક્ષેત્રમાં દક્ષિણપૂર્વ એશિયન રાષ્ટ્રોના સંગઠનની કેન્દ્રીય ભૂમિકાને માન્યતા આપવી એ ભારતની પ્રાથમિકતાઓમાંની એક છે.

જયશંકર ઉપરાંત, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો, ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોંગ અને જાપાનના વિદેશ મંત્રી તોશિમિત્સુ મોટેગીએ બેઠકમાં હાજરી આપી હતી. અગાઉની ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠક મેના અંતમાં નવી દિલ્હીમાં યોજાઈ હતી, જ્યાં માર્કો રુબિયો મહેમાન હતા.

વિદેશ મંત્રી જયશંકરે સોશિયલ મીડિયા પર કહ્યું, "મનીલામાં ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવાનો આનંદ છે. ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની પરિસ્થિતિની સમીક્ષા કરી અને તાજેતરના વિકાસ પર ચર્ચા કરી. નવી દિલ્હીમાં તાજેતરની બેઠકના પરિણામો પર ફોલોઅપ કર્યું." તેમણે વધુમાં કહ્યું, "અમે મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે પ્રતિબદ્ધ છીએ અને આ ક્ષેત્રમાં છજીઈછઙ્ગ ની કેન્દ્રીય ભૂમિકાને સ્વીકારીએ છીએ."

ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓ આસિયાન-સંબંધિત બેઠકોમાં ભાગ લેવા માટે ફિલિપાઈન્સની રાજધાની મનીલા પહોંચ્યા છે. આસિયાન (દક્ષિણપૂર્વ એશિયન રાષ્ટ્રોનું સંગઠન) આ ક્ષેત્રના સૌથી પ્રભાવશાળી જૂથોમાંનું એક માનવામાં આવે છે. ભારત, યુનાઈટેડ સ્ટેટ્સ, ચીન, જાપાન અને ઓસ્ટ્રેલિયા સહિત અનેક દેશો સાથે, તેના સંવાદ ભાગીદારો છે.સંયુક્ત પ્રેસ રિલીઝમાં જણાવાયું છે કે ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓએ મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક ક્ષેત્રને મજબૂત બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો અને આસિયાનની એકતા અને તેની કેન્દ્રીય ભૂમિકા માટે "અતૂટ સમર્થન" વ્યક્ત કર્યું.

# બાંગ્લાદેશમાં ગેસ સપ્લાય ખોરવાયો, LNG ટર્મિનલ આંશિક રીતે બંધ

ઢાકા,
દેશના ફ્લોટિંગ લિક્વિફાઇડ નેચરલ ગેસ (LNG) ટર્મિનલ્સમાંના એકમાં ટેકનિકલ સમસ્યાને કારણે કામગીરી આંશિક રીતે બંધ થઈ ગઈ, જેના કારણે રાષ્ટ્રીય ગ્રીડમાંથી લગભગ ૪૫૦ મિલિયન ક્યુબિક ફીટ પ્રતિ દિવસ (mmcfd) દૂર થઈ ગઈ.

મંગળવારે મોહેશખલી નજીક યુ.એસ. સ્થિત એક્સેલરેટ એનર્જી દ્વારા સંચાલિત ફ્લોટિંગ સ્ટોરેજ અને રિગેસિફિકેશન યુનિટ (FSRU) માં શિપ-ટુ-શિપ ન્દ્બય ટ્રાન્સફર ઓપરેશન દરમિયાન આ વિક્ષેપ પડ્યો.

રાજ્ય માલિકીની પેટ્રોબાંગલાએ જણાવ્યું હતું કે એન્જિનિયરો ખામી સુધારવા માટે કામ કરી રહ્યા છે, પરંતુ ચેતવણી આપી હતી કે ટર્મિનલ સામાન્ય કામગીરી ફરી શરૂ થાય તે પહેલાં બે દિવસ જેટલો સમય લાગી શકે છે.

એક્સેલરેટ એનર્જીએ તેના કાર્યકારી સમય પછી ટિપ્પણી માટેની વિનંતીનો તાત્કાલિક જવાબ આપ્યો ન હતો. પુરવઠામાં ઘટાડો થવાથી ઘરો અને ઉદ્યોગો માટે અછત વધુ ખરાબ થવાની ધારણા છે જે પહેલાથી જ અપૂરતી ગેસ ઉપલબ્ધતાથી ઝઝૂમી રહ્યા છે. ઈરાન પર યુ.એસ.-ઈઝરાયલ યુદ્ધે પહેલાથી જ વૈશ્વિક સ્તરે ન્દ્બય પુરવઠો કડક બનાવી દીધો છે, હુમલાઓથી કતારની નિકાસ ક્ષમતા અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ દ્વારા શિપિંગ પર અસર પડી છે, જેના કારણે કતાર એનર્જી દ્વારા ફોર્સ મેજ્યુર ડિક્લેરેશન કરવામાં આવ્યા છે અને એશિયન સ્પોટ ભાવમાં વધારો થયો છે.

# ચીની સંરક્ષણ એટેચીએ ૧૨ ચીની ખલાસીઓને બચાવવા બદલ ભારતીય સેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી

## ભારત અને ચીનના સામાન્ય હિતો બંને દેશો વચ્ચેના તફાવતો કરતાં મોટા અને વધુ મહત્વપૂર્ણ

નવીદિલ્હી,
ભારતમાં ચીનના નવા સંરક્ષણ એટેચી, રીઅર એડમિરલ યુ જિયાને ભારતીય સેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી. તેમણે નોંધ્યું કે ભારતીય સેનાએ ગયા વર્ષે જૂનમાં કેરળના દરિયાકાંઠે આગ લાગી અને વિસ્ફોટ થયો ત્યારે એક કાર્ગો જહાજમાંથી ૧૨ ચીની ક્રૂ સભ્યોને સુરક્ષિત રીતે બચાવ્યા હતા. તેમણે કહ્યું કે ચીન આ સહાયને ક્યારેય ભૂલી શકશે નહીં. રીઅર એડમિરલ યુ જિયાને ચાઈનીઝ પીપલ્સ લિબરેશન આર્મી ની સ્થાપનાની ૯૯મી વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલા સમારોહમાં આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે ભારત અને ચીન મહત્વપૂર્ણ પડોશી છે અને હાલમાં વિકાસ અને રાષ્ટ્રીય પુનર્નિર્માણના નિર્ણાયક સમયગાળામાંથી પસાર થઈ રહ્યા છે. રીઅર એડમિરલે કહ્યું કે અમને ખુશી છે કે બંને દેશોના નેતાઓના વ્યૂહાત્મક માર્ગદર્શન હેઠળ, ભારત-ચીન સંબંધો ફરી એકવાર સુધારણા અને વિકાસના યોગ્ય માર્ગ પર આગળ વધી રહ્યા છે. ભારતીય સેનાની પ્રશંસા કરતા તેમણે કહ્યું, "આપણે ક્યારેય ભૂલીશું નહીં કે ગયા જૂનમાં, ભારતીય સેનાએ કેરળ કિનારે આગ લાગી અને વિસ્ફોટ થયો ત્યારે એક કાર્ગો જહાજમાંથી ૧૨ ચીની ક્રૂ સભ્યોને બચાવ્યા હતા. આપણે યાદ રાખવું જોઈએ કે ભારતીય અને ચીની સૈન્યએ યુએન શાંતિ રક્ષા કામગીરીમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે અને મહાન બલિદાન આપ્યું છે." યુ જિયાને કહ્યું કે ચીન હંમેશા માને છે કે ભારત અને ચીનના સામાન્ય હિતો બંને દેશો વચ્ચેના તફાવતો કરતાં મોટા અને વધુ મહત્વપૂર્ણ છે.

# મહારાષ્ટ્રમાં એક મહિલાએ સાડી ન લાવવા બદલ તેના પતિની હત્યા કરી

## મહિલાએ પ્રેશર કુકરના ઢાંકણથી માર માર્યો અને પછી તેનું ગળું દબાવીને હત્યા કરી



થાણે,
: મહારાષ્ટ્રના થાણે જિલ્લામાંથી એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. એક પત્નીએ તેના પતિની હત્યા ફક્ત એટલા માટે કરી કારણ કે તે સાડી લાવ્યો ન હતો. તેણે પહેલા તેને પ્રેશર કુકરના ઢાંકણથી માર માર્યો અને પછી તેનું ગળું દબાવીને હત્યા કરી.

પ્રાપ્ત માહિતી અનુસાર, આરોપી પત્નીની ધરપકડ કરવામાં આવી છે અને તે ૩૦ વર્ષની છે. આરોપી પત્નીની ઓળખ સુનિતા દેવી હરેરામ સિંહ તરીકે થઈ છે, જે બિહારના રોહતાસ જિલ્લાની રહેવાસી છે. સુનિતાની મંગળવારે ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી મહિલા ખૂબ જ ચાલાક છે અને પોલીસને ગેરમાર્ગે દોરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરતી હતી, પરંતુ ગુનો છુપાવી શકાતો નથી. પોલીસના જણાવ્યા અનુસાર, ૩૫ વર્ષીય હરેરામ કિશુનજી સિંહ બદલાપુરમાં તેના ઘરે હતો. સાડી ન લાવવાને કારણે તેની પત્ની સાથે ઝઘડો થયો હતો.

# પટનામાં પ્રશાંત કિશોરની પાર્ટી ઓફિસ અને નજીકના સહયોગીની હોટલ પર આવકવેરા વિભાગના દરોડા

## આવકવેરા વિભાગના દરોડાથી બિહારમાં રાજકીય ખળભળાટ

પટણા,
જન સૂરજ પાર્ટીને લઈને બિહારમાં મોટા સમાચાર સામે આવ્યા છે. આવકવેરા વિભાગે પ્રશાંત કિશોરની જન સૂરજ પાર્ટી ઓફિસ પર દરોડા પાડ્યા છે. અહેવાલ છે કે આ પાર્ટી ઓફિસ પટનાના વોર્ડ નંબર ૨૫ માં આવેલી છે, જ્યાં આવકવેરા અધિકારીઓ પહોંચ્યા છે અને સર્ચ ઓપરેશન હાથ ધરી રહ્યા છે. આવકવેરા વિભાગે પ્રશાંત કિશોરના નજીકના સહયોગી રવિ નારાયણ સિંહની હોટલ પર પણ દરોડા પાડ્યા છે.

અહેવાલો અનુસાર, આવકવેરા વિભાગની ટીમ પાર્ટી ઓફિસની અંદર દસ્તાવેજો અને અન્ય રેકોર્ડની તપાસ કરી રહી છે. ટીમની કાર્યવાહી દરમિયાન ઓફિસમાં હાજર લોકોની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. જોકે, આવકવેરા વિભાગ દ્વારા આ કાર્યવાહી કયા કેસ અથવા કયા પ્રકારની નાણાકીય ગેરરીતિઓ સાથે સંબંધિત છે તે હજુ સુધી સ્પષ્ટ નથી. આવકવેરા વિભાગની ટીમે જન સૂરજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરના નજીકના માનવામાં આવતા રવિ નારાયણ સિંહ સાથે સંકળાયેલી હોટલ પર પણ દરોડા પાડ્યા છે. એવું અહેવાલ છે કે અધિકારીઓ હોટલ પરિસરમાં નાણાકીય વ્યવહારો સંબંધિત દસ્તાવેજો અને રેકોર્ડની પણ તપાસ કરી રહ્યા છે.

આવકવેરા વિભાગની ટીમો પાર્ટી ઓફિસ અને હોટેલ સહિત સંબંધિત સ્થળોએ એક સાથે દરોડા પાડી રહી છે. આ દરોડા અંગે અધિકારીઓ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું નથી. બાંકીપુર પેટાચૂંટણી પહેલા, આવકવેરા વિભાગ દ્વારા જન સૂરજ પાર્ટીના કાર્યાલય અને પ્રશાંત કિશોરના નજીકના સહયોગીઓ સાથે સંકળાયેલી એક હોટલ પર એક સાથે દરોડાએ બિહારમાં રાજકીય ખળભળાટ મચાવ્યો છે. પાર્ટીએ હજુ સુધી કાર્યવાહી અંગે વિગતવાર પ્રતિક્રિયા આપી નથી.

# દેશમાં ૫ વર્ષમાં ૧.૪૨ લાખ કરોડના બેંક કૌભાંડો, માત્ર ૪.૫% રિકવર થયા; સંસદમાં રિપોર્ટ રજૂ



નવીદિલ્હી,
દેશની બેંકિંગ સિસ્ટમમાં છેતરપિંડી અને ભંડોળના નુકસાન અંગે સંસદમાં ખૂબ જ ચિંતાજનક અને ચોંકાવનારા આંકડા રજૂ કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે મંગળવારે રાજ્યસભાને માહિતી આપી હતી કે છેલ્લા પાંચ નાણાકીય વર્ષોમાં વાણિજ્યિક બેંકો અને નાણાકીય સંસ્થાઓમાં આશરે ૧.૪૨ લાખ કરોડના બેંક છેતરપિંડી નોંધાઈ છે. સૌથી આશ્ચર્યજનક વાત એ છે કે આ મોટી રકમમાંથી, બેંકોએ અત્યાર સુધીમાં ફક્ત ૬,૩૮૯ કરોડની રકમ વસૂલ કરી છે, જે કુલ છેતરપિંડીની રકમના માત્ર ૪.૫% છે.

નાણા મંત્રાલયે રાજ્યસભાને આપેલા લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેટા અનુસાર, છેલ્લા પાંચ વર્ષમાં ભારતભરમાં વાણિજ્યિક બેંકો અને નાણાકીય સંસ્થાઓમાં કુલ ૧,૪૨,૧૧૨ કરોડની છેતરપિંડી નોંધાઈ છે. આમાં જાહેર ક્ષેત્રની બેંકો, ખાનગી બેંકો, વિદેશી બેંકો, નાની નાણાકીય બેંકો, ચુકવણી બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓનો સમાવેશ થાય છે. સરકારે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે જ્યારે છેતરપિંડી ખાતાઓમાંથી ભંડોળની વસૂલાત ચાલુ છે, ત્યારે અત્યાર સુધીમાં ફક્ત ૬,૩૮૯ કરોડની વસૂલાત થઈ છે.

સરકારે જણાવ્યું હતું કે જાહેર ક્ષેત્રની બેંકોએ જાણી જોઈને લોન ડિફોલ્ટર્સ સામે વ્યાપક કાનૂની કાર્યવાહી કરી છે. ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં, કોર્ટમાં ૧૫,૫૭૭ વસૂલાતના કેસ દાખલ કરવામાં આવ્યા હતા. ૧૦,૮૯૪ કેસોમાં સરફેસી એક્ટ હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી અને ૭,૧૭૩ એફઆઈઆર નોંધવામાં આવી હતી. આ કાનૂની અને વહીવટી પગલાં દ્વારા, જાહેર ક્ષેત્રની બેંકોએ સફળતાપૂર્વક ૫૨,૩૬૦ કરોડ વસૂલ કર્યા છે.

મુખ્ય બેંક છેતરપિંડીના કેસોમાં, આરોપીઓ ઘણીવાર તેમની સંપત્તિ અન્ય નામે ટ્રાન્સફર કરે છે અથવા વિદેશ ભાગી જાય છે. લાંબી કાનૂની પ્રક્રિયાઓ, વર્ષોથી ચાલતા કોર્ટ કેસ અને મિલકતના વેચાણમાં વિલંબને કારણે વસૂલાત ધીમી પડે છે. આ જ કારણ છે કે હજારો કરોડ રૂપિયાના કૌભાંડો પણ ઘણીવાર સંપૂર્ણ રકમ વસૂલવામાં નિષ્ફળ જાય છે.

સરકારનું કહેવું છે કે તે બેંકિંગ સિસ્ટમને વધુ સુરક્ષિત બનાવવા માટે દેખરેખમાં સતત વધારો કરી રહી છે.

# ગૌરીકુંડ નજીક ભૂસ્ખલનથી ટ્રેક અવરોધાયો, કેદારનાથ યાત્રા સ્થગિત

## ટ્રેક રૂટ પર અવરજવર સંપૂર્ણપણે સલામત જાહેર થયા પછી જ ફરી શરૂ થશે

રુદ્રપ્રયાગ,
બુધવારે રુદ્રપ્રયાગમાં કેદારનાથ યાત્રાને અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી હતી કારણ કે ભૂસ્ખલનથી શ્રદ્ધાળુઓનો માર્ગ અવરોધિત થયો હતો. અધિકારીઓના જણાવ્યા મુજબ, ૨૨ જુલાઈના રોજ, ભારે વરસાદને કારણે ગૌરીકુંડ નજીક યાત્રા માર્ગ પર પથ્થરો અને ખડકો પડવાની ઘટના બની હતી. અધિકારીઓએ અસરગ્રસ્ત વિસ્તારમાં અવરજવર બંધ કરી દીધી હતી અને શ્રદ્ધાળુઓને સલામત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. ગૌરીકુંડથી લગભગ એક કિલોમીટર દૂર, ટ્રેક રૂટ પર છોડી નજીક ભૂસ્ખલન થયું હતું, જેના કારણે કાટમાળથી રસ્તો બંધ થઈ ગયો હતો.

જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન અધિકારી નંદન સિંહ રાજવારે જણાવ્યું હતું કે ભૂસ્ખલનની માહિતી મળતાં જ યાત્રાળુઓને તાત્કાલિક સલામત સ્થળોએ રોકવામાં આવ્યા હતા, જેથી તેમની સલામતી માટે કોઈ જોખમ ન રહે. તેમણે જણાવ્યું હતું કે જાહેર બાંધકામ વિભાગ (ઉઙ્ઘ) અને અન્ય વિભાગોની ટીમો સ્થળ પર પહોંચી હતી અને માર્ગ પર અવરજવર પુનઃસ્થાપિત કરવા માટે કાટમાળ સાફ કરવાનું શરૂ કર્યું હતું.

રાજવારે જણાવ્યું હતું કે પરિસ્થિતિનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને પોલીસ ટીમો રાહત અને સલામતી કામગીરી કરી રહી છે. પરિસ્થિતિની માંગણી થાય તો તાત્કાલિક તૈનાત કરવા માટે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ (દ્ગડ્ઢઇહ્લ) અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ (SDRF) ને પણ સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે.

નંદન સિંહે યાત્રાળુઓને ધીરજ રાખવા અને વહીવટીતંત્રના નિર્દેશોનું પાલન કરવાની અપીલ કરી છે, ઉમેર્યું છે કે ટ્રેક રૂટ પર અવરજવર સંપૂર્ણપણે સલામત જાહેર થયા પછી જ ફરી શરૂ થશે.

આ વર્ષે આ પહેલી વાર રૂટ બંધ કરવામાં આવ્યો નથી. ગયા અઠવાડિયે જ, ગૌરીકુંડ અને ચીલબાસા વચ્ચેના છૌડી નજીક આ જ રસ્તો બંધ કરવામાં આવ્યો હતો, કારણ કે રસ્તા પર પથ્થરો અને કાટમાળ પડ્યા હતા. આ ઘટના બાદ, કાટમાળ દૂર કર્યા પછી, બપોરે ૧ વાગ્યે યાત્રાળુઓ માટે ટ્રેકિંગ રૂટ ફરીથી ખોલવામાં આવ્યો હતો. અહેવાલો નોંધે છે કે સોનપ્રયાગ-ગૌરીકુંડ કોરિડોરમાં હિમાલયના ઢાળવાળા ભૂપ્રદેશ, અસ્થિર ઢોળાવ અને હવામાન સંબંધિત ધોવાણને કારણે યાત્રા સમયગાળા દરમિયાન વારંવાર ભૂસ્ખલન વિક્ષેપોનો અનુભવ થાય છે. મે મહિનામાં, સોનપ્રયાગ-ગૌરીકુંડ કોરિડોર પરથી ૧૦,૦૦૦ થી વધુ યાત્રાળુઓને બહાર કાઢવા પડ્યા હતા, જેમાં દ્ગડ્ઢઇહ્લ અને SDRF બંનેનો સમાવેશ થતો હતો. અહીં એ નોંધનીય છે કે કેદારનાથ યાત્રા પર્વતીય પ્રદેશોમાંથી પસાર થાય છે જ્યાં ચોમાસા દરમિયાન ભૂસ્ખલન થવાની સંભાવના રહે છે.

# જામનગરમાં નિટ પેપર લીક મુદ્દે જાગૃત વિદ્યાર્થીઓ દ્વારા રેલી યોજી આવેદન

જામનગર : જામનગરમાં ફ્રઈઈ્ પેપરલીક કૌભાંડ મામલે જામનગરના જાગૃત વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ અને યુવાનોએ વિરોધ પ્રદર્શન કરી કલેક્ટરને આવેદન પત્ર પાઠવી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થયેલા અન્યાયને લઈ શિક્ષણ વ્યવસ્થાની પારદર્શિતા લાવવા રજૂઆત કરાઈ છે. NEET પેપરલીક કૌભાંડમાં સંડોવાયેલા તમામ જવાબદાર વ્યક્તિઓ અને તંત્ર સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે, શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન નૈતિક જવાબદારી સ્વીકારી રાજીનામું આપે, પેપરલીક અને તેના પરિણામે આત્મહત્યા કરનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના પરિવારોને યોગ્ય આર્થિક સહાય અને ન્યાય આપવામાં આવે, ભવિષ્યમાં કોઈપણ ભરતી અથવા પ્રવેશ પરીક્ષામાં પેપરલીક ન થાય તે માટે સરકાર મજબૂત અને પારદર્શક વ્યવસ્થા સાથે લેખિત બાંહેધરી આપે, દિલ્હીના જંતર-મંતર ખાતે શાંતિપૂર્ણ વિરોધ કરી રહેલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ પર થયેલા પોલીસ લાઠીચાર્જ માટે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે. તે સહિતની માંગ કરાઈ છે.







તસવીર: સુનિલ ચુડાસમા

## વિભાપરની સગીરાના અપહરણ-પોકસો કેસનો આરોપી બે દિવસના રિમાન્ડ હેઠળ



જામનગર : જામનગર જિલ્લાના વિભાપર ગામની સગીરાના અપહરણ અને પોકસો કેસમાં સંડોવાયેલા આરોપીને પોરબંદરથી દબોચી લીધા બાદ પોલીસે ૧૦ દિવસના રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં હાજર કરતા અદાલત દ્વારા બે દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે.

વિભાપર ખાતે રહેતા એક પરિવારની ૧૨ વર્ષની દીકરી પોતાના ઘરે હતી ત્યારે તા. ૦૬ જુલાઈના રોજ બપોરે આશરે ૧૨ વાગ્યાના સમયે અજાણ્યો વ્યક્તિ સગીરાને લલચાવી-ફોસલાવી તેણીનું અપહરણ કરી ગયો હોવાની ફરિયાદ નોંધાઈ હતી. બાદમાં દલિત સમાજ દ્વારા ધરણાં અને એસપીને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક કાર્યવાહીની માંગ કરાઈ હતી. ત્યારબાદ એલસીબી પોલીસ દ્વારા પોરબંદર પંથકમાંથી આરોપી કાના ગોરણિયા (ઉ.વ.૩૬) નામના શખ્સને પકડી પાડ્યો અને સગીરાને છોડાવી હતી. તેણીના તબીબી પરીક્ષણ બાદ પોકસો સહિતની કલમનો ઉમેરો કરાયો હતો. આ કેસની વધુ તપાસ અર્થે પોલીસે આરોપીના રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજુ કરતા બે દિવસના રિમાન્ડ મંજૂર થયા છે. આરોપી તા. ૨૪ જુલાઇ સુધી રિમાન્ડ હેઠળ છે.

## મેઘપર પડાણાના તત્કાલીન પી.એસ.આઈ. સહિત ત્રણ પોલીસ કર્મી સામે કેસ ચલાવવા કોર્ટનો આદેશ

જામનગર : લાલપુર કોર્ટે મેઘપર પડાણા પોલીસ સ્ટેશનના તત્કાલીન પીએસઆઈ જલુ તથા બે પોલીસ કર્મચારીઓ સામે મારકૂટ, અપહરણ, ગેરકાયદેસર રીતે પોલીસ સ્ટેશનમાં ગોંધી રાખવા, ધમકી આપવા સહિતના ગુનાઓમાં કેસ ચલાવવાનો હુકમ કર્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ મોટી ખાવડી ગામના ભારમલ કરાભાઈ મોરી ૧૧ એપ્રિલ, ૨૦૧૬ની રાત્રે પોતાની ચાની કેબિન પર હતા ત્યારે મેઘપર પોલીસ સ્ટેશનના તત્કાલીન પીએસઆઈ જલુ, પોલીસ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ ગુમાનસિંહ જાડેજા તથા કોન્સ્ટેબલ ધરણાત ડાડુભાઈ ચરણવડિયા ત્યાં પહોંચ્યા હતા. ફરિયાદી સાથે ગાળાગાળી કર્યા બાદ લાકડીઓ વડે માર મારવામાં આવ્યો હતો. દરમિયાન વચ્ચે પડેલા મહિપતસિંહ નાથુભા જાડેજાને પણ માર મારી બંનેને પોલીસ જીપમાં બેસાડી મેઘપર પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા.

વધુમાં જણાવાયું છે કે પોલીસ સ્ટેશનમાં પણ બંનેને બેફામ માર મારવામાં આવ્યો હતો અને ધમકી આપીને મોડી રાત્રે છોડી મૂકવામાં આવ્યા હતા. બીજા દિવસે ઈજાગ્રસ્ત ફરિયાદીને જી.જી. હોસ્પિટલ, જામનગર ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં એમએલસી નોંધાઈ હતી. ત્યારબાદ જિલ્લા પોલીસ અધિક્ષકને લેખિત રજૂઆત કરવા છતાં કાર્યવાહી ન થતાં ફરિયાદીએ એડવોકેટ નિખિલ બી. બુદ્ધભટ્ટી મારફતે લાલપુર કોર્ટમાં ખાનગી ફરિયાદ દાખલ કરી હતી.

કોર્ટ દ્વારા કરવામાં આવેલી તપાસ દરમિયાન ફરિયાદી, સાક્ષીઓ અને જી.જી. હોસ્પિટલના ડૉક્ટરના નિવેદનોના આધારે લાલપુરના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે પીએસઆઈ જલુ, કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ ગુમાનસિંહ જાડેજા તથા કોન્સ્ટેબલ ધરણાત ડાડુભાઈ ચરણવડિયા સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૬૫, ૩૪૧, ૫૦૪, ૫૦૬ અને ૧૧૪ હેઠળ ફરિયાદ નોંધાવી કેસ ચલાવવાનો તથા આરોપીઓને સમન્સ પાઠવવાનો આદેશ કર્યો છે. આ કેસમાં ફરિયાદી પક્ષ તરફથી એડવોકેટ નિખિલ બી. બુદ્ધભટ્ટી, એડવોકેટ પાર્થ ડી. સામાણી, એડવોકેટ મહાવીરસિંહ બી. જાડેજા તથા એડવોકેટ સમર્થ આર. વેકરિયા રજૂઆત કરી રહ્યા છે.

## રાજસ્થાનના ૭૬ વર્ષીય વૃદ્ધ દ્વારા દ્વારકાની ૭૦૦ કિમી દંડવત યાત્રા



દ્વારકા : સાકારામ રાજપૂત નામના ૭૬ વર્ષીય સીનીયર સીટીઝન ગઈકાલે રાજસ્થાનથી દ્વારકા યાત્રાધામ સુધીની ૭૦૦ કિમીની અત્યંત કઠિન દંડવત યાત્રા પૂર્ણ થવા જઈ રહી છે. ભગવાન દ્વારકાધીશમાં અડગ શ્રદ્ધા ધરાવતા સાકારામે અડગ મનોબળ સાથે ભારે કપરી ગણાતી યાત્રા પૂર્ણતાને આરે છે ત્યારે ઠાકોરજીને ત્રીજી દંડવત યાત્રા પૂર્ણ કરવા પ્રેરણા મળતા ધન્યતા અનુભવી હતી. સાકારામ રાજપૂત દ્વારા તેમના જીવનકાળમાં દ્વારકા યાત્રાધામની આ ત્રીજી વખતની દંડવત યાત્રા છે.

## જામનગરમાં ભાડાનું મકાન ખાલી કરાવવાના પ્રશ્ને મહિલા પર ત્રણ શખ્સોનો હુમલો

### મકાનમાલિક તેની બહેન અને અજાણી મહિલા સામે ગુનો નોંધાયો

જામનગર : જામનગર શહેરમાં ભાડાના મકાનને ખાલી કરાવવાના મુદ્દે થયેલો વિવાદ મારામારી સુધી પહોંચ્યો હોવાનું સામે આવ્યું છે. જેમાં શહેરના લાલવાડી આવાસ ખાતે રહેતી તસલીમબેન હુશેનભાઈ શેખે મકાનમાલિક હુશેનભાઈ સમા, તેની બહેન યાસ્મીનબેન તથા એક અજાણી મહિલા સામે મારપીટ અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના લાલવાડી આવાસ ખાને રહેતા તસલીમબેન હુશેનભાઈ શેખના પતિએ આશરે એક મહિના પહેલાં હુશેનભાઈ સમાનું મકાન માસિક રૂ. ૨,૫૦૦ના ભાડે રાખ્યું હતું. તા. ૧૮ જુલાઈએ હુશેનભાઈ અને તેની બહેન યાસ્મીનબેન ઘરે આવી મકાન વેચાઈ ગયું હોવાનું કહી તાત્કાલિક મકાન ખાલી કરવા જણાવ્યું હતું. ફરિયાદી દ્વારા પતિ ઘરે આવ્યા બાદ મકાન ખાલી કરવાની વાત કરતાં બંનેએ તરત જ મકાન ખાલી કરવાની જીદ રાખી હતી.

ત્યારબાદ તા. ૨૦ જુલાઈએ હુશેનભાઈ, યાસ્મીનબેન અને એક અજાણી મહિલા ફરી ફરિયાદીના ઘરે આવ્યા હતા. તે સમયે બોલાચાલી બાદ હુશેનભાઈએ ફરિયાદીને ઝાપટ મારી હતી, જ્યારે યાસ્મીનબેન અને અજાણી મહિલાએ જપાજપી કરી ઢીકાપાટુનો માર મારી તેમજ યાસ્મીનબેનને મકાન ખાલી નહીં કરે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. મારપીટમાં ઈજા થતાં ફરિયાદીને જી.જી. હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. સમગ્ર બનાવ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવતા આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરના યુવાનનું બાઈક સ્લીપ થતાં સારવારમાં મૃત્યુ નિપજ્યું

જામનગર : જામનગરમાં શંકરટેકરી વિસ્તારમાં રહેતો અને રીક્ષા ચલાવતો એક યુવાન કોઈ કામસર પોતાના ઘરેથી બાઈક પર નિકળ્યો હતો. દરમિયાન કનસુમરાના પાટીયા પાસે એકાએક બાઈક સ્લીપ થઈ જતાં તેઓને ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી તેમને જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા બાદ વધુ સારવાર માટે તેમને રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ જ્યાં ગઈકાલે તેઓનું સારવારમાં મૃત્યુ નિપજ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ જામનગરમાં શંકરટેકરી વિસ્તારમાં આવેલ નવી નિશાળ પાસે રહેતા રફીકભાઈ દોસ્તમામદભાઈ જેમલાણી નામનો ૪૬ વર્ષિય યુવાન કોઈ કામસર પોતાનું જીજે-૧૦-એજી-૦૭૫૦ નંબરનું બાઈક લઈને નિકળ્યા હતાં. દરમિયાન કનસુમરાના પાટીયાથી સંસ્કાર પાર્ટી પ્લોટ રસ્તા પર તેમનું બાઈક સ્લીપ થઈ જતાં તેઓને ગંભીર ઈજા થતાં બેભાન થઈ ગયા હતાં. દરમિયાન કોઈ રાહદારીએ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત તેઓને જી.જી. હોસ્પિટલ પહોંચાડયા હતા. ત્યાં પ્રાથમિક સારવાર બાદ તેમને રાજકોટની સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડાયા હતાં. જ્યાં ગઈકાલે તેઓનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે ઈમ્તીયાઝભાઈ જિમલાણીએ જામનગર પોલીસને જાણ કરતાં રાજકોટ સિવિલ હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ભાટીયામાં ઘર પાસે ગાળો બોલવાના મામલે પાડોશી પરિવાર વચ્ચે ડખ્ખો

### એકબીજાની મોટરકારના પથ્થર મારી કાચ તોડી નાખતા સામસામે ફરિયાદ

ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના ભાટીયા ગામમાં સ્ટેશન રોડ પર રહેતા બે પાડોશી પરિવાર વચ્ચે ઘર પાસે ગાળો બોલવાના મામલે ડખ્ખો થયો હતો જેમાં એકબીજાએ પથ્થરનો ઘા મારી બે મોટરકારને નુકસાની પહોંચાડી હતી આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ સ્ટાફ સ્થળપર દોડી ગયો હતો અને બન્ને પક્ષ સામે ફરિયાદ દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે ભાટીયા ગામે સ્ટેશન રોડ પર રહેતા ધરમશીભાઈ મનજીભાઈ નકુમ નામના યુવાનના ઘર પાસે અભીભાઈ મોદી નામનો શખ્સ ગાળો બોલતો હોય જેની ના પાડતા ઉશ્કેરાયેલા અભીભાઈ મોદીએ ધરમશીભાઈ મોદીએ યુવાનના માતા - પિતા અને પત્નીને પણ ગાળો કાઢી પથ્થરનો છુટ્ટો ઘા મારી જી. જે. ૧૦. સી. જી. ૮૬૧૪ નંબરની કારના પાછળનો કાચ તોડી નાંખી રૂ. ૨૦ હજારની નુકસાની પહોંચાડી હતી. આ બનાવ અંગે ધરમશીરભાઈએ અભીભાઈ મોદી, ભરતભાઈ મોદી, મીરાબેન ભરતભાઈ મોદી, કિશાબેન અભીભાઈ મોદી સામે પોતાના પરિવાર સાથે ડખ્ખો કર્યાની ફરિયાદ નોંધાવી છે.

જ્યારે સામાપક્ષે મીરાબેન ભરતભાઈ મોદીએ ધરમશીભાઈ મનજીભાઈ નકુમ , મનજીભાઈ મુરજીભાઈ નકુમ, નીતાબેન ધરમશીભાઈ નકુમ અને હર્ષિત ધરમશીભાઈ નકુમ સામે ફરિયાદ નોંધાવી છે જેમાં મીરાબેનનો દીકરો તેના ઘર પાસે મોબાઈલ ફોનમાં વાત કરતો હોય તેવામાં ધરમશીભાઈ નકુમ તેના ઘરેથી બહાર આવી મીરાબેનના દિકરાને કહેલ કે ' તું કેમ અહી ગાળો બોલે છે ' બાદ તેના ઘરના અન્ય સભ્યો ઘરની બહાર આવ્યા હતા અને ધરમશીભાઈએ પથ્થરનો છુટ્ટો ઘા મારી જી. જે. ૧૨. બી. એફ. ૬૯૯૫ નંબરની કાર પાછળનો કાચ તોડી નાખ્યો હતો અને મારી નાખવાની ધમકી આપી હતી ત્યારે હાલતો કલ્યાણપુર પોલીસે બન્ને પક્ષની સામસામે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## અલિયા ગામના ઉપસરપંચ પર હુમલાના કેસમાં બે આરોપી ઝડપાયા

જામનગર : જામનગર તાલુકાના અલીયા ગામના ઉપસરપંચ અને રેસ્ટોરન્ટ સંચાલક પાર્થ પ્રકાશભાઈ હરિયાણી પર બેઝબોલના ધોકાથી કરાયેલા હુમલાના કેસમાં પોલીસે વધુ તપાસ દરમિયાન બંને આરોપીઓને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે. બંને આરોપીઓને સાથે રાખી અલીયા ગામમાં ઘટનાસ્થળે લઈ જઈ બનાવનું રીકન્સ્ટ્રક્શન (પુનઃનિર્માણ) કરાવવામાં આવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ પૂછપરછ દરમિયાન આરોપીઓએ પોતાના કૃત્ય અંગે પસ્તાવો વ્યક્ત કરી ભવિષ્યમાં આવી ભૂલ નહીં કરવાની વાત પણ કરી હતી. ત્યારબાદ બંને આરોપીઓને અદાલતમાં રજૂ કરવામાં આવતાં કોર્ટે તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી જેલ હવાલે કરવાનો આદેશ કર્યો હતો.



તસવીર: સુનિલ ચુડાસમા

પોલીસ તપાસ મુજબ, તા. ૧૭ જુલાઈના રોજ પાર્થ પ્રકાશભાઈ હરિયાણી અલીયા ગામમાં સમૂહ જમણવારમાં હાજરી આપ્યા બાદ જામનગર પરત ફરી રહ્યા હતા ત્યારે અલીયા ગામની ફાટક નજીક તેમની કાર રોકી હુમલો કરવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે મુખ્ય આરોપી ઈમરાન જુણેજાની ધરપકડ કરી હતી. વધુ તપાસ દરમિયાન અલીયા ગ્રામ પંચાયતના સભ્ય અસલમ ડોસાણીની પણ હુમલામાં સંડોવણી ખુલતાં તેની પણ ધરપકડ કરવામાં આવી હતી.

બંને આરોપીઓને સાથે રાખીને તપાસની પોલીસ અધિકારી પંચકોશી એ ડિવિઝનના પી.આઇ. એમ.એન. શેખ અને તેઓની ટીમે અલીયા ગામની બજાર અને ઘટનાસ્થળે લઈ જઈ સમગ્ર બનાવનું રીકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું,

## જામનગરમાં દારૂના નશામાં પત્નીઓ સાથે ઝઘડો કરનાર બંને પતિઓને પોલીસ હવાલે કર્યા

જામનગર : જામનગર શહેરમાં દારૂના નશામાં પત્નીઓ સાથે ઝઘડો કરનારા બે પતિઓને તેમની પત્નીઓએ જ ૧૧૨ જનરક્ષક સેવામાં ફોન કરીને પોલીસના હવાલે કર્યાની બે અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે.

પ્રથમ બનાવ શહેરના રણજીતસાગર રોડ વિસ્તારમાં રહેતા વનીતાબેન હરીશભાઈ લઢેરીના પતિ હરીશભાઈ જીવાભાઈ લઢેરી દારૂના નશામાં ઘરે આવી તેમની સાથે ગાળો બોલી ઝઘડો કરવા લાગતાં તેમણે ૧૧૨ જનરક્ષક સેવામાં ફોન કરીને પોલીસની મદદ માગી હતી. જનરક્ષક ટીમ સ્થળે પહોંચી હરીશભાઈને સિટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી, જ્યાં તેમની સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

જ્યારે બીજો બનાવમાં શહેરના દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતા ગોમતીબેન દીનેશભાઈ ચૌહાણના પતિ દીનેશભાઈ ચનાભાઈ ચૌહાણ દારૂના નશામાં ઘરે આવી બોલાચાલી અને ઝઘડો કરવા લાગતાં તેમણે પણ ૧૧૨ ઈમરજન્સી સેવા પર ફોન કર્યો હતો. પોલીસ ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી દીનેશભાઈની અટકાયત કરી પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. જ્યાં આરોપી સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ભાડથર નજીક ટ્રક સાથે પેટ્રોલ ટેન્કર અથડાતા ૧૧ કલાક ટ્રાફિકજામ



દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયા પોરબંદર હાઈવે રોડ પર ભાડથર ગામ નજીક મોડી રાત્રે પેટ્રોલ ભરેલ ટેન્કર રોડ વચ્ચે અચાનક પશુ આવી જતાં સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવતા ટ્રક સાથે અથડાઈ રોડ વચ્ચે જ પલટી મારી ગયું હતું. જેના કારણે મોટા પ્રમાણમાં પેટ્રોલ લીકેજ થતાં હાઈવે પર પેટ્રોલ ફેલાઈ ગયું હતું જેના કારણે આસપાસના લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ પોલીસ તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સુરક્ષાના ભાગરૂપે હાઈવે પરનો વાહનવ્યવ્હાર બંધ કરાવ્યો હતો. આ સાથે ફાયર વિભાગની બે ગાડીઓ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પેટ્રોલ લીકેજને કાબૂમાં લેવા તેમજ આગની કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે કામગીરી હાથ ધરી હતી.

પેટ્રોલ લીકેજને કારણે દુર્ઘટનાગ્રસ્ત ટેન્કરને સુરક્ષિત રીતે ખસેડવા ભારે મુશ્કેલી સર્જાતા ખંભાળીયા પોરબંદર હાઈવે કલાકો સુધી સંપૂર્ણપણે બંધ રહેતા બંને તરફ વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. સનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી અને ૧૧ કલાકની જહેમત બાદ પેટ્રોલનું લીકેજ અટકાવી બંને વાહનોને હટાવી લેવામાં આવતા હાઈવે પરનો ટ્રાફીક પૂર્વવત થયો હતો.

## દ્વારકામાં ૧૧ ખાદ્ય પેઢીઓમાં ફૂડ સેફટી તંત્રની તપાસ, ૨૧ કિલો સામગ્રીનો સ્થળ પર નાશ

દ્વારકા : જામનગરનાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા દ્વારકા શહેરમાં ખાદ્ય પેઢીઓની તપાસ હાથ ધરવામાં આવી હતી. નાગરિકો અને યાત્રિકોને સ્વચ્છ તથા ગુણવત્તાયુક્ત ખોરાક મળી રહે તે હેતુથી આ કાર્યવાહી કરાઈ હતી. ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ (FSW) મારફતે કુલ ૧૧ ખાદ્ય પેઢીઓના રસોડા અને ખાદ્ય સામગ્રીની ચકાસણી કરવામાં આવી હતી.





આ તપાસ દરમિયાન, ખાદ્ય પેઢીઓમાં રસોઈ માટે વપરાતા તેલની ગુણવત્તા ચકાસવા માટે નવ TPC (Total Polar Compounds) ટેસ્ટ કરવામાં આવ્યા હતા. ચકાસણીમાં અયોગ્ય જણાયેલું અંદાજે ૨૧ કિલો તેલ સ્થળ પર જ નાશ કરવામાં આવ્યું હતું .આ ઉપરાંત, નિરીક્ષણ દરમિયાન મળી આવેલી અન્ય વાસી ખાદ્ય સામગ્રીનો પણ નાશ કરાવી તેનો ઉપયોગ અટકાવવામાં આવ્યો હતો.

અધિકારીઓએ TPC મીટરની મદદથી રસોઈના તેલનો વારંવાર ઉપયોગ થાય છે કે કેમ અને તેની ગુણવત્તા જળવાઈ છે કે નહીં તેની સ્થળ પર તપાસ કરી હતી. તેમણે રસોડાની સ્વચ્છતા અને ઉપયોગમાં લેવાતી ખાદ્ય સામગ્રીનું પણ નિરીક્ષણ કર્યું હતું.

દ્વારકા એક ધાર્મિક અને પ્રવાસન નગરી હોવાથી, સ્થાનિક નાગરિકો ઉપરાંત મોટી સંખ્યામાં યાત્રિકો ભોજન અને નાસ્તા માટે ખાદ્ય પેઢીઓ પર નિર્ભર રહે છે. લોકોના જાહેર આરોગ્ય અને ખાદ્ય સામગ્રીની ગુણવત્તા જાળવવા માટે આવી નિયમિત તપાસ અત્યંત મહત્વપૂર્ણ છે.